કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-

ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો : ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો

Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૦૪ જૂન, ૨૦૨૬ ગુરૂવાર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

33 વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-: મુકેશભાઈ ગોર :-
90990 79342, 98790 41665
૫ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.

◆અંક નંબર : ૦૧૪ ◆વર્ષ : 33 ◆પાના - ૧૦ ◆મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94 ◆સંવત ૨૦૮૨ ◆જેઠ વદ - ૪ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# દિલ્હી બાદ બિહારમાં અગ્નિતાંડવ

**૧૦ના કરૂણ મોત**

## હોસ્પિટલના ચોથા માળે આવેલા ICUમાં સંભવિત શોર્ટ સર્કિટને કારણે વેન્ટિલેટર અને અન્ય તબીબી ઉપકરણોમાં ધડાકા સાથે આગ લાગી હતી











નવી દીલ્હી : હજી તો ગઈકાલે દિલ્હીની એક હોટેલમાં ગોઝારો અગનખેલ ખેલાયો હતો ત્યાં આજે ફરી બિહારની હોસ્પિટલમાં અગ્નિકાંડ થયો છે. પ્રસાદ હોસ્પિટલના આઈસીયુ વિભાગમાં શોર્ટ સર્કિટને કારણે ફાટી નીકળેલી આગમાં ત્રણેક દર્દીઓના મોત થયા છે અને બીજા ઘણા પેશન્ટ્સની હાલત નાજુક છે.આ અગનખેલ હોસ્પિટલના પાંચમા માળે આવેલા ICU વોર્ડમાં ખેલાયો હતો.આખી જ બિલ્ડિંગમાં ધુમાડો ફેલાઈ જતાં ભારે ચકચાર મચી ગઈ હતી. પ્રાથમિક માહિતી અનુસાર આ અકસ્માતમાં ત્રણેકના મોત થયા છે જ્યારે તે સિવાયના અમુક દર્દીઓ ઘાયલ થયા હોવાનું કહેવાય છે.બનાવની જાણ થતાં જ ફાયરબ્રિગેડનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. ફાયર બ્રિગેડે તાત્કાલિક કાર્યવાહી કરી હોસ્પિટલના વિવિધ વોર્ડમાં અટવાયેલા પેશન્ટ્સને તાત્કાલિક બહાર કાઢવાની કામગીરી હાથ ધરી હતી. રેસ્ક્યૂ ટીમોને ICUમાં ફસાયેલા દર્દીઓને બહાર કાઢવા માટે મુશ્કેલી પડી હતી, કારણ કે આગનો ધુમાડો આખી હોસ્પિટલને વીંટળાઈ વળ્યો હતો. ઘણા પેશન્ટ્સને હોસ્પિટલની બારીઓ

અનુસંધાન પાના નં.૪ પર

# અમેરિકી સંસદે ટ્રમ્પ ઉપરથી 'યુધ્ધનું ભુત' ઉતાર્યુ

## ટ્રમ્પને ફટકો પડયો : પ્રસ્તાવ ડેમોક્રેટિક પાર્ટી લાવી હતી અને રિપબ્લિકન પાર્ટીના કેટલાક સાંસદોએ કર્યુ સમર્થન

**ઈરાન પર હુમલા નહીં કરે અમેરિકા : ઓપેરશન એપિક ફયુરી ખતમ : રૂબિયોનું એલાન**

વોશિંગ્ટન : યુએસ કોંગ્રેસે ઈરાન સામે લશ્કરી કાર્યવાહી અટકાવવા માટે યુદ્ધ સત્તા ઠરાવને મંજૂરી આપી છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને પડકારતા, કેટલાક રિપબ્લિકન કાયદા ઘડનારાઓ ડેમોક્રેટ્સ સાથે જોડાયા છે જેથી ત્રણ મહિનાથી ચાલી રહેલા યુદ્ધનો અંત લાવી શકાય, જેણે દેશ અને વિદેશમાં રાજકારણનો માર્ગ બદલી નાખ્યો છે. યુદ્ધના વધતા વિરોધને પ્રતિબિંબિત કરતા, ગૃહના સ્પીકર માઈક જોન્સને બે અઠવાડિયા પહેલા ગૃહની કાર્યવાહી અચાનક બંધ કરીને આ પરિણામને રોકવાનો પ્રયાસ કર્યો હતો જ્યારે યુદ્ધ સત્તા ઠરાવ પસાર થવાનો હતો. પરંતુ જેમ જેમ સંઘર્ષ લંબાય છે અને ટ્રમ્પ ઝડપી ઉકેલ માટે વાટાઘાટો કરવા માટે સંઘર્ષ કરે છે, તેમ તેમ અસંતોષ વધતો જાય છે.બુધવારે કોંગ્રેસમાં ૨૧૫ થી ૨૦૮ મતથી થયેલા મતદાનથી ગૃહમાં ખુશીનો માહોલ છવાઈ ગયો. ન્યૂ યોર્કના ડેમોક્રેટિક નેતા હકીમ જેફ્રીસે અઠવાડિયાની શરૂઆતમાં કહ્યું હતું કે, આ અવિચારી અને ખર્ચાળ યુદ્ધ આજે સમાપ્ત થવું જોઈએ. આપણને ફક્ત થોડા રિપબ્લિકન કાયદા ઘડનારાઓના સમર્થનની જરૂર છે, અને આપણે આ અવિચારી અને ખર્ચાળ યુદ્ધનો અંત લાવી શકીએ છીએ. એક યુદ્ધ જેણે અમેરિકન

અનુસંધાન પાના નં.૪ પર

# ગુજરાત રાજ્યસભાની ૪ બેઠકો માટે રાજકીય ગતિવિધિ તેજ, ભાજપના ઉમેદવારોના નામોની સાંજે સત્તાવાર જાહેરાતની શક્યતા

ગાંધીનગર : દેશભરમાં રાજ્યસભાની દ્વિવાર્ષિક ચૂંટણીઓનું વાતાવરણ જામ્યું છે, ત્યારે ગુજરાતની ૪ રાજ્યસભા બેઠકો માટેની ચૂંટણી પ્રક્રિયા પણ હવે નિર્ણાયક તબક્કે પહોંચી છે. ચૂંટણી પંચ દ્વારા સત્તાવાર જાહેરનામું બહાર પાડ્યા બાદ રાજકીય પક્ષોમાં ગતિવિધિઓ તેજ બની છે. રાજ્યસભાની આ ૪ બેઠકો પર ભારતીય જનતા પાર્ટીની જીત નિશ્ચિત માનવામાં આવી રહી છે. જેને લઈને ટિકિટ મેળવવા માટે દાવેદારોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. એવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે કે આજ સાંજ સુધીમાં ભાજપ હાઈકમાન્ડ દ્વારા પોતાના ઉમેદવારોના નામોની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવશે, જેનાથી ઉમેદવારોને લઈને ચાલી રહેલા તમામ સસ્પેન્સ પર પૂર્ણવિરામ મુકાઈ જશે. રાજકીય વર્તુળોમાં એવી જોરશોરથી ચર્ચાઓ ચાલી રહી છે કે ભારતીય જનતા પાર્ટી આ વખતે 'નો રિપીટ' થિયરી અપનાવી શકે છે. આનો અર્થ એ થયો કે વર્તમાન સાંસદોમાંથી કોઈને પણ ફરીથી ટિકિટ મળવાની શક્યતા ઓછી છે, અને પાર્ટી નવા ચહેરાઓને તક આપી શકે છે. ગુજરાતમાંથી જે સભ્યોનો કાર્યકાળ પૂર્ણ થઈ રહ્યો છે તેમાં રામભાઈ મોકરિયા, નરહરિ અમીન, શક્તિસિંહ ગોહિલ અને રમીલાબેન બારાનો સમાવેશ થાય છે. જૂન મહિનાના અંત સુધીમાં આ બેઠકો પર નવા પ્રતિનિધિઓ ચૂંટાઈ આવશે, જેની સાથે જ આગામી સમય માટે રાજ્યસભામાં પક્ષોનું ગણિત પણ સ્પષ્ટ થઈ જશે.

# ટેક્સના બોજથી મળશે મુક્તિ! ભારત સરકારે અર્થતંત્રને મજબૂત કરવા માટે લીધું મોટું પગલું

(એજન્સી દ્વારા)

નવી દીલ્હી : ભારત સરકાર દ્વારા આર્થિક મોરચે એક અત્યંત મહત્વપૂર્ણ અને સકારાત્મક નિર્ણય લેવામાં આવ્યો છે. વિદેશી રોકાણને પ્રોત્સાહન આપવા અને વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે ભારતીય અર્થતંત્રને વધુ સુરક્ષિત બનાવવા માટે સરકારે આવકવેરા કાયદામાં ફેરફાર કરવા માટે એક વટહુકમ ને મંજૂરી આપી છે.આ પગલું ખાસ કરીને એવા સમયે લેવામાં આવ્યું છે જ્યારે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષો અને તેના વૈશ્વિક અર્થતંત્ર પરના પ્રભાવોને કારણે શેરબજાર અને રોકાણના માહોલમાં અસ્થિરતા જોવા મળી રહી છે.

વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો માટે મોટી ભેટ સરકારના આ નવા નિર્ણયનો સૌથી મોટો ફાયદો વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો ને થવા જઈ રહ્યો છે. અત્યાર સુધી, વિદેશી રોકાણકારો જ્યારે ભારતીય સરકારી જામીનગીરીઓ માં રોકાણ કરતા હતા, ત્યારે તેમને ટેક્સના બોજ હેઠળ દબાવવું પ ડતું હતું. સરકારે હવે નિર્ણય કર્યો છે કે FPIs દ્વારા કરવામાં આવતા આવા રોકાણો પર લાગતો કેપિટલ ગેઈન્સ ટેક્સ સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવશે.અત્યારની સ્થિતિ મુજબ, વિદેશી રોકાણકારોએ ૧૨ મહિનાથી વધુ સમય સુધી જાળવી રાખેલા બોન્ડ્સ અને લિસ્ટેડ શેરો પર ૧૨.૫ ટકાનો લોંગ-ટર્મ કેપિટલ ગેઈન્સ (ટેક્સ ચૂકવવો પડતો હતો.

# હજુ ક્રૂડ ઓઇલ એટલું મોંઘુ થશે કે... તેલ કંપનીઓની ચેતવણીથી ગભરાટ ફેલાયો!

નવી દીલ્હી : લગભગ બે મહિના પુહેલા, ેજી ઈન્વેસ્ટમેન્ટ બેંક ત્ન મોર્ગને એક વિશ્લેષણ બહાર પાડ્યું હતું, જેમાં પૂછવામાં આવ્યું હતું કે, 'દુનિયાને કામ ચલાવવા માટે જરૂરી એવો ક્રૂડ ઓઈલનો ન્યૂનતમ સ્ટોક ખતમ કરવામાં કેટલો સમય લાગશે?' તેનો સાર એ હતો કે, બજારમાં અબજો બેરલ તેલ હોવા છતાં, જો ઉપલબ્ધ ભંડાર ખૂબ ઓછો થઈ જાય, તો આખી સિસ્ટમ પ ડી ભાંગે.માનવ શરીરમાં બ્લડ પ્રેશરની જેમ, વાસ્તવિક મુદ્દો તેલનો જથ્થો નથી, પરંતુ તેની અંદર ઉમેરાતો જતો જથ્થાનો સતત પ્રવાહનો છે.લગભગ ૪ અઠવાડિયા પછી, બેંકે બીજું વિશ્લેષણ બહાર પાડ્યું, જેમાં જણાવવામાં આવ્યું હતું કે, સપ્ટેમ્બર સુધીમાં હોર્મુઝ સ્ટ્રેટ કેમ ખુલશે... એક યા બીજી રીતે. બેંક અનુસાર, ૨૦૨૬ની શરૂઆતમાં વૈશ્વિક તેલ ભંડાર ૮.૪ અરબ બેરલ હતો, પ રંતુ તેમાંથી માત્ર ૦.૮ અરબ બેરલ જ ઉપયોગી થાય તેવો હતો.ટૂંકમાં કહીએ તો, જો હોર્મુઝ સ્ટ્રેટ બંધ રહે અને ક્રૂડ ઓઈલની માંગ મોંઘવારીના કારણે ઘટીને ૫૫ લાખ બેરલ પ્રતિ દિવસ પર સ્થિર રહે, તો ઁઈઝ્રઠ દેશોમાં (ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કો-ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ) વાણિજ્યિક તેલ ભંડાર જૂન સુધીમાં ગંભીર દબાણ હેઠળ આવી શકે છે.આ પછી, વિશ્વ તેલ ભંડાર સપ્ટેમ્બર સુધીમાં ન્યૂનતમ

અનુસંધાન પાના નં.૪ પર

# દેશની આર્થિક સ્થિતિ અંગે રાહુલ ગાંધીની ગંભીર ચેતવણી

નવી દિલ્હી: કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ દેશની વર્તમાન આર્થિક સ્થિતિ અને ભવિષ્યના પડકારો અંગે ચિંતા વ્યક્ત કરતા એક મોટી ચેતવણી આપી છે. તેમણે આશંકા વ્યક્ત કરી છે કે દેશ આગામી સમયમાં ગંભીર આર્થિક સંકટનો સામનો કરી શકે છે.રાહુલ ગાંધીએ પ ોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે, દેશમાં આર્થિક મોરચે એવી સ્થિતિનું નિર્માણ થઈ શકે છે જે અગાઉ ક્યારેય જોવા મળી નથી. તેમણે દેશની બેરોજગારી, મોંઘવારી અને આર્થિક નીતિઓ પર સવાલ ઉઠાવતા સરકારને ઘેરી હતી. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, જો યોગ્ય સમયે યોગ્ય આર્થિક પ ગલાં લેવામાં નહીં આવે તો દેશના અર્થતંત્ર પર તેની માઠી અસર પડશે, જેનાથી સામાન્ય નાગરિકોના જીવનધોરણ પર નકારાત્મક અસર જોવા મળશે. તેમણે સરકારને ગરીબી અને રોજગારના મુદ્દાઓ પર ગંભીરતાથી કામ કરવા અને દેશની આર્થિક દિશા

અનુસંધાન પાના નં.૪ પર

# યોગેશ 'કાકા'ની અંતિમ વિદાય : ડે.સીએમ હર્ષ સંઘવી-જગદીશ પંચાલે કર્યા અંતિમદર્શન



વડોદરા માંજલપુરના ઝુઝારુ લોકપ્રિય ધારાસભ્ય યોગેશ પટેલ(કાકા)નું નિધન થતા આજરોજ તેઓની અંતિમવિદાય પૂર્વે રાજયના ડે.સીએમ હર્ષ સંઘવી તથા ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ પંચાલે અંતિમ દર્શન કર્યા હતા.

# કુવૈત ડ્રોન હુમલા મામેલે અમેરિકા-ઈરાન વચ્ચે શરૂ થઈ આક્ષેપબાજી

નવી દીલ્હી : મધ્યપૂર્વમાં ચાલી રહેલો તણાવ હવે વધુ ગંભીર બની રહ્યો છે. કુવૈત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર થયેલા એક ભયાનક ડ્રોન હુમલામાં એક ભારતીય નાગરિકનું મોત નીપ જ્યું છે, અને ૬૩ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ઘટના બાદ કુવૈત સરકારે તાત્કાલિક ધોરણે એરસ્પેસ (હવાઈ ક્ષેત્ર) બંધ કરી દીધું છે.કુવૈત સરકાર દ્વારા આ હુમલાનો ભયાનક ઝઝૂફ વીડિયો જાહેર કરવામાં આવ્યો છે. જેમાં એક ડ્રોન જેવી આકૃતિ એરપોર્ટની છત સાથે અથડાતા અને પછી ભયાનક બ્લાસ્ટ થતા સ્પષ્ટ જોઈ શકાય છે. આશ્ચર્યની વાત એ છે કે અમેરિકા અને ઈરાન બંને તેમના શસ્ત્રોથી થયેલ વિનાશ માટે એકબીજા પર દોષારોપણ કરી રહ્યા છે. આ ઘટના બાદ તણાવ વધ્યો છે.આ હુમલા પાછળ કોણ છે તે અંગે અમેરિકા અને ઈરાન બંને એકબીજા પર ગંભીર આરોપ લગાવી રહ્યા છે. અમેરિકાની સેન્ટ્રલ કમાન્ડ દ્વારા ઈરાન પર સીધો આરોપ લગાવતા કહ્યું કે, આ તબાહી માટે સંપૂર્ણપણે ઈરાન જવાબદાર છે.

# 300 જહાજોએ હોર્મુઝમાંથી પસાર થવા માટે પરવાનગી માંગી

**ઈરાનની નવી ટોલ એજન્સીનો દાવો... : જહાજોમાંથી લગભગ ૭૭ ટકા લોકો પર્સિયન ગલ્ફ દ્વારા એશિયા જઈ રહ્યા છે**



તેહરાન : ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાં ટોલ સિસ્ટમ લાગુ કરી છે, અને વિશ્વભરના જહાજો પરમિટ માટે અરજી કરી રહ્યા છે. એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે અત્યાર સુધીમાં 300 થી વધુ જહાજોએ હોર્મુઝ સ્ટ્રેટમાંથી સુરક્ષિત પસાર થવા માટે સંબંધિત ઈરાની અધિકારીઓને અરજી કરી છે. ઈરાની સરકારની નવી ટોલ એજન્સી, આ મહત્વપૂર્ણ માર્ગ પર કાયમી ટોલ સિસ્ટમ સ્થાપિત કરવા માટે કામ કરી રહી છે.ન્યૂ યોર્ક પોસ્ટ અનુસાર, પર્સિયન ગલ્ફ સ્ટ્રેટ ઓથોરિટી એ જણાવ્યું હતું કે હોર્મુઝ સ્ટ્રેટમાંથી સુરક્ષિત પસાર થવા માટે અરજી કરનારા મોટાભાગના જહાજો તેલ ટેક્કર છે. આ જહાજોમાંથી લગભગ ૭૭ ટકા લોકો પર્સિયન

અનુસંધાન પાના નં.૪ પર

**તિકડમ !**
– દેવેન વ્યાસ





# વૈશ્વિક આંચકાઓ વચ્ચે ભારતનો જીડીપી ૬.૩ ટકા રહેશે

નવી દીલ્હી : પશ્ચિમ એશિયામાં સંકટના પગલે વૈશ્વિક અર્થતંત્ર ધીમું પડી રહ્યું હોવાથી ભારતમાં પણ અસર જોવા મળી શકે છે. ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કો ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટના અંદાજ મુજબ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ (૨૦૨૭) દરમિયાન ભારત ૬.૩ ટકા અને ૨૦૨૭-૨૮ (૨૦૨૮)માં ૬.૪ ટકા વૃદ્ધિ દર નોંધાવી શકે છે.ઊભરતા બજારના અર્થતંત્રો પૈકી ચીનનો વૃદ્ધિ દર વર્ષ ૨૦૨૫માં ૫.૦ ટકા હતો, જે વર્ષ ૨૦૨૬માં ઘટીને ૪.૫ ટકા અને ૨૦૨૭માં ૪.૩ ટકા રહેવાનો અંદાજ છે. ચીનમાં એનર્જીની સમસ્યા અને રીઅલ એસ્ટેટમાં ઉથલપ ાથલથી વૃદ્ધિ દર પ્રભાવિત થવાની શક્યતા વ્યક્ત કરાઈ છે. ઁઈઝ્રઠના રિપોર્ટમાં જણાવ્યા મુજબ, વૈશ્વિક અર્થતંત્રના પરિપ્રેક્ષ્યમાં મધ્ય પૂર્વનો સંઘર્ષ મહત્ત્વનું પરિબળ બની રહેશે. અખાતી દેશોમાંથી મળતા ઈંધણ ઉપરાંત મહત્ત્વના કૃષિ અને ઔદ્યોગિક ઉત્પાદનોની કિંમતો ફેબ્રુઆરી મહિના બાદથી વધી છે અને ઉત્પાદન સાથે નિકાસ પ્રવૃત્તિ પણ મંદ થઈ છે. જેના કારણે ફુગાવાને પ્રોત્સાહન મળ્યું છે અને આવક-આર્થિક વૃદ્ધિ પર દબાણ આવ્યું છે. જીડીપી વૃદ્ધિ દરના અંદાજ સુધારીને નીચા કરાયા છે અને ફુગાવામાં પણ વધારાનો અંદાજ વધ્યો છે. રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ જાન્યુઆરી ૨૦૨૫મમાં મનીટરી પોલિસી રેડ ૬.૫ ટકા રાખ્યો હતો, જે ફેબ્રુઆરી ૨૦૨૬માં ૫.૨૫ ટકાના ન્યૂટ્રલ દરે હતો. ધિરાણના દરોમાં નોંધપ ાત્ર ઘટાડો આવ્યો છે. નોન-ફૂડ બેંક ક્રેડિટમાં માર્ચમાં ગત વર્ષની સરખામણીએ ૧૫.૯ ટકા વ્યાપ વધ્યો છે.

# ગુજરાતમાં ચોમાસામાં ઝીરો કેઝ્યુઆલિટીનુ લક્ષ્ય

**સરકારે ઉચ્ચસ્તરીય પ્રિ-મોનસુન બેઠક યોજી : રસ્તા, પુલ સહિતના ક્ષેત્રો ચકાસવા સુચના : NDRF ની ૧૪, SDRF ની ૨૨ ટીમો તૈનાત કરાશે**



ગાંધીનગર : આગામી ચોમાસાની સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા માટે કેન્દ્ર-રાજ્ય સરકારની વિવિધ એજન્સીઓ તથા વિભાગોની પ્રિ-મોનસૂનની ઉચ્ચ-સ્તરીય સમીક્ષા બેઠક યોજાઇ હતી. ગુજરાતમાં વહીવટી-તંત્ર ચોમાસા પૂર્વે 'ઝીરો કેઝ્યુઆલિટી'ના લક્ષ્ય સાથે સજ્જ છે, તેમ મુખ્ય સચિવ એમ. કે. દાસે જણાવ્યું હતું. મુખ્ય સચિવએ રાજ્યમાં ચોમાસાના આગમનની સંભાવનાને ધ્યાને રાખીને તમામ

અનુસંધાન પાના નં.૪ પર


કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

કચ્છ ઉદય

તંત્રી સ્થાનેથી....

**જેઠ વદ - ૪, તા.૪ જૂન, ગુરૂવાર**

# ડી.કે. શિવકુમાર : સંગઠનના શિલ્પીથી સુશાસનની કસોટી સુધી



કર્ણાટકના રાજકારણમાં ડી.કે. શિવકુમાર એક એવું નામ છે, જે વર્ષોથી સંગઠન કૌશલ્ય, રાજકીય વ્યૂહરચના અને સંકટના સમયમાં પાર્ટીને એકજૂટ રાખવાની ક્ષમતા માટે ઓળખાય છે. કોંગ્રેસ માટે તેઓ માત્ર એક નેતા નહીં, પરંતુ મુશ્કેલ પરિસ્થિતિઓમાં ઉકેલ શોધી આપતા “ટ્રબલ શૂટર” તરીકે જાણીતા રહ્યા છે. પક્ષની આંતરિક એકતા જાળવવાથી લઈને ચૂંટણીના નિર્ણાયક તબક્કામાં સંગઠનને મજબૂત બનાવવામાં તેમનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે.પરંતુ રાજકારણમાં સૌથી મોટી કસોટી સત્તા પ્રાપ્ત કરવામાં નહીં, પરંતુ સત્તાનો સફળ ઉપયોગ કરવામાં હોય છે. સંગઠનના નેતા તરીકે સફળતા મેળવ્યા બાદ હવે તેમની સામે શાસન, વિકાસ અને જનઆકાંક્ષાઓને પૂર્ણ કરવાની વધુ મોટી જવાબદારી ઊભી થઈ છે. ચૂંટણી દરમિયાન આપવામાં આવેલા વચનોને વાસ્તવિકતા સાથે જોડીને અમલમાં મૂકવાની પ્રક્રિયા કોઈપણ સરકાર માટે સરળ હોતી નથી.

નવી સરકાર સામેનો સૌથી મોટો પડકાર આર્થિક વ્યવસ્થાપનનો રહેશે. લોકકલ્યાણકારી યોજનાઓ અને ગેરંટી યોજનાઓ માટે મોટા પ્રમાણમાં નાણાકીય સંસાધનોની જરૂરિયાત રહેવાની છે. એક તરફ જનતાને આપેલા વચનો પૂર્ણ કરવા પડશે તો બીજી તરફ રાજ્યની નાણાકીય શિસ્ત અને વિકાસકાર્યો વચ્ચે સંતુલન જાળવવું પડશે. કોઈપણ લોકપ્રિય યોજના ત્યારે જ સફળ ગણાય જ્યારે તે લાંબા ગાળે રાજ્યના વિકાસને અવરોધ્યા વગર જનહિતને આગળ વધારે.કર્ણાટક દેશના સૌથી ઝડપથી વિકસતા રાજ્યોમાંનું એક છે. બેંગલુરુ જેવા વૈશ્વિક ટેક્નોલોજી કેન્દ્રને કારણે રાજ્યને વિશેષ ઓળખ મળી છે. આવી સ્થિતિમાં ઉદ્યોગ, રોકાણ, સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ ગતિ આપવી સરકાર માટે આવશ્યક બનશે. સાથે સાથે કૃષિ ક્ષેત્ર, ગ્રામ્ય વિકાસ અને નાના શહેરોની સમસ્યાઓને પણ સમાન પ્રાથમિકતા આપવી પડશે.સામાજિક અને રાજકીય રીતે પણ કર્ણાટક એક વૈવિધ્યસભર રાજ્ય છે. વિવિધ સમુદાયો, પ્રાદેશિક અપેક્ષાઓ અને સામાજિક સમીકરણો વચ્ચે સંતુલન જાળવવું કોઈપણ નેતૃત્વ માટે પડકારરૂપ હોય છે. સરકારની સફળતા માત્ર વિકાસના આંકડાઓથી નહીં, પરંતુ સમાજના દરેક વર્ગ સુધી વિકાસના લાભ પહોંચે છે કે નહીં તેનાથી પણ માપવામાં આવશે.

ડી.કે. શિવકુમારે અત્યાર સુધી સંગઠનના મજબૂત નેતા તરીકે પોતાની ઓળખ ઉભી કરી છે. હવે સમય તેમને એક સફળ પ્રશાસક અને વિકાસલક્ષી નેતા તરીકે સાબિત કરવાનો છે. રાજકારણમાં લોકપ્રિયતા મહત્વની છે, પરંતુ જનવિશ્વાસ જાળવી રાખવા માટે પરિણામો આપવું વધુ મહત્વનું છે. કર્ણાટકની જનતા હવે વચનો નહીં, પરંતુ તેના અમલની રાહ જોઈ રહી છે. આગામી સમય એ નક્કી કરશે કે સંગઠનના શિલ્પી તરીકે જાણીતા ડી.કે. શિવકુમાર સુશાસનના ક્ષેત્રમાં પણ એટલી જ મજબૂત છાપ છોડી શકે છે કે નહીં.

# બિલ્ડરોની સમસ્યા ન ઉકેલાય તો 30 જૂનથી મિલકતના ભાવમાં ૨૦ ટકાનો વધારો થવાની ભીતિ

**બાંધકામના મજૂરોને ચૂકવાતા નાણાં પરનો જીએસટી સરકાર ઘટાડે : ટીપી સ્કીમમાં કરાતી ૪૦ ટકાની કપાત ઘટાડી આપવા અને એફએસઆઈ વધારવા કચ્છ સહિત રાજ્યભરના બિલ્ડરોની ઉગ્ર માંગ**

ભુજ - કચ્છઉદય : સરકારી અધિકારીઓની બેવડી નીતિ અને ટીપી સ્કીમો જાહેર કરવામાં થતા અસહ્ય વિલંબના કારણે સમગ્ર બાંધકામ ક્ષેત્ર મુશ્કેલીમાં મુકાયું છે ત્યારે ભારતના જીડીપીમાં સાડા સાત ટકાનો મહત્વનો ફાળો આપતા આ ઉદ્યોગની વર્તમાન સમસ્યાઓનું જો સત્વરે નિરાકરણ લાવવામાં નહીં આવે તો આગામી ૩૦મી જૂનથી દરેક કેટેગરીના બાંધકામની કિંમતોમાં ૨૦ ટકાનો જંગી વધારો કરવાની ફરજ પડશે. અમદાવાદ સહિત સમગ્ર રાજ્ય અને ખાસ કરીને વિકાસના પંથે દોડી રહેલા કચ્છ જિલ્લામાં પણ આ આર્થિક બોજ સામાન્ય નાગરિકો પર આવી પડશે. આ પરિસ્થિતિને કારણે અત્યારે લોહી-પાણી એક કરી કરેલી બચત પછી પણ ફ્લેટ કે મકાન ખરીદી શકનારા મધ્યમ વર્ગના લોકો માટે પોતાનું ઘર લેવું અત્યંત કઠિન બની જશે. જો આ સ્થિતિ વણસશે તો આવનારા વર્ષોમાં લોકોએ ૪૦ થી ૪૫ વર્ષની બચત પછી જ મધ્યમ વર્ગના લોકો ઘર ખરીદી શકશે. આ ગંભીર સ્થિતિ ન સર્જાય તે માટે સરકારે બાંધકામ ઉદ્યોગની વર્તમાન સમસ્યાઓનો સત્વરે ઉકેલ લાવવો જોઈએ, તેવી આજે નારડેકોના સભાસદ બિલ્ડરો અને હોદ્દેદારોએ ઉગ્ર માંગણી કરી છે. આ વૈશ્વિક અને સ્થાનિક સમસ્યાઓ વચ્ચે બિલ્ડરોને એક થવા માટે નારડેકો દ્વારા ખાસ આહ્વાન કરવામાં આવ્યું છે.

વૈશ્વિક સ્તરે અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધની સ્થિતિના કારણે બાંધકામ ઉદ્યોગ સાથે સંકળાયેલી તમામ ચીજવસ્તુઓ જેવી કે એલ્યુમિનિયમ, સ્ટીલ, સિમેન્ટ અને ગ્લાસ સહિતની સામગ્રીના ભાવમાં ૨૦ ટકાથી માંડીને ૪૦ ટકા જેટલો તોતિંગ વધારો થઈ ગયો છે. કાચા માલના આ આસમાને આંબતા ભાવોના કારણે બિલ્ડરો પાસે મિલકતના વેચાણ ભાવ વધારવા સિવાય અન્ય કોઈ જ ચારો રહ્યો નથી. આ જ કારણોસર અત્યારે બાંધકામ માટેના ચાલુ પ્રોજેક્ટ વાયેબલ ન રહ્યા હોવાથી તેમને માટે પ્રોજેક્ટ આગળ ધપાવવા અત્યંત કઠિન બની ગયા છે. કચ્છ જિલ્લામાં પણ અનેક ચાલુ પ્રોજેક્ટ્સ પર આ મોંઘવારીની સીધી અસર પડી છે અને બાંધકામની ગતિ ધીમી પડી છે. બિલ્ડરોની મુખ્ય માંગણીઓ એ છે કે બાંધકામ ઉદ્યોગના શ્રમિકોને કરવામાં આવતી ચૂકવણી પર લેવામાં આવતો ૧૮ ટકાનો સર્વિસ ટેક્સ કે જીએસટી કાં તો પછી શૂન્ય ટકા કરી દેવો જોઈએ. સરકારે લેબર સેસના એકત્રિત કરેલા રૂપિયા ૬૭૦૦ કરોડમાંથી હજી ૫૦૦ કરોડ પણ વાપર્યા નથી, આથી આ પૈસા ન વપરાય ત્યાં સુધી લેબર સેસ લેવાનું તાકીદે બાકી રાખવું જોઈએ.

આ ઉપરાંત બીજી મહત્વની માંગણી એ છે કે ટી.પી. સ્કીમ જાહેર કરવામાં દસ દસ વર્ષનો કરાતો અસહ્ય વિલંબ હવે ન થવો જોઈએ. તેમજ ટીપી સ્કીમમાં કરવામાં આવતી જમીનની કપાત ૪૦ ટકાથી ઘટાડીને તાત્કાલિક ૧૦ ટકા કરી દેવી જોઈએ. નાના શહેરોમાં અને ખાસ કરીને ભુજ, ગાંધીધામ કે અંજાર જેવા કચ્છના ઝડપથી વિકસતા શહેરી વિસ્તારોમાં ૨૦ ટકા કપાતનો નિયમ હતો તે પણ બદલીને ૪૦ ટકા કરી દેવાનો નિર્ણય લેવાયો છે જે તદ્દન અનુચિત છે. મંદીનો સમય હોય ત્યારે કપાતની ટકાવારી ઘટાડીને ૧૦ ટકા કરી દેવી જોઈએ. આ તમામ સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે દરેક બિલ્ડરોએ એકજૂથ થવું પડશે, કારણ કે તેના સિવાય કોઈ વિકલ્પ નથી. એક કે બે જણની રજૂઆતથી દહાડો વળવાનો નથી, સામૂહિક રજૂઆત જ સરકાર પર યોગ્ય દબાણ ઊભું કરી શકશે.

વધુમાં અત્યારે આપવામાં આવતી ૨.૭ની એફએસઆઈ વધારીને ૪ની કરી આપવી જોઈએ. બિલ્ડર કે પ્રોજેક્ટ ડેવલપરને આપવામાં આવતી એફએસઆઈ છેલ્લે ૧.૨ થી ૧.૮ની જ થઈ જાય છે. આ બધામાં જો સરકાર ઉત્સુકતા દાખવશે તો જ મિલકતના ભાવ વધતા અટકાવી શકાશે. સત્તાધિકારીઓ એફએસઆઈ ઓછી આપવા માટે એવું બહાનું આગળ ધરે છે કે ત્યાં માળખાકીય સુવિધા પૂરી નથી, પરંતુ માળખાકીય સુવિધા ન હોવા છતાં પેઈડ એફએસઆઈ આપવામાં તેમને કોઈ જ છોછ નડતો નથી. અધિકારીઓની આ બેવડા ધોરણો વાળી નીતિ તાત્કાલિક બંધ કરી દેવી જોઈએ. બીજી તરફ ડેવલપમેન્ટ પ્લાન જાહેર કરવામાં પણ બહુ જ વિલંબ કરવામાં આવી રહ્યો છે, જેનાથી સમગ્ર બાંધકામ ક્ષેત્ર મરણતોલ સ્થિતિમાં મૂકાયું છે.

## ભુજના રઘુવંશીનગરમાં થયેલી મારામારીમાં વળતી ફરિયાદ

ભુજ - કચ્છ ઉદય : શહેરના રઘુવંશીનગરમાં અકસ્માત બાબતેના ઝઘડામાં મારામારી થઈ હતી. જેમાં હવે વળતી ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ફરિયાદી બળવંત ઉર્ફે કાનો લધાભાઈ રબારીના જણાવ્યા પ્રમાણે આરોપી અશોક મારાજ, માહિર, યુગ મારાજ, રણજીતસિંહ, દિલીપસિંહ, શક્તિસિંહ વગેરે ભેગા મળી અકસ્માત બાબતેના ઝઘડાનું મનદુઃખ રાખી લાકડી - ધોકા વડે મારામારી કરી ઈજા પહોંચાડી જેથી બી-ડિવિઝનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

## કચ્છ-મોરબી હાઈવે પર કાર અકસ્માતમાં એક જ પરિવારના આઠને ઈજા

ભુજ - કચ્છઉદય : કચ્છ - મોરબી નેશનલ હાઈવે પર હરીપર ગામના પાટિયા નજીક એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં પૂરઝડપે આવી રહેલી એક કારના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર રોડ વચ્ચેનું ડિવાઈડર કૂદીને સામેની સાઈડમાં ઘૂસી ગઈ હતી અને સામેથી આવી રહેલી અર્ટીગા કાર સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ પ્રચંડ અકસ્માતમાં અર્ટીગા કારમાં સવાર એક જ પરિવારના આઠ સભ્યોને નાની-મોટી અને ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પોલીસ ચોપડે નોંધાયેલી વિગત મુજબ, નયનભાઈ નાનાલાલભાઈ ઠક્કર પોતાના પરિવાર સાથે અર્ટીગા કાર નંબર જીજે ૧૨ સીટી ૯૪૩૨ લઈને જઈ રહ્યા હતા, ત્યારે દેવ સોલ્ટ તરફથી આવી રહેલી જીજે ૧૨ એફબી ૯૬૬૬ નંબરની કાર ડિવાઈડર કૂદીને તેમની કાર સાથે ટકરાઈ હતી. ઈજાગ્રસ્તોમાં નયનભાઈ, ભાવેશભાઈ અને હેતલબેનને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં ટાંકા આવ્યા છે, જ્યારે હેતલબેનને કરોડરજ્જુ અને ફેફસામાં ગંભીર ઈજા પહોંચી છે. આ ઉપરાંત પરિવારના અન્ય સભ્યો પ્રાંચીબેન, પંચીબેન, વૈશાલીબેન, નિશીતાબેન અને સોનાક્ષીને પણ ફ્રેક્ચર અને મૂઢ માર જેવી નાની-મોટી ઈજાઓ થતાં હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે. આ સમગ્ર મામલે માળિયા મિયાણા પોલીસે ગુનો નોંધીને કાયદેસરની વધુ તપાસ હાથ ધરી છે.

## ભચાઉ પોલીસ સ્ટેશનના ૩૪ ગુનાઓમાં પકડાયેલ ૩.૦૩ કરોડના દારૂનો નાશ



ભચાઉ - કચ્છઉદય : ભચાઉ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનના અલગ-અલગ ૩૪ ગુનાઓમાં કબ્જે કરાયેલ ભારતીય બનાવટના વિદેશી દારૂનો કાયદેસર રીતે નાશ કરવામાં આવ્યો હતો. બોર્ડર રેન્જના પોલીસ મહાનીરીક્ષક ચિરાગ કોરડિયા અને પૂર્વ કચ્છ એસપી સાગર બાગમારની સૂચના અનુસાર કાર્યવાહી હાથ ધરાઈ હતી. ભચાઉ કોર્ટની મંજૂરી અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની હાજરીમાં ગણેશટીંબા વિસ્તારના ખુલ્લા મેદાનમાં રોડ રોલર ફેરવી દારૂનો નાશ કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન કુલ ૨૧,૭૪૯ વિદેશી દારૂની બોટલો, ૫,૨૩૧ ક્વાર્ટરિયા અને ૭૩૫ બિયર ટીન સહિત અંદાજે ૩.૦૩ કરોડથી વધુના મુદ્દામાલનો નાશ કરવામાં આવ્યો હતો. આ કામગીરીમાં સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જે.આર. ગોહેલ, નાયબ પોલીસ અધિક્ષક સાગર સાંબડા, નશાબંધી અને આબકારી વિભાગના અધિકારીઓ તેમજ ભચાઉ પોલીસ સ્ટાફ હાજર રહ્યો હતો.

## વજેપર જીરૂ ચોરીનો ભેદ ઉકેલાયોઃ રાપર પોલીસે બે આરોપીઓને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા





રાપર - કચ્છઉદય : તાલુકાના વજેપર ગામમાં ગોડાઉનમાંથી ૧૮ બોરી (૧૦૮૦ કિલો) જીરૂની ચોરીના ગુનાનો રાપર પોલીસે ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલી બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. તા. ૨૮/૦૫/૨૦૨૬ના રોજ વજેપર ગામે થયેલી આશરે ૨.૦૧ લાખની જીરૂ ચોરી અંગે રાપર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડિયા, પૂર્વ કચ્છ એસપી સાગર બાગમાર અને નાયબ પોલીસ અધિક્ષક સાગર સાંબડાના માર્ગદર્શન હેઠળ તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસ ઈન્સ્પેક્ટર આર.એલ. ખટાણા અને તેમની ટીમે હ્યુમન સોર્સ તથા ટેકનિકલ એનાલિસિસના આધારે તપાસ કરતા આરોપી દિલીપ રમેશભાઈ કોલી (વજેપર) અને હિતેશ નારણભાઈ કોલી (નવા ત્રમ્બો)ને ઝડપી પાડ્યા હતા. આરોપીઓ પાસેથી ૨૫૦ કિલો જીરૂ, ૮૦,૦૦૦ રોકડા તથા એક પલ્સર મોટરસાયકલ સહિત કુલ ૧.૮૬ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. બંને આરોપીઓ સામે વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## પતિવ્રતાની શક્તિ

**અધિકમાસનું કથામૃત**
**કનકચંદ્ર સી વ્યાસ**
**દેવેન કે.વ્યાસ**

પતિવ્રતા સ્ત્રીમાં એક અલૌકીક શક્તિનો સંચાર થાય છે. આપણા ધર્મમાં પતિવ્રતાનો ખૂબ જ મહિમા ગવાયો છે. પૂર્વે આવી જ એક પતિવ્રતા સ્ત્રીએ પોતાના પતિવ્રત કર્મના પાલનની શક્તિ વડે એક તપસ્વી સાધુનું અભિમાન ઉતાર્યું હતું. કૌશીક નામનો એક સન્યાસી હતો. તે એક વડના ઝાડ તળે ઉગ્ર તપ કરતો હતો. તેનું આ તપ ચાલી રહ્યું હતું. તે દરમ્યાન તે વડના ઝાડ ઉપર એક પક્ષી બેઠું હતું તે ચરક્યું એટલે તેનું ચરક સીધું આ કૌશીક નામના તપસ્વી સન્યાસી ઉપર પડ્યું. આમ, અચાનક જ પોતા ઉપર પક્ષીનું ચરક પડવાથી તે ગુસ્સે ભરાયો તેથી તેને ભયંકર ક્રોધ આવ્યો અને ક્રોધયુક્ત દ્રષ્ટી વડે તે પક્ષીને તેણે જોયું. તેથી તે પક્ષી બળીને ભષ્મ થઇ ગયું. આ ઘટના જોઇને તેને પોતાના તપનું અભિમાન ઉત્પન્ન થયું. ત્યાર પછી તે કૌશીક નામનો સન્યાસી પોતના એક ગામમાં ભીક્ષા માંગવા માટે ગયો. ફરતો ફરતો તે એક ઘર પાસે આવ્યો અને કહ્યું, “હે સંન્નારી, મને ભીક્ષા આપોને...” એટલે એ ઘરમાંથી ગૃહિણીએ જવાબ આપ્યો, “એ જરા ઊભા રહે જો...મહારાજ હું જરા વાસણ સાફ કરી રહી છું તે હાથ ધોઇ હમણા આવી...” આ પ્રમાણે જવાબ મળ્યો એટલે સંન્યાસી તેના દ્વાર પર ઊભો રહ્યો. તે દરમ્યાન એ ગૃહિણીનો પતિ ઘેર જમવા આવ્યો. એટલે ગૃહિણીએ તેને પગ ધોવા માટે પાણી આપ્યું પછી બેસવા માટે આસન આપ્યું અને પછી તેને જમવા માટે થાળી પીરસી તેમાં થોડો સમય વ્યતિત થઇ ગયો. ભૂખ્યો તરસ્યો એવો કૌશીક નામનો સંન્યાસી ગૃહિણી ન આવતા ખૂબ જ ક્રોધે ભરાયો અને ફરી એકવાર ભીક્ષા માંગવા માટે બૂમ પાડી, “ભીક્ષામ્ દેહિ..” ત્યારે તે પતિવ્રતા સ્ત્રીને યાદ આવ્યું કે બારણે સંન્યાસી પધાર્યા છે અને હું મારા પતિદેવની સેવામાં તેને સાવ વિસરી જ ગઇ એટલે તરત જ તે ભીક્ષામાં આપવાનીવસ્તુઓલઇનેકૌશીકનામનાએસંન્યાસીનેભીક્ષાઆપવાબારણે આવી. એટલે ગુસ્સે ભરાયા એવા એ કૌશીક મહાત્માએ ક્રોધયુક્ત નજર તે ગૃહિણી પર નાખી. ત્યારે તે ગૃહિણી બોલી ઉઠી કે, “ હું કોઇ વનમાં વડ ઉપર બેઠેલું પક્ષી નથી કે તમે ક્રોધયુક્ત દ્રષ્ટિ મારા ઉપર ફેકો એથી હું બળી જાઉં !! ‘ કહી અને મહાત્માજીને ભીક્ષા આપી. આ સાંભળીને મહાત્માજી ખળભળી ઉઠ્યા અને સાથે સાથે આશ્ચર્યમાં પડી ગયા કે, જંગલમાં બનેલી આ ઘટનાની ઘરમાં બેઠેલી આ ગૃહિણીને કેમ ખબર પડી ગઈ ? તેથી તેણે એ વિષે જાણવા માટે એને પૂછ્યું કે, “ હે દેવી, જંગલમાં બનેલી એ ઘટનાની તમને અહી બેઠા બેઠા કઇ રીતે ખબર પડી ગઇ ? તમે શું કોઇ એવી વિદ્યા જાણો છો ? ” તમારે એ જાણવું હોય તો મિથિલા નગરીમાં જાવ ત્યાં ધર્મોવ્યાધ રહે છે તેની પાસે તમે જશો એટલે તમારા એ પ્રશ્નનો તમને જવાબ મળી જશે.”

ગૃહિણીએ શાંતિથી જવાબ આપ્યો. તેનો જવાબ સાંભળીને મહાત્મા કૌશીક તો ત્યાંથી રવાના થયા. તેમણે મનોમન નક્કી જ કરી લીધું કે, આ ઘટનાનું રહસ્ય તો જાણવું જ છે ભલેને ગમે તે થાય. તે દિવસે પોતાનો ભોજન વગેરે પતાવી અને આરામ કર્યો. બીજે દિવસે મહાત્મા કૌશીક તો ધર્મવ્યાઘને મળવા મિથિલા નગરી તરફ રવાના થયા. જ્યારે મિથિલા નગરી પહોંચ્યા ત્યારે ત્યાં તપાસ કરી કે, “ ધર્મવ્યાઘ્ર ક્યાં મળશે ? ” ત્યારે કોઇએ તેને બતાવ્યું કે, “ એ તો તમને કસાઈ વાડામાં મળશે ” એમ કહી કસાઇ વાડાનો માર્ગ બતાવ્યો . એટલે તે મહાત્મા કૌશીક બતાવ્યા પ્રમાણે કસાઇ વાડામાં પહોંચ્યા. ત્યાં તેમણે પૂછ્યું , “ ધર્મવ્યાઘ્ર ક્યાં મળશે ? ” તેથી કોઇએ તેને બતાવ્યું કે, “ સામે જે માંસ વહેંચે છે અને જેની પાસે ભારે ઘરાકી જામી છે તે જ ધર્મવ્યાઘ્ર છે ” તેની પાસે ખૂબ જ ગીરદી હતી તે જોઇ અને મહાત્મા કૌશીક દૂર જઇને બેઠા. તેને થયું કે, ધર્મવ્યાઘ્ર ધંધામાંથી નિવૃત્ત થાય પછી તેને મળવું તે કંઇક વિચારમાં હતા ત્યાં જ અચાનક ધર્મોવ્યાઘ્ર તેની પાસે આવ્યો અને તેને પગે લાગીને કહ્યું, “ હે મહાત્માજી, તમે મને મળવા આવ્યા છો અને મને કામમાં થોડું મોડું થયું તે બદલ હું તમારી ક્ષમા માંગુ છું અને હું એ પણ જાણું છું કે, તમને પતિવ્રતા નારી શોભનાએ મોકલ્યા છે.” ધર્મવ્યાઘ્રની વાત સાંભળીને મહાત્મા કૌશીક ફરી એકવાર આશ્ચર્યમાં ઘરકાવ થઇ ગયા. પછી વધુમાં તે ધર્મવ્યાઘ્રએ કહ્યું, “આ સ્થાન તમારા જેવા પવિત્ર જીવ માટે લાયક નથી. અહિં ચોતરફ વિવિધ પશુઓના માંસના ઢગલા પડ્યા છે માટે મારે તમને વહેલી તકે આ વાતાવરણથી દૂર લઇ જવા જોઇએ. હવે તમે ચાલો આપણે મારે ઘેર જઇએ પછી બાકી બધી વાતો કરશું.”

એ પ્રમાણે વાત થતાં મહાત્મા કૌશીક ઊભા થયા અને બન્ને ચાલી રવાના થયા. જ્યારે ધર્માવ્યાઘને ઘેર પહોંચ્યા ત્યારે ધર્માવ્યાઘ્રએ કહ્યું, “ મહાત્માર્નું , આપ થોડી વાર બેસો પહેલા હું મારા માતાપિતાની સેવા કરી લઉ ત્યાર બાદ તમારા પ્રશ્નનો ઉત્તર આપીશ. એમ કહી ધર્માવ્યાઘ્ર પોતાના માતાપિતાની સેવામાં લાગી ગયો. વૃદ્ધ એવા એના માતાપિતા સતત ધર્માને આર્શિવચન કહી રહ્યાં હતા. ધર્માએ તેને આસન આપી બેસાડ્યા. પીવા પાણી આપ્યું અને ભોજન પીરસ્યું. જ્યારે તેના માતાપિતા બન્નેએ જમી લીધું એટલે તેમને પથારીમાં સુવડાવ્યા.

પછી તે મહાત્મા કૌશીક પાસે આવ્યો અને પોતાની વાત શરૂ કરતાં કહ્યું, “હે મહારાજ, આ જ આપ મારા મહેમાન થયા છો હવે તમને સૌ પ્રથમ પહેલી ગૃહિણી વિશે કહું તો એ સંન્નારીનું નામ શોભના છે. તે નિયમ મુજબ પોતાના પતિને દેવ માને છે અને બધા દેવોની પહેલા તે પોતાના પતિદેવની સેવા કરીને ગૃહસ્થીધર્મ બજાવી રહી છે. તેણે ક્રોધ અને મોહ જેવા શત્રુઓને જીત્યા છે. તે ધર્મપરાયણ, સંયમી, સાદું, સ્વાધ્યાયનિષ્ઠ અને પવિત્ર જીવન જીવે છે. અને પોતાના ધર્મને સારી રીતે સમજે છે.

આમ, ગૃહસ્થીજીવનની મર્યાદામાં રહી સત્યનિષ્ઠ એવી તે સતી સ્ત્રીના સતત્ત્વને કારણે અને તપોબળને લીધે તમે તેના ઉપર ક્રોધયુક્ત દ્રષ્ટિ કરી હોય તેને કશું જ ન થયું અને તેને તેના તપોબળના ફળ રૂપે ત્રિકાળનું જ્ઞાન પ્રાપ્ત થયું છે.” કહેતા ધર્મવ્યાઘ્રએ આગળ વધાર્યું, હવે હું તમને મારી વાત કરું. આમ તો, પોતાના વખાણ સ્વમુખે ન ગવાય પરંતુ આજે મારે તે કહેવાની ફરજ પડી છે તેથી કહી રહ્યો છું. “હે મહાત્મા, મને મારા માટે નિર્માણ થયું છે તે કસાઇ તરીકેનું કર્મ કરું છું અને બીજાઓએ મારેલા એવા પશુઓનું માંસ વહેંચું છું કે મારું કર્મ હોઇ મારે કરવું પડે છે. પરંતુ હું પોતે માંસ ખાતો નથી સૌ પ્રથમ મારા માતાપિતા કે અતિથિ હોય તો તેને જમાડી અને તેમાંથી વધેલું ભોજન જ જમું છું. કોઇની નિંદા હું કરતો નથી. ઋતુકાળે જ હું મારી સ્ત્રીનું ગમન કરું છું. દિવસે હું સદાને માટે ઉપવાસ રાખું છું અને એક સમયે એટલે કે, રાત્રે જ ભોજન કરું છું. અનીતિથી કોઇનું ધન લેતો નથી.

આમ, હું પણ એક નિષ્ઠ અને નિયમ મુજબનું જીવન જીવું છું તેના પરિણામ રૂપ મને ત્રણેકાળનું જ્ઞાન પ્રાપ્ત થયું છે. મારાથી તમને કંઇ વધુ કહેવાયું હોય તો ક્ષમા કરજો. પરંતુ તમે ભલે તપ ઘણું આકરું કર્યું છે પરંતુ એક માત્ર ક્રોધના કારણે તમારૂં તપોબળ નબળું પડી જાય છે. પરમકૃપાળુ પરમાત્માની આપણા ઉપર કૃપા થાય તો આપણે કોઇનું કલ્યાણ કરવું જોઇએ કોઇને નુક્સાન પહોંચાડવા કે બાળીને ભષ્મ કરવામાં આપણી શક્તિનો દૂરૂપયોગ કરવું એ પાપના પોટલા બાંધવા જેવું કર્મ છે. વળી, તમે તો પવિત્ર બ્રાહ્મણ છો તમારા જેવા બ્રહ્મદેવ તો સમાજનું કલ્યાણ ઈચ્છે અને કલ્યાણ કરે. બ્રાહ્મણ ક્યારેય સ્વમમાં પણ કોઇનું ખરાબ ન જ ઈચ્છે માટે વધુ તો કંઇ ન કહેતા હું અહિ અટકું છું. મને લાગે છે કે, તમને તમારા પ્રશ્નનો ઉત્તરમળી ગયો છે અને તમારી શંકાનું સમાધાન પણ થઇ ગયું છે. ત્યારે કૌશીક નામના મહાત્મા તે ધર્માવ્યાઘને નમી પડ્યા અને કહ્યુ, “ધન્ય છે, સતી નારી શોભનાને અને ધન્ય છે ધર્માવ્યાઘ્ર એવા તમને કે જેમણે સંસારમાં રહી અને ગૃહસ્થાશ્રમની ફરજો બજાવી અને ત્રિકાળ જ્ઞાન પ્રાપ્ત કર્યું.” ધર્માવ્યાઘ્રએ મહાત્મા કૌશીકને ઉદેશીને વધુમાં કહ્યું કે, “હે મહાત્મા હજુ મારે તમને એક વાત કહેવાની રહી જાય છે. જો તે હું તમને ન કહું તો હું મારું ધર્મ ચૂક્યો છું એમ ગણાશે. તમારા માતાપિતા જ્યારથી તમે વનમાં તપ કરવા ગયા છો ત્યારથી તે તમારા વિના ઝુરે છે. તે હાલમાં અત્યંત દુઃખી હાલતમાં છે તેમને જાત જાતના કષ્ટો છે. માટે તમારી સૌ પ્રથમ ફરજ એ બને છે કે, તમે ઘેર જાઓ અને દિનદુઃખીયા એવા તમારા માતાપિતાના તમે આધાર છો તેથી તમારી એક પુત્ર તરીકેની જે ફરજો બને છે તે ફરજો બજાવીને સંસારમાં ભગવદ્ સ્મરણ કરશો તો તમે કરેલું તપ દીપી ઉઠશે. ” ધર્મવ્યાઘ્રના આ વચનો સાંભળીને બ્રાહ્મણ પુત્ર એવા કૌશીકને સત્યનું જ્ઞાન થતાં હર્ષ પામ્યા અને પોતાને ઘેર જઇ અને માતાપિતાની સેવા કરી અને તેમનું ઋણ અદા કરવા તત્પર થયો.

**આજનું ભજન**

ભક્તોનો જીવનસાર; “આશરો શ્યામ તણો’
એના જીવનનો આધાર, ‘આશરો શ્યામ તણોહ્ન
સારું-ખોટું, સુખ-દુઃખમાં; “આશરો શ્યામ તણો’
સૌ ખંખેરી ખસી જાતો... (૨)
કરતો ઉંચા હાથ, “આશરો શ્યામ તણો’
કેડ કસીને ભજન કરવું, એને દહાડો રાત રાત રે,
બાકીના જે કામ બધાયે.....(૨)
કરશે દિનાનાથ, ‘આશરો શ્યામ તણો
રહે સંસાર, સૌ સંગાથે તો યે પરનો પર રે,
આભ તૂટે, દાવાનળ સળગે...(૨)
દિલમાં નહિં છે ડર આશરો શ્યામ તણોહ્ન
‘ભય’ શબ્દ તો ભુંસાઈ જતો, એના ‘શબ્દકોશહ્ન રે
‘પુનીત હ્ન ભક્તોના જીવનમાં...(૨)
સદાય છે સંતોષ, ‘આશરો શ્યામ તણોહ્ન

સંકલન : શ્રીમતી રમણતારા કે. વ્યાસ

## નિવૃત્ત કર્મચારીઓ દ્વારા ભુજ સુધરાઈના પ્રમુખ અને કારોબારી ચેરમેનનું સન્માન કરાયું





ભુજ - કચ્છઉદય : નગરપાલિકાના નવનિયુક્ત પ્રમુખ શીતલ શાહ અને કારોબારી ચેરમેન કમલ ગઢવીનો સુધરાઈના નિવૃત્ત કર્મચારીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. નિવૃત્ત સ્ટાફે ભવિષ્યમાં પણ શહેરના હિતમાં જ્યારે જરૂર પડે ત્યારે તત્પરતાથી સેવા આપવાની ઊમદા તૈયારી દર્શાવી હતી. ભુજના વિકાસની નવી કમાન સંભાળનારા પ્રમુખ શીતલ શાહ અને કારોબારી ચેરમેન કમલ ગઢવીને આવકારવા માટે નગરપાલિકાના નિવૃત્ત કર્મચારીઓ એકત્રિત થયા હતા. નિવૃત્ત હેડ ક્લાર્ક હિતેન્દ્રસિંહ જાડેજા, અખિલ ભારતીય સફાઈ મજદૂર સંઘના પ્રમુખ રાજેશ વાઘેલા અને મંત્રી હરીશ મીઠુંએ સન્માન કર્યું હતું. નિવૃત્ત સ્ટાફે જણાવ્યું હતું કે, વયનિવૃત્તિ છતાં પાલિકાને જ્યારે પણ તેમના અનુભવ અને સેવાની જરૂર પડશે, ત્યારે તેઓ ખડેપગે સેવા આપવા તૈયાર રહેશે. આ પ્રસંગે ફરજ પરના કર્મચારીઓ દાઉદ મમણ, ભીમરાજ સુખલાલ, પ્રવીણ માતા અને દાઉદ કુંભાર સહિતના સ્ટાફે હાજર રહ્યા હતા.

## ભુજના મોટાપીર ચોકડી પાસે યુવકને છરી બતાવી રૂપિયા પડાવાયા

ભુજ - કચ્છ ઉદય : શહેરમાં મોટાપીર ચોકડી પાસે પસાર થતા યુવકને છરી બતાવીને ઊભો રખાવી રૂપિયા પડાવી લેવાતા મામલો પોલીસ દફતરે ચડ્યો હતો. આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ ફરિયાદી ઈદ્રીસ અબ્દુલ સમેજાએ જણાવ્યું કે, તેમનો દીકરો અને તેનો મિત્ર મોપેડ લઈને જતા હતા ત્યારે આરોપી સંજોગનગરના સાહિલ દાઉદ અજડિયા અને યોગેશ્વર નગરના ઈરફાન નુરમામદ અજડિયા કાર લઈને મોટાપીર ચોકડી પાસે ઊભા હતા. તેમણે યુવકની મોપેડ ઊભી રખાવી છરી બતાવી ગાળો આપી પૈસાની માંગણી કરી હતી. આરોપીઓએ ફરિયાદીના દીકરા અને તેના પરિવારને જીવતા નહીં મૂકીએ તેવી ધમકી આપી ફરિયાદીના દીકરાના ખિસ્સામાં રહેલા રોકડા રૂા.૨૭૦ કઢાવી લીધા હતા. જેથી એ-ડિવિઝનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

## મોટી ચરોપડીમાં ૬૬ કેવીની વીજ લાઈનને અડી જતા કિશોરનું મોત

**સીમ વિસ્તારમાં ગાયોને શોધતા વખતે બન્યો બનાવ**

ભુજ - કચ્છ ઉદય : અબડાસા તાલુકાના મોટી ચરોપડી ગામની સીમમાં ૬૬ કેવીની વીજલાઈનને અડી જતા કિશોરનું મોત થયું હોવાનું જાણવા મળ્યું હતું.

આ બાબતે વાયોર પોલીસમાંથી મળતી માહિતી મુજબ મોટી ચરોપડીમાં રહેતા ૧૬ વર્ષિય મીતરાજસિંહ પ્રવીણસિંહ જાડેજા સાંજના સમયે ગાયોને શોધતા શોધતા સીમ વિસ્તારમાં આવ્યા હતા.

અહીં રેલવેનું કામ ચાલુ છે ત્યાં પહોંચી ઉંચાઈ માટે ટીમ્બા પર ચડીને ગાયો શોધતા હતા. આ દરમિયાન ઉપરથી ૬૬ કેવીની વીજલાઈન પસાર થતી હોઈ તેની સાથે અડી જતા કરંટ લાગવાના કારણે સારવાર માટે ૧૦૮ મા નલિયા સીએચસી લઈ જવામાં આવ્યા હતા પરંતુ સારવાર દરમિયાન તબીબે મૃત જાહેર કરતા અરેરાટી ફેલાઈ જવા પામી હતી.

**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, નખત્રાણાની કોર્ટમાં, તા. નખત્રાણા**

કેસ નં. ૬૩/૨૦૨૬

**વિષયઃ જન્મ મરણની નોંધણી (સુધારો) એક્ટ-૨૦૨૩ ની કલમ-૧૧(૩) મુજબ મરણની નોધ હુકમ કરાવા બાબત.**

અરજદારઃ- મેમુના ડો/ઓફ જુસબ ત્રાયા વા/ઓફ હાસમ ત્રાયા રહે.કાદીયા મોટા, નખત્રાણા-કચ્છ. હાલે-મહારાષ્ટ્ર
**વિરૂધ્ધ**
સામાવાળાઃ-જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી શ્રી કાદીયા મોટા ગ્રામ પંચાયત તા.નખત્રાણા

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના નામે મેમુના જુસબ ત્રાયાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૯૦ના રોજ મોજે - કાદીયા મોટા ખાતે જન્મ થયેલ જે બાબતની નોંધ જેતે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે સમય મર્યાદામાં નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા રજી નં.૬૩/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ની મુદતમાં રૂબરૂમાં અત્રેની કોર્ટમાં લેખીત/મૌખિક વાંધો રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.

આજ તા. ૦૧ માહેઃ- જુન સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**(આર. ડી. પટેલ)**
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
નખત્રાણા.

**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, નખત્રાણાની કોર્ટમાં, તા. નખત્રાણા**

કેસ નં. ૩૮/૨૦૨૬

**વિષયઃ જન્મ મરણની નોંધણી (સુધારો) એક્ટ-૨૦૨૩ ની કલમ-૧૧(૩) મુજબ મરણની નોધ હુકમ કરાવા બાબત.**

અરજદારઃ- કરસન ડાયાભાઈ જેપાર રહે, સાંગનારા, તા.નખત્રાણા-કચ્છ.
**અરજદારશ્રીના વકીલશ્રી, આર.જી.જયપાલ**
**વિરૂધ્ધ**
સામાવાળાઃ- તલાટી સહ મંત્રીશ્રી, જન્મમરણ નોંધણી અધિકારીશ્રી, સાંગનારા ગ્રામ પંચાયત તા.નખત્રાણા

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના પત્નિ નામે જેપાર ભાવનાબેન કરસનભાઈ તા.૨૯/૦૭/૨૦૧૪ રોજ મોજે - સાંગનારા, તા.નખત્રાણા, ખાતે મરણ થયેલ જે બાબતની નોંધ જેતે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે તેમના પત્નિના મરણની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા રજી નં.૩૮/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે મરણની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ની મુદતમાં રૂબરૂમાં અત્રેની કોર્ટમાં લેખીત/મૌખિક વાંધો રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.

આજ તા. ૦૬ માહેઃ- મે સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**(આર. ડી. પટેલ)**
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
નખત્રાણા.

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ભુજ શહેરની કોર્ટમાં**
**જાહેર નોટીસ**

જન્મ નોંધણી પરચુરણ અરજી રજી. નં. ૪૩/૨૦૨૬

**જુણેજા જુશબ જાફર,**
પ્લોટ નં.૨૪, ખારીનદી રોડ, તયબાહ ટાઉનશીપ,
અમન નગર ચાર રસ્તા, ભુજ .............. અરજદાર
**વિરૂધ્ધ**
સબરજીસ્ટ્રાર(જન્મ-મરણ) ભુજ નગરપાલીકા ...............સામાવાળા

**વિષયઃ- વિલંબીત જન્મ નોંધણી કરાવવા બાબત.**
**અરજદાર જુણેજા જુશબ જાફર**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી જુણેજા જુશબ જાફર પ્લોટ નં.૨૪, ખારીનદી રોડ, તયબાહ ટાઉનશીપ,અમન નગર ચાર રસ્તા, ભુજ વાળાની અરજી અત્રે મળ્યા ની ૨૩/૦૪/૨૦૨૬ વાળીથી તેઓશ્રીના ખુદ નામે જુણેજા જુશબ જાફર નો જન્મ તા. ૦૧/૦૭/૧૯૬૭ ના નિવાસ્થાને :પ્લોટ નં.૨૪, ખારીનદી રોડ, તયબાહ ટાઉનશીપ, અમન નગર ચાર રસ્તા,ભુજ મધ્યે થયેલ. પરંતુ સરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે જન્મ અંગેની નોંધણી સબરજીસ્ટ્રાર(જન્મ-મરણ) ભુજ નગરપાલીકા ના જન્મ રજીસ્ટરે કરાવવાનું રહી ગયેલ હોઈ, તેઓના જન્મની નોંધણી કોઈ જગ્યાએ થયેલ ન હોઈ તેઓના જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) તળે અત્રેની કચેરી ખાતે જન્મ નોંધણી પરચુરણ અરજી રજીસ્ટરે નં. ૪૩/૨૦૨૬ થી દાખલ થયેલ છે. જે અંગે જન્મ ની નોંધણી કરાવવાનો સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન - ૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની કાયદાકીય રાહે નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા-વળગતા ઈસમો નોંધ લેશો.

આજરોજ તારીખ-૨૭ માહે- મે સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યુ.

**(ટી. એન. પટેલ)**
એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ,
અને મામલતદાર ભુજ શહેર

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યુ. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

ગેસનો બગાડ અટકાવો-ઘરનું બજેટ સુધારો
બિનજરૂરી સિલિન્ડર બુકીંગ ન કરો : રાષ્ટ્રને મદદરૂપ બનો

## દેશહિત જાય તેલ લેવા-મને મારા બેનામી ધંધાઓમાં જ રસ છે?આમ કોણ વર્તે છે?

# કચ્છમાં ફરી બાંગ્લાદેશી ઘુસપેઠીયાઓ ઝડપાયા? આઈબી કેમ અંધારામાં? ભ્રષ્ટ બનીબેઠલ પીઆઈનો લ્યો કડક ઉધડો!

**આ બની બેઠલ ભ્રષ્ટ પીઆઈ અમિત જેવા ડીઝલ દાણચોરો સાથે એમએમઓની આડમાં ડીઝલ સ્મગલીંગ, તેના બેનામી ધંધાઓ, અફા-પોઈન્ટ ધમધમાવવા, લાકડાના ભુસ્સાનો બેનામી વ્યાપાર, યુરીયા ખાતરની ગેરકાયદેસર હેરફેર, કંડલા સ્પેશ્યલ ઈકોનોમીક ઝોનમાં બેનામી રકમોથી યુનિટ લેવાના હવાતીયાઓ મારવામંથી નવરો પડે તો દેશહિતના વિષયોનું વીચારે ને? :**

**ઉચ્ચ અધિકારીઓ, વિજિલન્સ અને સરકારે આ બની બેઠલ ભ્રષ્ટ પીઆઈ જેવાઓની બેનામી સંપત્તીઓની કરવી જોઈએ સરપ્રાઇઝ તપાસ?**

**આંખ ફાટી જાય તેટલા મોટા દલ્લા થશે બરામદ..!**

**કચ્છ જેવા પાકીસ્તાનની આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતા સીમાવર્તી વિસ્તારમાં ગુપ્તચર સંસ્થા-આઈબીની ભુમિકા ખુબજ મહત્વપૂર્ણ બની રહે છે, ફરી ફરીને બાંગ્લાદેશીઓ રાજય સ્તરેથી જ ઉપાડેલા અભિયાનમાં પકડાય તો સ્થાનિકે બની બેઠલ ભ્રષ્ટ પીઆઈ શું અગરબત્તી કરવા જ રાખ્યા છે?**

**છ-આઠ માસ પહેલા જ સરકારે બાંગ્લાદેશીઓ સામે તવાઈ બોલાવી તે વખતે પણ આઈબી ઉંઘતુ રહ્યુ અને મુંદરામાથી બાંગ્લાદેશીઓ ઝડપાયા, હાલમાં પણ સરકારે ઓપેરેશન ડેલ્ટા આદરી બાંગ્લાદેશી ઘુસપેઠીયાઓની ઝુંબેશ ચલાવી તો પૂર્વ કચ્છમાથી ૩૫ જેટલા બાંગ્લાદેશીઓ ઝડપાયા, ટુંકાગાળામાં બે વખત રાજય કક્ષાએથી બાંગ્લા દેશીઓ પકડાયા આ બની બેઠેલ ભ્રષ્ટ ધંધાકીય હિતો ધરાવતા પીઆઈના કેમ ન લેવાય પુછાણા? શા માટે તેમને આ બાંગ્લાદેશી પનાહ લઈ રહ્યા હોવાની ગંધ ન આવી? શું આઈબી વિભાગની તેમાં કોઈ જ જવાબદારી નથી બનતી?**

ગાંધીધામ : અમદાવાદના ચંડોળા તળાવ વિસ્તારમાંથી મોટી સંખ્યામાં બાંગ્લાદેશી ઘૂસણખોરો ઝડપાયા બાદ ગુજરાત સરકારે સમગ્ર રાજયમાં વિશેષ અભિયાન ચલાવી ગેરકાયદેસર વસવાટ કરતા વિદેશી નાગરિકો સામે કડક કાર્યવાહી હાથ ધરી હતી. તે સમયે પણ કચ્છમાંથી અનેક બાંગ્લાદેશી નાગરિકો ઝડપાયા હતા. પરંતુ ચિંતાજનક બાબત એ છે કે થોડા સમયના અંતરે ફરી એકવાર રાજયવ્યાપી ઝુંબેશ દરમિયાન પૂર્વ અને પશ્ચિમ કચ્છમાંથી મોટી સંખ્યામાં બાંગ્લાદેશી ઘૂસણખોરો મળી આવ્યા છે. આ માત્ર પોલીસ કાર્યવાહીનો વિષય નથી, પરંતુ સમગ્ર સુરક્ષા અને દેખરેખ વ્યવસ્થાના મૂલ્યાંકનની માંગ કરતો મુદ્દો છે.અમદાવાદના ચંડોળા તળાવ વિસ્તારમાંથી મોટી સંખ્યામાં બાંગ્લાદેશી ઘૂસણખોરો મળી આવ્યા બાદ રાજ્ય સરકારે સમગ્ર ગુજરાતમાં વિશેષ ઝુંબેશ ચલાવી ગેરકાયદેસર રીતે વસવાટ કરતા વિદેશી નાગરિકો સામે કાર્યવાહી હાથ ધરી હતી. તે સમયે પણ કચ્છના વિવિધ વિસ્તારોમાંથી અનેક શંકાસ્પદ બાંગ્લાદેશી નાગરિકો ઝડપાયા હતા. જોકે આ ઘટનાને હજુ બહુ સમય વીત્યો નથી ત્યાં ફરી રાજયવ્યાપી ઓપરેશન ડેલ્ટા અભિયાન દરમિયાન પૂર્વ અને પશ્ચિમ કચ્છમાંથી નોંધપાત્ર સંખ્યામાં બાંગ્લાદેશી ઘૂસણખોરો ઝડપાતા સમગ્ર સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઉભા થયા છે.કચ્છ દેશના સૌથી સંવેદનશીલ સરહદી જિલ્લાઓમાંનો એક છે. પાકિસ્તાન સાથે જોડાયેલી દરિયાઈ અને જમીની સરહદો, કંડલા અને મુન્દ્રા જેવા વ્યૂહાત્મક બંદરો તથા મહત્વના ઔદ્યોગિક વિસ્તારોને કારણે અહીં સુરક્ષા અને ગુપ્તચર તંત્રની જવાબદારી અન્ય જિલ્લાઓની સરખામણીએ વધુ મહત્વપૂર્ણ બની જાય છે. આવા વિસ્તારમાં વારંવાર ગેરકાયદેસર રીતે વિદેશી નાગરિકો ઝડપાય તે બાબત સામાન્ય ઘટના તરીકે જોઈ શકાય તેમ નથી. અહી સવાલ થઈ રહ્યો છે કે, રાજય કક્ષાના અભિયાન બાદ આવા શખ્સો પકડાય છે તો આઈબી વિભાગ કયાં છે? શું કચ્છમાં આઈબી વિભાગ જેવી કોઈ કચેરી, અધિકારી, સ્ટાફ જ તૈનાત કરવામાં નથી આવ્યો? જાણકારો કહી રહ્યા છે કે, રાષ્ટ્રહિત અને આંતરિક સુરક્ષા સાથે સંકળાયેલા મુદ્દાઓ અંગે આગોતરી માહિતી એકત્રિત કરી સંબંધિત એજન્સીઓ અને પોલીસ તંત્રને સતર્ક કરવું ગુપ્તચર તંત્ર(આઈબી)ની મહત્વની જવાબદારી ગણાય છે.


ત્યારે પ્રશ્ન એ ઊભો થાય છે કે જો મોટી સંખ્યામાં બાંગ્લાદેશી નાગરિકો કચ્છમાં વસવાટ કરતા હતા તો તેની જાણકારી અગાઉથી કેમ સામે આવી નહીં? શું સ્થાનિક સ્તરે દેખરેખ વ્યવસ્થામાં કોઈ ખામી રહી ગઈ હતી કે પછી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે જરૂરી ગંભીરતા દાખવવામાં આવી ન હતી? જાણકારો કહી રહ્યા છે કે, ભ્રષ્ટ બની બેઠેલ પીઆઈ ડિઝલ દાણચોર અમિતની ગેંગમાં ભાગબટાઈ ધરાવતા ધંધામાં રચ્યાપચ્યા હોય, યુરીયા ખાતરની ગેરકાયદેસર હેરફેર નેટવર્કનો ભાગ હોય, લાકડાના ભુસ્સાના બેનામ ધંધાઓ કરી ચુકયા હોય, કાસેઝમાં આવા કાળાનાણાથી યુનિટો લઈ ત્યાં પણ સિગારેટ જેવા ધંધાઓ ચાલુ કરવાનાહવાતીયા મારવામાજ વ્યસ્ત હોય તો પછી રાષ્ટ્રહિતના મુદાઓ માટે તેને સમય મળે કયારે? આ સમગ્ર ઘટનાક્રમ બાદ રાજ્ય સરકાર અને ઉચ્ચ પોલીસ અધિકારીઓએ કચ્છના સુરક્ષા માળખાની સમીક્ષા કરવાની જરૂરિયાત ઉભી થઈ છે. માત્ર ઘૂસણખોરોને ઝડપી પાડવા પૂરતું નથી, પરંતુ તેઓ અહીં સુધી કેવી રીતે પહોંચ્યા, ક્યાં રહેતા હતા, કોની મદદથી ઓળખ છુપ ાવી રહ્યા હતા અને સ્થાનિક સ્તરે તેમને કોણે આશ્રય કે સહાય પૂરી પાડી હતી તેની પણ ઊંડાણપૂર્વક તપાસ થવી જરૂરી છે.

કચ્છ જેવા સરહદી જિલ્લામાં રાષ્ટ્રસુરક્ષા સાથે જોડાયેલા મુદ્દાઓમાં કોઈપણ પ્રકારની બેદરકારી દેશહિત માટે ચિંતાજનક બની શકે છે. તેથી રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ અભિયાનને આવકારતા હવે જરૂરી બન્યું છે કે સમગ્ર પ્રકરણમાં જવાબદારી નક્કી કરવામાં આવે, સુરક્ષા અને ગુપ્તચર તંત્રની કામગીરીનું મૂલ્યાંકન કરવામાં આવે અને ભવિષ્યમાં આવી પરિસ્થિતિ ફરી સર્જાય નહીં તે માટે વધુ અસરકારક વ્યવસ્થા ઉભી કરવામાં આવે તથા કરોડોના બેનામી ધંધાકીય હિતોમાં જ પરોવાઈ ગયેલા બની બેઠેલ ભ્રષ્ટ પીઆઈનો આ બાબતે ગાંધીનગર કક્ષાએથી કડક રાહે નમાત્ર પુછાણું લેવુ જોઈએ પરંતુ નેગ્લેજન્સી દાખવવા બદલ તેની સામે ધાક બેસાડતા પગલા પણ લઈ દેખાડવા જ જોઈએ.

## સવાલોનો મારો... : કોણ લેશે જવાબદારી?

**૧. અમદાવાદના ચંડોળા તળાવ પ્રકરણ બાદ સમગ્ર ગુજરાતમાં બાંગ્લાદેશી ઘૂસણખોરો વિરુદ્ધ અભિયાન ચલાવવામાં આવ્યું હતું, તો પછી થોડા જ સમયમાં કચ્છમાંથી ફરી મોટી સંખ્યામાં બાંગ્લાદેશી નાગરિકો કેવી રીતે ઝડપાયા? ૨. સરહદી અને અતિસંવેદનશીલ કચ્છ જિલ્લામાં બાંગ્લાદેશી ઘૂસણખોરો પ્રવેશી રહેતા હતા તો સંબંધિત ગુપ્તચર એજન્સીઓને તેની અગાઉથી જાણ કેમ ન થઈ? ૩. કચ્છમાં રાષ્ટ્રવિરોધી અથવા ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અંગે માહિતી એકત્રિત કરવાની જવાબદારી ધરાવતા આઈબી જેવાવિભાગોએ આગોતરા ઇનપુટ્સ સ્થાનિક પોલીસ અને વહીવટી તંત્રને આપ્યા હતા કે નહીં? ૪. જો ઇનપુટ્સ આપવામાં આવ્યા હતા તો તેના આધારે કાર્યવાહી કેમ ન થઈ અને જો આપવામાં ન આવ્યા હોય તો જવાબદારી કોની નક્કી થશે? ૫. કચ્છ જેવા સરહદી જિલ્લામાં ઘૂસણખોરી, ગેરકાયદેસર વસવાટ અને દસ્તાવેજી ગોટાળાઓ અંગે નિયમિત સર્વેલન્સ અને વેરિફિકેશન પ્રક્રિયા કેટલી અસરકારક છે? ૬. બાંગ્લાદેશી નાગરિકોને સ્થાનિક સ્તરે રહેઠાણ, રોજગાર અથવા ઓળખના દસ્તાવેજો મેળવવામાં કોની મદદ મળી રહી હતી? ૭. રાજ્યવ્યાપી અભિયાન બાદ પણ ફરી મોટી સંખ્યામાં ઘૂસણખોરો ઝડપાય છે તો શું અગાઉની કાર્યવાહીમાં કોઈ કચાશ રહી ગઈ હતી? ૮. સરહદી કચ્છમાં દરિયાઈ માર્ગ, ઔદ્યોગિક વિસ્તારો અને શહેરી વિસ્તારોમાં ગુપ્તચર દેખરેખ વધુ મજબૂત બનાવવાની જરૂરિયાત નથી શું? ૯. બાંગ્લાદેશી ઘૂસણખોરો પકડાયા બાદ તેમની સ્થાનિક કડીઓ, મદદગારો અને આશ્રયદાતાઓ સુધી તપાસ પહોંચશે કે માત્ર ઘૂસણખોરોને પકડીને કાર્યવાહી પૂર્ણ માનવામાં આવશે? ૧૦. કચ્છમાં કાર્યરત તમામ સંવેદનશીલ વિભાગોની કામગીરીનું ઉચ્ચ સ્તરીય ઓડિટ કરી જવાબદારી નક્કી કરવામાં આવશે? ૧૧. સરહદી જિલ્લાના સુરક્ષા માળખામાં ક્યાં ખામીઓ રહી ગઈ કે જેના કારણે વારંવાર આવા તત્વો ઝડપાઈ રહ્યા છે? ૧૨. રાષ્ટ્રસુરક્ષાને અસર કરતા આવા મુદ્દાઓમાં માત્ર પોલીસ કાર્યવાહી પૂરતી છે કે પછી સમગ્ર ગુપ્તચર અને દેખરેખ વ્યવસ્થાની પણ સમીક્ષા થવી જોઈએ?**

## એન્ટી કરપ્શન બોર્ડમાં સેક્રેટરી તરીકે નિમાયા



ભુજ - કચ્છઉદય : ભુજના ભરતભાઈ કાનજીભાઈ સંઘવીની સાલ ૨૦૨૯ સુધી એન્ટી કરપ્શન બોર્ડમાં સેક્રેટરી તરીકે નીમણુક થયેલ છે. તેઓ ભાજપના અગ્રણી અને મોદી વિકાસ મિશન કચ્છ જિલ્લાના અધિક્ષક અને ભુજ વોકવે માટે જાગૃત આગેવાન છે. આ બદલ એમને ઠેર ઠેરથી અભિનંદન મળી રહ્યા છે.

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
જલારામ વડાપાંઉ
• અમીતભાઇ ઠક્કર • નીરજભાઇ ઠક્કર
• ઘનશ્યામભાઇ ઠક્કર • અભિષેકભાઇ શર્મા
જય જલારામ



કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
સચિન મહેન્દ્રભાઇ ગોર
બી.કોમ.એલ.એલ.બી. (સ્પે.)
(એડવોકેટ ગુજરાત હાઇકોર્ટ)
(En.No.G/2935/2005)
ઓફિસ : શેરી નં. ૬, ઘર નં. બી/૧૪૩/એ.
આર.ટી.ઓ. રિલોકેશન સાઇટ, ભુજ-કચ્છ.
મો.૯૮૯૮૮૬૫૭૫૯ (ઓ.) ૮૨૬૪૩૧૯૯૧૭
E-mail : sgor6381@gmail.com

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
XCEED TRAVELS
See the world with us
Domestic and International
Air Ticket | Visa | Hotel | Package
Gandhidham - 1st Floor,
Opp. South Indian Bank, Ward 12-B,
Plot No.260, Gandhidham-370201
xceedtravels@gmail.com
Mo. 99781 78199

સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાચા આપી સાચા અર્થમાં ''સરહદના સંત્રી''ની ભૂમિકા ભજવતા કચ્છી માડુઓના પોતીકા સાંધ્યદૈનિક
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ને ૩૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે
ખૂબ ખૂબ શુભેચ્છા...



મીત ઠક્કર
પ્રમુખશ્રી,
ભુજ શહેર ભાજપ

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
V Concrete
ANISO 9001-2008 CERTIFIED COMPANY
READY MIXED CONCRETE
Plant (1) :-
Survey No.225p. Bhuj - Mundra Highway Road,
Opp. Excel-Corp Care Ltd.
At Post - Gajod, Tal.Bhuj, Dist-Kutch.
Pin No.370430
Plant (2) :-
Plot No.10, Navkar Industrial Park-1,
Mahavir Developers, Near Reliance Petrol Pump
At Post - Meghpar (Borichi)
Tal : Anjar, Dist. Kutch

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
એડ.એસ.ટી.પટેલ

સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાચા આપી સાચા અર્થમાં ''સરહદના સંત્રી''ની ભૂમિકા ભજવતા કચ્છી માડુઓના પોતીકા સાંધ્યદૈનિક
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ને ૩૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે
ખૂબ ખૂબ શુભેચ્છા...
યદુનંદન કન્સ્ટ્રકશન

ઓછી આંચે રસોઈ રાંધો-ગેસની મોટી બચત સાંધો
રસોઈ રાંધવામાં પ્રેસર કુકરનો કરો ઉપયોગ

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ગાંધીધામ



# આખરે બોર્ડર રેન્જનું વિભાજન, કચ્છની સાથે મોરબી જિલ્લો જોડાયો

## બનાસકાંઠા, પાટણ અને વાવ-થરાદ જિલ્લાની નવી બનાસકાંઠા રેન્જની રચનાનો સત્તાવાર હુકમ જાહેર

ભુજ - કચ્છઉદય : કચ્છ અને તેની આસપાસના સરહદી વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વધુ સઘન બનાવવા તેમજ વહીવટી સરળતા માટે ગુજરાત સરકારના ગૃહ વિભાગે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. વર્ષોથી અમલમાં રહેલી બોર્ડર રેન્જનું વિભાજન કરીને હવે નવી બનાસકાંઠા રેન્જની સ્થાપના કરવામાં આવી છે, જે કચ્છ અને ઉત્તર ગુજરાતના સુરક્ષા માળખામાં નવા યુગની શરૂઆત કરશે.

સરકારી ઠરાવમાં જણાવ્યા મુજબ, અત્યાર સુધી બોર્ડર રેન્જનું ભૌગોલિક ક્ષેત્રફળ અંદાજે ૫૫૦ કિ.મી. જેટલું વિશાળ હતું. આટલા મોટા વિસ્તારમાં સરહદી સુરક્ષાની દેખરેખ રાખવી પોલીસ અધિકારીઓ માટે પડકારજનક હતી. આ ઉપ રાંત, બનાસકાંઠા જિલ્લાના વિભાજનથી અસ્તિત્વમાં આવેલ નવો વાવ-થરાદ જિલ્લો અને કચ્છની ભૌગોલિક વિશાળતા ૩૧૦ કિ.મી.થી વધુને ધ્યાનમાં લેતા વહીવટી બોજ ઘટાડવો અનિવાર્ય બન્યો હતો. મોરબી જિલ્લો કચ્છની ભૌગોલિક સીમાને સ્પર્શતો હોવાથી તેને પણ બોર્ડર રેન્જ સાથે જોડવો સુરક્ષાના દ્રષ્ટિકોણથી જરૂરી માનવામાં આવ્યો છે. જેથી રેન્જનું વિભાજન કરવામાં આવશે. બોર્ડર રેન્જ ભુજમાં હવે પશ્ચિમ કચ્છ-ભુજ, પૂર્વ કચ્છ-ગાંધીધામ અને મોરબી જિલ્લાનો સમાવેશ થાય છે. આ ફેરફારથી ભુજ અને ગાંધીધામ જેવા મહત્વના કેન્દ્રો પર સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનશે.

જ્યારે નવી બનાસકાંઠા રેન્જમાં પાલનપુરને મુખ્ય મથક બનાવીને બનાસકાંઠા, પાટણ અને વાવ-થરાદ જિલ્લાને આવરી લેવામાં આવ્યા છે, જેનાથી ઉત્તર ગુજરાતની સરહદ પર દેખરેખ વધુ ચુસ્ત બનશે. રાજકોટ રેન્જમાંથી મોરબીને કચ્છ સાથે જોડી દેવામાં આવ્યું છે જેથી રાજકોટ રેન્જમાં હવે રાજકોટ ગ્રામ્ય, જામનગર, દેવભૂમિ દ્વારકા અને સુરેન્દ્રનગરનો સમાવેશ થશે.

### રાજકોટ રેન્જમાંથી મોરબીને અલગ કરી કચ્છમાં જોડી દેવાયું

### ૧૯૯૫-૯૬માં બોર્ડર રેન્જની થઈ હતી રચના

૧૯૯૫-૯૬માં રાજકોટ રેન્જનું વિભાજન કરીને સૌપ્રથમ વખત બોર્ડર રેન્જની રચના થઈ હતી, ત્યારે કચ્છ, બનાસકાંઠા અને પાટણ જેવા સરહદી જિલ્લાઓ એક સાથે હતા. આજે ભારત-પાકિસ્તાન વચ્ચેની ૪૦૬.૮૭ કિ.મી. લાંબી આંતરરાષ્ટ્રીય જમીન સરહદ અને ૨૩૮ કિ.મી.ના દરિયાઈ વિસ્તારની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સરકારનો આ નિર્ણય કાયદો-વ્યવસ્થાના નિયંત્રણ અને નિરીક્ષણ માટે સીમાચિહ્નરૂપ ગણવામાં આવી રહ્યો છે.

# ગાંધીધામ મેઈન બજારમાં ચોરો બેફામ! આરસીસી રોડના કામમાંથી રોલર મશીનનો વાયર ચોરાયો

ગાંધીધામ - કચ્છઉદય : મેઈન બજાર વિસ્તારમાં ચોરીની ઘટનાઓ સતત વધતી જતાં વેપારીઓ અને સ્થાનિકોમાં ચિંતા ફેલાઈ છે. હાલમાં ચાલી રહેલા આરસીસી રોડના કામ દરમિયાન રોડ રોલર મશીન અને જનરેટરને જોડતો મહત્વનો ઈલેક્ટ્રિક વાયર અજાણ્યા તસ્કરો દ્વારા ચોરી કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે.

મળતી માહિતી મુજબ રોડ રોલર મશીનના સંચાલન માટે જનરેટર સુધી વીજ પુરવઠો પહોંચાડતો વાયર રાત્રિના સમયે કોઈ અજાણ્યા શખ્સો ચોરી કરી ગયા હતા. ઘટનાના કારણે રોડના કામમાં પણ વિલંબ સર્જાયો હોવાનું જાણવા મળે છે. મુખ્ય બજાર જેવા વ્યસ્ત વિસ્તારમાં આવી ચોરી થતાં સુરક્ષા વ્યવસ્થાને લઈને પ્રશ્નો ઉભા થયા છે.



### અગાઉ પણ એસીનો અર્થિંગ વાયર થયો હતો ચોરી

ઉલ્લેખનીય છે કે થોડા સમય અગાઉ પણ મેઈન બજારમાં એક વેપારીની દુકાન પાછળ લગાવેલો એસીનો અર્થિંગ વાયર ચોરી થયો હતો. તે ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. તેમ છતાં ચોરીની ઘટનાઓ પર અસરકારક અંકુશ ન આવતાં વેપારીઓમાં રોષ જોવા મળી રહ્યો છે.

### અવારનવારની ચોરીથી વેપારીઓમાં ભય

મેઈન બજાર વિસ્તારમાં વારંવાર બનતી ચોરીની ઘટનાઓ હવે વેપારીઓ માટે ચિંતાનો વિષય બની ગઈ છે. સ્થાનિક વેપારીઓએ પોલીસ પેટ્રોલિંગ વધારવા, રાત્રિના સમયે ખાસ નજર રાખવા અને સીસીટીવીના આધારે તસ્કરોને ઝડપી પાડવા માંગ કરી છે. વેપારીઓનું કહેવું છે કે જો સમયસર કડક કાર્યવાહી નહીં થાય તો આવી ઘટનાઓમાં વધુ વધારો થઈ શકે છે.


# ગાંધીધામ મેઈન બજારમાં મનપાનો નાળો બે દિવસમાં જ ફાટ્યો! મનપાના એન્જિનિયરો એસીની હવામાંથી બહાર નીકળશે ?

### રાત્રે થોડા કલાકો જ કામ, દેખરેખના અભાવના આક્ષેપ

સ્થાનિક વેપારીઓના જણાવ્યા અનુસાર કામ મુખ્યત્વે રાત્રિના સમયે માત્ર ૨થી ૪ કલાક માટે કરવામાં આવે છે. જેના કારણે કામગીરીની ગતિ ધીમી હોવા ઉપરાંત ગુણવત્તા પર પણ અસર પડી રહી હોવાનું કહેવાઈ રહ્યું છે. નાગરિકોનું કહેવું છે કે કામ દરમિયાન કોઈ યોગ્ય ટેક્નિકલ દેખરેખ જોવા મળતી નથી અને જવાબદાર અધિકારીઓ સ્થળ પર હાજર રહેતા નથી.

### ઈજનેરોની કામગીરી પર પણ ઉઠ્યા પ્રશ્નો

આ સમગ્ર મામલે મનપાના ઈજનેરી વિભાગની કામગીરી સામે પણ સવાલો ઉભા થયા છે. સ્થાનિકોના આક્ષેપ મુજબ કામનું યોગ્ય સુપરવિઝન થતું નથી અને ગુણવત્તા ચકાસણી વગર જ કામગીરી આગળ ધપાવવામાં આવી રહી છે. નાગરિકો અને વેપારીઓએ મનપાના ઉચ્ચ અધિકારીઓને સ્થળ પર મુલાકાત લઈને કામની ગુણવત્તાની તપાસ કરવા તેમજ જવાબદાર લોકો સામે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી છે.









ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામના મેઈન બજાર વિસ્તારમાં મહાદેવ ફ્લોર મિલ નજીક મહાનગરપાલિકા દ્વારા ચાલી રહેલા વરસાદી નાળાના કામને લઈને સ્થાનિક વેપારીઓ અને નાગરિકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ નાળાના નિર્માણમાં લોટ, પાણી અને લાકડાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જ્યારે કામની ગુણવત્તા અને ટકાઉપણાને લઈને અનેક પ્રશ્નો ઉભા થયા છે.

સ્થાનિકોના આક્ષેપ મુજબ માત્ર બે દિવસ અગાઉ બનાવવામાં આવેલા નાળાના કેટલાક ભાગોમાં તિરાડો પડી ગઈ છે. હજુ કામ પૂર્ણ પણ થયું નથી ત્યાં જ તિરાડો દેખાતા નાગરિકોમાં ચિંતા ફેલાઈ છે. વરસાદી પાણીના નિકાલ માટે બનાવવામાં આવી રહેલી આ મહત્વની સુવિધા લાંબા સમય સુધી ટકી શકશે કે નહીં તે અંગે લોકો સવાલો ઉઠાવી રહ્યા છે.

## વડાપ્રધાન મોદી કાલે ગુજરાતમાં : કરોડોના વિકાસકામોની ભેટ આપશે

ગાંધીનગર : વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે વિશ્વ પર્યાવરણ દિવસના રોજ ગુજરાતમાં સુરતની મુલાકાતે આવી રહ્યા છે. આ મુલાકાત દરમિયાન તેઓ દક્ષિણ ગુજરાત વિસ્તારને ૧૨,૪૨૧ કરોડના રાષ્ટ્રીય ધોરીમાર્ગના પ્રકલ્પોની ભેટ આપ શે. તેમના હસ્તે વડોદરા-મુંબઈ એક્સપ્રેસવેના બે પેકેજનું લોકાર્પણ કરવામાં આવશે તેમજ અન્ય ચાર મહત્વપૂર્ણ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે.

## ગુજરાતમાં એસટી કર્મચારીઓ હવે તંત્ર સામે આંદોલન કરશે

### ૧૮મી, ૧૯મી અને ૨૦મી જૂને કર્મચારીઓ હાથ પર કાળી પટ્ટી બાંધી વિરોધ દર્શાવશે

અમદાવાદ : જાહેર પરિવહનની જીવાદોરી સમાન ગુજરાત એસટીના ખાનગીકરણ અને કર્મચારીઓના પડતર પ્રશ્નો મુદ્દે ગુજરાત એસટી મઝદૂર મહાસંઘ દ્વારા ૧૮થી ૨૫ જૂન સુધી આંદોલનનું એલાન કરાયું છે. જેમાં એસટીના કર્મીઓ હાથ પર કાળી પટ્ટી બાંધી, નિગમની મુખ્ય તથા તમામ વિભાગીય કચેરીઓ, બસ ડેપો બહાર ઘંટનાદ સાથે રામધૂન બોલાવી ધરણાં પર બેસીને દેખાવો કરશે.એસટી નિગમની મનસૂફી સામે કર્મચારીઓએ હવે બાંયો ચડાવી છે. કરોડો ચૂકવીને ખાનગી એજન્સી પાસેથી બસ ભાડે લેવા તેમજ આઉટસોર્સિંગથી ચાર હજાર ડ્રાઈવર, કંડક્ટરની ભરતી કરવાના નિગમના નિર્ણયથી તેઓ રોષે ભરાયા છે. તેમજ વર્ષોથી પડતર પ્રશ્નો જેવા કે સાતમું પગાર પંચ લાગુ કરવા, દોઢ વર્ષથી બાકી ચડત મોંઘવારી અરિયર્સ ચૂકવવા, કોન્ટ્રાક્ટ પ્રથા બંધ કરવા વગેરે મુદ્દે આંદોલન છેડવાની તૈયારી કરી દીધી છે.જેમાં ૧૮મી, ૧૯મી અને ૨૦મી જૂને કર્મચારીઓ હાથ પર કાળી પટ્ટી બાંધી વિરોધ દર્શાવશે. જ્યારે ૨૨મી અને ૨૩મી જૂને વિવિધ બસ ડેપો, વર્કશોપ, વિભાગીય કચેરીઓ બહાર કર્મીઓ સૂત્રોચ્ચાર કરીને ઘંટનાદ સાથે રામધૂન બોલાવશે.

## 'સોરી મમ્મી-પપ્પા.. ફરી NEET આપવાની હિંમત નથી'

નવી દિલ્હી : દેશભરમાં ચકચારી બનેલા NEET UG ૨૦૨૬ પેપર લીક અને પરીક્ષા રદ થવાના મામલાએ હવે એક વિદ્યાર્થિનીનો ભોગ લીધો છે. મધ્યપ્રદેશના નવગઠિત જિલ્લા મઉગંજના મગનિયા ગામમાં NEETની તૈયારી કરી રહેલી એક તેજસ્વી વિદ્યાર્થિની આકાંક્ષા ચતુર્વેદીએ પોતાના ઘરમાં પંખા સાથે ફાંસી લગાવીને જીવન ટૂંકાવી લીધું છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં સન્નાટો વ્યાપી ગયો છે અને પીડિત પરિવાર ઊંડા સદમામાં છે.

## ન્યૂયોર્ક સેનેટનો પ્રસ્તાવઃ ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ને "ઇન્ડિયા ઇન્ડિપેન્ડન્સ ડે" જાહેર કરવાની અપીલ મંજૂર



ન્યુયોર્કની સ્ટેટ સેનેટમાં પ્રસ્તાવ પાસ ૧૫ ઓગસ્ટે અમેરિકામાં ભારતને મળશે મોટું સન્માન! રાજ્યપાલ કેથી હોચુલને અપીલ કરી છે કે તેઓ ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ને સત્તાવાર રીતે 'ઈન્ડિયા ઈન્ડિપેન્ડન્સ ડે' જાહેર કરે ભારતની આઝાદીને લઈને અમેરિકાના ન્યૂયોર્ક રાજ્યમાંથી એક મોટા સન્માનની તક સામે આવી છે. ન્યૂયોર્ક સ્ટેટ સેનેટે એક પ્રસ્તાવ પાસ કરીને રાજ્યપાલ કેથી હોચુલને અપીલ કરી છે કે તેઓ ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ને સત્તાવાર રીતે 'ઈન્ડિયા ઈન્ડિપેન્ડન્સ ડે' જાહેર કરે.

# ગુજરાતમાં 'સર્વિસ કમિશનરેટ'ની સ્થાપના કરવામાં આવશે

**ગુજરાતમાં ઉદ્યોગો માટે જેમ 'ઇન્ડસ્ટ્રીઝ કમિશનરેટ' કાર્યરત છે, તેમ હવે સેવા ક્ષેત્ર માટે અલાયદું "સર્વિસ કમિશનરેટ" કાર્યરત થશે : મેન્યુફેક્ચરિંગ બાદ હવે સર્વિસ સેક્ટરમાં પણ ગુજરાત બનશે દેશનું હબ**

ગાંધીનગર : દેશમાં સૌપ્રથમવાર ગુજરાતમાં સર્વિસ સેક્ટર એટલે કે સેવા ક્ષેત્રને વિશેષ પ્રાધાન્ય આપીને એક અલાયદા 'સર્વિસ કમિશનરેટ'ની સ્થાપના કરવાનો અને 'સર્વિસ કમિશનર'ની સત્તાવાર જગ્યા ઊભી કરવાનો મુખ્યમંત્રીએ નિર્ણય કર્યો છે. આજે મળેલી રાજ્યમંત્રી મંડળની બેઠકમાં લેવાયેલા ઉપરોક્ત નિર્ણય અંગે ની વિગતો આપતા પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણી એ જણાવ્યું હતું કે, જેમ ઉદ્યોગોના વિકાસ માટે અલાયદું ઉદ્યોગ કમિશનરેટ કાર્યરત છે, તેમ હવે સર્વિસ સેક્ટર માટે આ નવતર વ્યવસ્થા શરૂ કરીને ગુજરાત ફરી એકવાર દેશના અન્ય રાજ્યો માટે પ્રેરણા બનવા જઈ રહ્યું છે.ગુજરાત પરંપરાગત રીતે તેની મેન્યુફેક્ચરિંગ અને ઔદ્યોગિક ક્ષમતા માટે જાણીતું છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી વધુ સંતુલિત અને ગતિશીલ અર્થવ્યવસ્થાના નિર્માણ માટે રાજ્ય સરકાર સેવાઓ તરફ વૈવિધ્ય લાવી રહી છે.GRIT' દ્વારા ગુજરાતમાં સેવા ક્ષેત્રના સુદ્રઢ અને સર્વાંગી વિકાસ માટે સર્વિસ કમિશનરેટની રચના કરવાનું સૂચન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત હાલમાં સર્વિસ કમિશનરેટની સ્થાપના અને સર્વિસ કમિશનરની નિમણૂકની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. આ કમિશનરેટ રાજ્ય અને રાષ્ટ્રીય હિત સાથે સુમેળ સાધીને વિવિધ સર્વિસ ઉદ્યોગોને મજબૂત આધાર પૂરો પાડશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

## ભાજપ દ્વારા ૨૨ જૂન થી ૧૦ જુલાઈ દરમિયાન રાજ્યના તમામ ૫૮૦ મંડલમાં પ્રશિક્ષણ વર્ગો યોજાશે

ગાંધીનગરઃ રાજ્યમાં ભાજપ દ્વારા ૨૨ જૂન થી ૧૦ જુલાઈ દરમિયાન રાજ્યના તમામ ૫૮૦ મંડલમાં પ્રશિક્ષણ વર્ગો યોજાશે. આજે ભાજપા પ્રદેશ કાર્યાલય ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં તેમજ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી શિવપ્રકાશજીની વિશેષ ઉપસ્થિતિમાં 'પંડિત દિનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન- ૨૦૨૬' અંતર્ગત ૨૨ જૂન થી ૧૦ જુલાઈ દરમિયાન રાજ્યના ૫૮૦ મંડલોમાં આયોજિત થનાર મંડલ પ્રશિક્ષણ વર્ગ અન્વયે પ્રદેશ કાર્યશાળા યોજાઈ હતી. જેમાં નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી તેમજ પ્રશિક્ષણ મહાઅભિયાનના પશ્ચિમ-મધ્ય ઝોન પ્રભારી શ્રી કે.સી પટેલ પણ ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યશાળામાં રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રીશ્રી શિવપ્રકાશજીએ પ્રશિક્ષણ મહાઅભિયાનની કાર્યસૂચિ અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ભાજપાનું આ રાષ્ટ્રવ્યાપી પ્રશિક્ષણ અભિયાન એક દ્રષ્ટિએ દુનિયાનો સૌથી મોટો ટ્રેનિંગ પ્રોગ્રામ છે જેમાં મંડલ અને જિલ્લા સ્તરે ૧૬.૫ લાખથી વધુ કાર્યકરોને પ્રશિક્ષિત કરવામાં આવશે.

## વડોદરા - માંજલપુરના યોગેશભાઈ પટેલના નિધનથી ગુજરાતના જાહેર જીવનમાં ક્યારેય ન પુરાય તેવી ખોટ પડી

**મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી કેબિનેટ બેઠકમાં રાજ્ય મંત્રી મંડળે ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી સદગતની સ્મૃતિમાં બે મિનિટનું મૌન પાળ્યું**



ગાંધીનગરઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની કેબિનેટ બેઠકમાં વડોદરાના માંજલપુર વિધાનસભા મતવિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય, પૂર્વ મંત્રી અને ગુજરાત ભાજપના વરિષ્ઠ નેતા સ્વ. યોગેશભાઈ ટેલના દુઃખદ નિધન બદલ ઊંડા શોકની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી. કેબિનેટ બેઠકની શરૂઆતમાં જ સદગતના નિધન અંગેનો શોક પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી સહિત રાજ્ય મંત્રી મંડળના તમામ સભ્યોએ સદગતના આત્માની શાંતિ માટે બે મિનિટનું મૌન પાળીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને શોકગ્રસ્ત પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ સ્વ. યોગેશભાઈના જીવન - કવનને વાગોળતા જણાવ્યું હતું કે, 'યોગેશ કાકા'ના હુલામણા નામથી લોકપ્રિય બનેલા શ્રી યોગેશભાઈ પટેલ વડોદરાની જનતાના હૃદયમાં વિશેષ સ્થાન ધરાવતા અજેય નેતા હતા. તેમણે રાજ્ય વિધાનસભામાં સતત ૮ ટર્મ સુધી રાવપુરા અને ત્યારબાદ માંજલપુર બેઠકના પ્રતિનિધિ તરીકે સેવા આપી હતી. વડોદરાના મતદારોએ દાયકાઓ સુધી તેમના પર અવિરત અને અતૂટ વિશ્વાસ મૂક્યો હતો. તેમણે રાજ્ય સરકારમાં મંત્રી તરીકે પણ અત્યંત નિષ્ઠાપ ૂર્વક સેવાઓ આપી હતી. મંત્રી પદ પર હોવા છતાં તેમની સાદગી અને સામાન્ય માણસ માટે હંમેશા ઉપલબ્ધ રહેવાની તેમની શૈલી અજોડ હતી. તેઓ ભગવાન શિવના પરમ ભક્ત અને ઉપાસક હતા અને તેમણે જ વડોદરાને સંસ્કારી નગરી ઉપરાંત શિવનગરીની ઓળખ આપી હતી. તેઓ શિવજીની યાત્રાના આયોજન સાથે તેઓ અતૂટ રીતે જોડાયેલા હતા.

વડોદરા શહેરના વિકાસમાં, ખાસ કરીને પાણી, રસ્તા અને ડ્રેનેજ જેવા પાયાના પ્રશ્નોના નિરાકરણમાં તેમનું યોગદાન અમૂલ્ય રહ્યું છે. વડોદરાની સામાજિક અને સાંસ્કૃતિક ઓળખ સાથે તેઓ સદાય વણાયેલા રહ્યા હતા. યોગેશ કાકા જેવા એક ઉમદા જનસેવકના જવાથી સમગ્ર ગુજરાતના જાહેર જીવનને ક્યારેય ન પુરાય તેવી મોટી ખોટ પડી છે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

# ભચાઉના લાકડીયા નજીક ખાનગી કંપનીના પ્રદૂષણથી ગ્રામજનો ત્રાહિમામ

ભચાઉ - કચ્છઉદય : ભચાઉ તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા મનજી રાઠોડે ભચાઉ પ્રાંત અધિકારી અને નાયબ કલેક્ટરને રજૂઆત કરી લાકડીયા અને કટારીયા સીમ વચ્ચે આવેલી ડેટોક્સ ઈન્ડિયા પ્રા.લિ કંપની દ્વારા ફેલાવવામાં આવતા ભારે પ્રદૂષણ સામે કડક પગલાં ભરવાની માંગ કરી છે. આ કંપની મોટા ઉદ્યોગગૃહોના નકામા કેમિકલ્સના નિકાલનું કામ કરે છે, પરંતુ છેલ્લા કેટલાય વર્ષોથી તેના કારણે વિસ્તારમાં મોટા પાયે હવા, જળ અને જમીનનું પ્રદૂષણ ફેલાઈ રહ્યું છે. ઝેરી હવાના કારણે સ્થાનિક લોકોને શ્વાસ સંબંધિત તકલીફો, કેન્સર, ટીબી, હૃદયઘાત અને ફેફસાંની બીમારીઓ થતાં અનેક લોકોના મૃત્યુ નીપજ્યા હોવાનો ગંભીર આક્ષેપ પણ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત કંપની દ્વારા ચોરીછૂપીથી ટનબંધ ઝેરી કેમિકલ પ્રવાહી ભૂગર્ભમાં ઉતારવામાં આવતું હોવાથી આસપાસના કુવા અને બોરવેલના પાણી હવે પીવાલાયક રહ્યા નથી, જેના કારણે સ્થાનિક લોકો અને પશુઓ ગંભીર બીમારીઓનો ભોગ બની રહ્યા છે.

પ્રદૂષિત હવાના કારણે લાખોની સંખ્યામાં પક્ષીઓના પણ મોત થયા છે. સ્થાનિક ખેડૂતોના જણાવ્યા અનુસાર આ ઝેરી કેમિકલ્સની અસરોથી ખેતીના પાકો પણ હવે ખાવા યોગ્ય રહ્યા નથી. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાને રાખીને કટારીયા જુના, કટારીયા નવા, લાકડીયા, શિવલખા, શિકારપુર અને વાઢીયા જેવા અસરગ્રસ્ત ગામોના તળાવ, કુવા અને બોરવેલના પાણીના નમૂના લઈ તેની સરકારી લેબોરેટરીમાં તપાસ કરાવવાની ખાસ માંગ કરવામાં આવી છે.

ચોંકાવનારી બાબત એ પણ છે કે કંપનીમાં કામ કરતા શ્રમિકોને ઝેરી કેમિકલથી બચવા માટે પીપીઈ કીટ, મોજાં, બૂટ કે કોઈ યોગ્ય તાલીમ જેવી સુરક્ષા સુવિધાઓ આપવામાં આવતી નથી. તેમજ કંપની દ્વારા કામદારોનો બી રોલ પણ નિભાવવામાં આવતો નથી. અગાઉ પણ સામાજિક અને પર્યાવરણ પ્રેમી સંગઠનો દ્વારા રજૂઆતો કરવામાં આવી હતી, પરંતુ તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવાયા નથી. જો આગામી સમયમાં આ કંપની સામે કડક કાર્યવાહી કરીને તેને બંધ કરાવવામાં નહીં આવે, તો સ્થાનિક લોકોને સાથે રાખીને કંપની સામે ધરણાં અને ઉગ્ર જનઆંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રાકૃતિક ખેતી અંગે વીડિયો કોન્ફરન્સ યોજી



ગાંધીનગર : ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીને વધુ વેગ આપવા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ મહત્વપૂર્ણ સૂચનાઓ આપી છે. જિલ્લા કલેક્ટરો, જિલ્લા વિકાસ અધિકારીઓ અને મ્યુનિસિપલ કમિશનરો સાથેની વિડિયો કોન્ફરન્સમાં તેમણે આગામી એક મહિનામાં રાજ્યભરમાં નવા કાયમી પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રો શરૂ કરવા જણાવ્યું છે. તેમણે રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના વધતા ઉપયોગથી જમીન, પાણી અને ખોરાક ઝેરીલા બની રહ્યા હોવાની ચિંતા પણ વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અભિયાનને મિશન મોડમાં આગળ વધારવા અને વધુમાં વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવા અનુરોધ કર્યો હતો.

## પહેલા પાનાથી...

### દિલ્હી બાદ બિહારમાં

અને દરવાજા તોડીને બહાર કાઢવામાં આવ્યા હતા. દર્દીઓના પરિવારજનોએ આક્ષેપ લગાવ્યા છે કે હોસ્પિટલના ડોકટરો અને કર્મચારીઓ દર્દીઓને બચાવવાની જગ્યાએ પડતાં મૂકીને ભાગી ગયા હતા. સમયસર સારવાર ન મળવાને કારણે ઘણા દર્દીઓની હાલત ગંભીર બની હતી. એક જણે કહ્યું કે તેના પિતાને આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા હતા અને આગ લાગ્યા બાદ તેઓને બહાર કાઢવામાં ખૂબ જ મોડું થયું. હોસ્પિટલ વહીવટીતંત્ર તરફથી કોઈ મદદ પણ ન મળી. મૃતકના પરિવારના સભ્યો એવું પણ કહી રહ્યા છે કે હોસ્પિટલ વહીવટીતંત્રે આ બનાવ બાદ મૃતકોના મૃતદેહો સોંપવામાં પણ સહકાર આપ્યો ન હતો.

### અમેરિકી સંસદે ટ્રમ્પ

કરદાતાઓને $૧૦૦ બિલિયનથી વધુનો ખર્ચ કર્યો છે તે અસાધારણ છે અને આપ ણા દેશને ઈરાનની તુલનામાં સંવેદનશીલ સ્થિતિમાં મૂકે છે.કેટલાક રિપબ્લિકન સેનેટરોએ રાષ્ટ્રપતિ સાથે છેડો ફાડી નાખ્યા બાદ, તેમના પક્ષનો રાજકીય વિરોધ દર્શાવતા સેનેટે ગયા મહિને યુદ્ધ સત્તા ઠરાવ પસાર કર્યો હતો. ટ્રમ્પે વ્હાઈટ હાઉસ માટેના તેમના પ્રચાર દરમિયાન વિદેશમાં યુએસ હસ્તક્ષેપો બંધ કરવાનું અને સ્થાનિક મુદ્દાઓ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાનું વચન આપ્યું હતું, પરંતુ યુદ્ધે મધ્ય પૂર્વ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

### હજુ ક્રૂડ ઓઇલ

સ્તરે પહોંચી શકે છે, જેના કારણે સામાન્ય કામગીરી મુશ્કેલ બની શકે છે. રસપ્રદ વાત એ છે કે, JPMorganના અગાઉના અહેવાલ પછી, તેલના ભાવ વધવાને બદલે ઘટ્યા છે, જેના કારણે માંગમાં ઘટાડો થવાની ગતિ ધીમી પડી છે.

### દેશની આર્થિક

બદલવા માટે આહ્વાન કર્યું હતું. આ પ્રેસનોટ મારફતે રાહુલ ગાંધીએ સરકારની આર્થિક નીતિઓની ટીકા કરતા દેશના અર્થતંત્રને લઈને આગામી સમયમાં વધુ સતર્ક રહેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

### ૩૦૦ જહાજોએ હોર્મુઝમાંથી

ગલ્ફ દ્વારા એશિયા જઈ રહ્યા છે. એશિયામાં, મોટાભાગના જહાજો ચીન અને ભારત તરફ લક્ષ્ય રાખતા હતા, જે ગલ્ફ દેશોમાંથી ઈંધણના સૌથી મોટા ખરીદદારોમાંના એક છે.

PGCA યુએસ પ્રતિબંધો હેઠળ આવે છે. PGSA એ જણાવ્યું છે કે દુશ્મન દેશો ને પરમિટ આપવામાં આવશે નહીં. ઈરાને દુશ્મનો દેશો ના જહાજોને પરવાનગી આપવા માટે PGCA ને અધિકૃત કર્યું નથી. ઈરાનની મૈત્રીપૂર્ણ અને સાથી સરકારોના જહાજોને પ્રાથમિકતા આપવામાં આવે છે.

### ગુજરાતમાં ચોમાસામાં

વિભાગોને ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાનના અસરકારક અમલીકરણ માટે તાકીદ કરી હતી.તેમણે ભારે વરસાદ કે પૂરની સ્થિતિમાં રાજ્યના નાગરિકોને મુશ્કેલી ન પડે તે માટે આગોતરા આયોજનના ભાગરૂપે જરૂરી ચીજ-વસ્તુઓ, દવાઓ અને પુરવઠાનો પૂરતો જથ્થો સુનિશ્ચિત કરવાની સૂચના આપી હતી. ચોમાસાના આગમન પૂર્વે રાજ્ય, જિલ્લા તેમજ તાલુકા કક્ષાના કંટ્રોલરૂમ તાત્કાલિક અસરથી શરૂ કરવાની સૂચના પણ આપી હતી.

## રાજ્યની સુરક્ષા સાથે ચેડાં કરનારા દરેક ઘૂસણખોરને ગુજરાતના ખૂણે-ખૂણેથી શોધી તેમના પર કાયદાનો સકંજો કસી બાંગ્લાદેશ મોકલાશેઃ હર્ષ સંઘવી



ગાંધીનગરઃ ગુજરાતની આંતરિક સુરક્ષા, શાંતિ અને સલામતીને સુનિશ્ચિત કરવા માટે ગુજરાત પોલીસ દ્વારા સઘન ઝુંબેશ 'ઓપ રેશન ડેલ્ટા હન્ટ' શરૂ કરવામાં આવી છે. 'ઓપરેશન ડેલ્ટા હન્ટ' અંતર્ગત ૩૬૨ ગેરકાયદેસર બાંગ્લાદેશીઓની ધરપકડ તથા ૭૮૨થી વધુ શંકાસ્પદોની સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે. ઓપરેશન સંદર્ભે વધુ વિગતો આપ તા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દે રાજ્ય સરકારની 'ઝીરો ટોલરન્સ' નીતિ અંતર્ગત રાજ્યની સરહદો ઓળંગી ગેરકાયદેસર આશરો લઈ રહેલા બાંગ્લાદેશી નાગરિકો અને ઘૂસણખોરો વિરૂદ્ધ કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

રાજ્યની સુરક્ષા સાથે ચેડાં કરનારા દરેક ઘૂસણખોરને ગુજરાતના ખૂણે-ખૂણેથી શોધી કાઢી, તેમના પર કાયદાનો સકંજો કસી તેમને બાંગ્લાદેશ મોકલવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ ઓપરેશન હેઠળ અત્યાર સુધીમાં રાજ્યભરમાંથી કુલ ૩૬૨ ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે, જેમાં ૧૦૩ પુરુષ, ૧૮૮ મહિલા અને ૭૧ બાળકોનો સમાવેશ થાય છે. ઓપરેશન અંતર્ગત રાજ્યમાં સૌથી વધુ ૧૫૫ બાંગ્લાદેશી નાગરિકો અમદાવાદ શહેરમાંથી પકડાયા છે. આ ઉપરાંત સુરત શહેરમાંથી ૮૪, અમદાવાદ ગ્રામ્યમાંથી ૩૪, પૂર્વ કચ્છ-ગાંધીધામથી ૧૩ અને ભરૂચમાંથી ૧૨ સહિત વિવિધ વિસ્તારોમાંથી અવૈધ રહેતા બાંગ્લાદેશી નાગરિકો પકડાયા છે. આ ઝુંબેશ દરમિયાન મોટી સંખ્યામાં, એટલે કે ૭૮૨થી વધુ શંકાસ્પદ બાંગ્લાદેશી નાગરિકો પણ મળી આવ્યા છે, જેમની હાલ સઘન પૂછપરછ અને તપાસ ચાલી રહી છે.નાયબ મુખ્યમંત્રી એ કહ્યું હતું કે, ટેક્નોલોજી અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી ગુજરાત પોલીસની ફિલ્ડ યુનિટ્સ માત્ર આ વ્યક્તિઓની જ નહીં, પરંતુ તેમને ગેરકાયદેસર રીતે સિમ કાર્ડ, આશ્રય, નોકરી અથવા નકલી આધાર કાર્ડ અને વોટર આઈડી જેવા ખોટા દસ્તાવેજો પૂરા પાડનાર સ્થાનિક એજન્ટો અને ફેસિલિટેટર્સની પણ ઓળખ કરી રહી છે. ઘૂષણખોરોની મદદ કરનારને પણ બક્ષવામાં આવશે નહીં. પકડાયેલા તમામ ગેરકાયદેસર નાગરિકોને નિયમાનુસાર ડીટેન કરવામાં આવ્યા છે અને તેમને દેશની બહાર ડીપોર્ટ કરવા માટેની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, પોલીસ દ્વારા આ ઓપરેશન ખૂબ ઝીણવટપૂર્વક પ્લાન કરવામાં આવ્યું હતું.

# રાજયમંત્રી ત્રિકમભાઈ છાંગાએ એસટી બસમાં મુસાફરી કરી ઈંધણ બચાવવાનો આપ્યો સંદેશ

અંજાર - કચ્છઉદય : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પશ્ચિમ એશિયામાં સર્જાયેલી યુદ્ધની સ્થિતિને પગલે દેશમાં ઈંધણની બચત કરવા માટે જન પ્રતિનિધિઓ અને નાગરિકોને કરેલી અપીલનો ગુજરાતમાં સકારાત્મક પડઘો પડ્યો છે. આ અપીલને ગંભીરતાથી લઈ અને દેશહિતમાં એક નાનકડું પણ મહત્વનું પગલું ભરતા રાજયમંત્રી ત્રિકમભાઈ છાંગાએ આજે એક સામાન્ય મુસાફરની જેમ એસટી બસમાં પ્રવાસ કરી સૌ માટે આદર્શ રજૂ કર્યો હતો.

આજે સવારે રતનાલથી અંજાર જવા માટે મંત્રી ત્રિકમભાઈ છાંગા પોતાની સરકારી ગાડીને બદલે સીધા એસટી ડેપો પહોંચ્યા હતા. સામાન્ય મુસાફરોની જેમ જ તેમણે બસમાં બેસીને પોતાની મુસાફરી પૂર્ણ કરી હતી. ખાસ વાત એ છે કે, આ પ્રવાસ દરમિયાન તેમણે કોઈ ખાસ વ્યવસ્થા કે વીઆઈપી પ્રોટોકોલ રાખવાને બદલે અન્ય મુસાફરો સાથે હળીમળીને વાતચીત કરી હતી અને તેમની સમસ્યાઓ કે અનુભવો જાણવાનો પ્રયાસ કર્યો હતો.

મંત્રી ત્રિકમભાઈ છાંગાનું આ વર્તન કચ્છના લોકો માટે નવું નથી. જ્યારે તેઓ કચ્છ જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે સેવા આપતા હતા, ત્યારે પણ તેઓ રતનાલથી ભુજ આવવા માટે નિયમિતપણે એસટી બસનો જ ઉપયોગ કરતા હતા. સત્તાના સ્થાને હોવા છતાં પોતાની સાદગી જાળવી રાખવાની તેમની આ આદત અને આજે ઈંધણ બચાવવા માટે આપેલું આ ઉદાહરણ સમાજમાં એક મોટો સંદેશ લઈને આવ્યું છે. તેમના આ સાદગીપૂર્ણ પ્રવાસની તસવીરો સોશિયલ મીડિયા અને સ્થાનિક લોકોમાં



ચર્ચાનો વિષય બની છે, જે ખરેખર પ્રશંસનીય છે.

# ભારત અને અમેરિકા વચ્ચેના કૃષિ ક્ષેત્રના સહકારને ઈફ્કો ઊર્જા પ્રદાન કરશે



## ઈફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીના નેતૃત્વ હેઠળ સંવાદ યોજાયો

ગાંધીધામ - કચ્છઉદય : વોશિંગ્ટન ડી.સી. સ્થિત અમેરિકા - ભારત યુએસઆઈબીસી દ્વારા ઇફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીના નેતૃત્વમાં પીએચડીસીસીઆઈ પ્રતિનિધિ મંડળનું યજમાનપદ સ્વીકારવામાં આવ્યું હતું. બેઠકના મહત્વ અને પ્રભાવને સ્પષ્ટ રીતે દર્શાવે છે. બેઠક પૂર્ણ થયા બાદ યુએસઆઈબીસીએ પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા મંચ પર આ સંવાદને ભારત - અમેરિકા કૃષિ સહકારને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ તરીકે ગણાવ્યો હતો.

યુએસઆઈબીસીએ પોતાના સંદેશમાં જણાવ્યું હતું કે, દિલીપ સંઘાણીના નેતૃત્વ હેઠળ થયેલા વિચાર વિમર્શે કૃષિ ક્ષેત્રમાં ભારત અને અમેરિકા વચ્ચેના સહકારને નવી ગતિ આપવા, સામૂહિક પડકારોના ઉકેલ શોધવા તથા ઉભરતી તકો પર અર્થપૂર્ણ ચર્ચા માટે માર્ગ મોકળો કર્યો છે. પરિષદે ખાસ કરીને નવીનતા આધારિત કૃષિ નીતિઓ, ટકાઉ કૃષિ વિકાસ, ખાદ્ય સુરક્ષા અને ખેડૂતોની સમૃદ્ધિ માટે બંને દેશો વચ્ચે મજબૂત ભાગીદારીની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

અમેરિકાની પ્રતિષ્ઠિત ઉદ્યોગ અને વેપાર સંસ્થા યુએસઆઈબીસી દ્વારા આ બેઠકને જાહેર રીતે વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે, જે ભારતીય સહકારી આંદોલનની વધતી વૈશ્વિક સ્વીકાર્યતા, ઈફકોની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા તેમજ દિલીપ સંઘાણીના નેતૃત્વ હેઠળ ભારતીય ખેડૂતોના હિતોને વૈશ્વિક મંચો પર અસરકારક રીતે રજૂ કરવાની ક્ષમતાનું પ્રમાણ છે.

બેઠક દરમિયાન કૃષિ ઉત્પાદકતા વધારવા, અદ્યતન કૃષિ ટેકનોલોજીના ઉપયોગ, જમીનના આરોગ્યમાં સુધારો, ખેડૂતોને ટેકનિકલ સહાય પૂરી પાડવા, નવીનતા આધારિત કૃષિ ઉકેલો વિકસાવવા તેમજ ખાદ્ય અને પોષણ સુરક્ષાને વધુ મજબૂત બનાવવા જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

બંને દેશોના કૃષિ નિષ્ણાતો, નીતિ નિર્માતાઓ અને ઉદ્યોગ પ્રતિનિધિઓએ સહમતી વ્યક્ત કરી કે ભારત અને અમેરિકા વચ્ચે વધતો સહકાર કૃષિ ક્ષેત્રમાં નવી તકોના દ્વાર ખોલશે અને ખેડૂતોને લાંબા ગાળાનો લાભ પહોંચાડશે. દિલીપ સંઘાણીના નેતૃત્વ હેઠળ યોજાયેલ આ સંવાદ ભારત-અમેરિકા કૃષિ ભાગીદારીને નવી દિશા આપવા, સહકારિતા આધારિત કૃષિ વિકાસને વૈશ્વિક સ્તરે નવી ઓળખ અપાવવા તથા ખેડૂતોની આવક, ઉત્પાદકતા અને કૃષિ સુરક્ષાને વધુ મજબૂત બનાવવા તરફનું એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે.

# અંજાર આરટીઓમાં એઆઈ આધારીત ડ્રાઈવિંગ લાયસન્સની પરીક્ષા શરૂ

## ભુજ આરટીઓમાં આગામી સપ્તાહે એઆઈ ટેસ્ટ ટ્રેક શરૂ થશે

ભુજ - કચ્છ ઉદય : છેલ્લા લાંબા સમયથી આરટીઓના ટેસ્ટ ટ્રેક એઆઈ આધારિત થવાની ચર્ચાઓ વચ્ચે હવે અંતે કામગીરીનો આરંભ થયો છે. પૂર્વ કચ્છની અંજાર આરટીઓ કચેરી ખાતે એઆઈ આધારિત વાહન લાયસન્સ મેળવવાની પ્રક્રિયા શરૂ થઈ છે. ભુજ આરટીઓમાં આગામી સપ્તાહે ટેસ્ટ ટ્રેક શરૂ થશે.

રાજ્યભરમાં ડ્રાઈવિંગ લાયસન્સ પ્રક્રિયાને વધુ અસરકારક અને ગેરરીતિમુક્ત બનાવવા માટે પરિવહન વિભાગ દ્વારા તબક્કાવાર એ.આઈ. આધારિત સિસ્ટમ અમલમાં મૂકવામાં આવી રહી છે. તેના ભાગરૂપે અંજાર ખાતે આવેલી પૂર્વ કચ્છ આર.ટી.ઓ. કચેરીમાં છેલ્લા કેટલાક મહિનાઓથી આધુનિક ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક અને ડિજિટલ મોનિટરિંગ સિસ્ટમ તૈયાર કરવાની કામગીરી ચાલી રહી હતી. નવી વ્યવસ્થા હેઠળ ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર બંને પ્રકારના અરજદારો માટેના ટેસ્ટ ટ્રેક પર ઉચ્ચ ગુણવત્તાવાળા કેમેરા, સેન્સર અને સ્વયંસંચાલિત મોનિટરિંગ સાધનો ગોઠવવામાં આવ્યા છે. પરીક્ષા શરૂ કરતા પહેલાં અરજદારે પોતાની ઓળખ માટે ચહેરાનું સ્કેનિંગ કરાવવું પડે છે. ત્યારબાદ વાહનમાં સેન્સર ગોઠવવામાં આવે છે, જે સમગ્ર પરીક્ષા દરમિયાન વાહનની ગતિવિધિઓની માહિતી સિસ્ટમ સુધી પહોંચાડે છે. ડ્રાઈવિંગ ટેસ્ટ દરમિયાન ટ્રેક પરના વિવિધ સ્થળોએ ગોઠવાયેલા કેમેરા અરજદારની દરેક હિલચાલ પર સતત નજર રાખે છે. વાહન નિર્ધારિત માર્ગની બહાર જાય, વાહનનું સંતુલન બગડે, નિશ્ચિત નિયમોનું પાલન ન થાય અથવા અન્ય કોઈ ભૂલ થાય તો તે તરત જ સિસ્ટમમાં નોંધાઈ જાય છે. સમગ્ર પ્રક્રિયાનું વિશ્લેષણ કૃત્રિમ બુદ્ધિમત્તા દ્વારા કરવામાં આવે છે અને તેના આધારે પરિણામ તૈયાર થાય છે.

અગાઉ ડ્રાઈવિંગ ટેસ્ટ અંગે ક્યારેક પારદર્શિતા અને ગેરરીતિને લઈને પ્રશ્નો ઊભા થતા હતા. જોકે એ.આઈ. આધારિત વ્યવસ્થા અમલમાં આવતાં હવે પરીક્ષાનું મૂલ્યાંકન સંપૂર્ણપણે ડિજિટલ અને નિષ્પક્ષ રીતે થશે. પરીક્ષા દરમિયાન કોઈ અધિકારી અથવા કર્મચારી દ્વારા અરજદારને સીધા પાસ કરાવવાની સત્તા રાખવામાં આવી નથી. પરિણામ સંપૂર્ણપણે સિસ્ટમના મૂલ્યાંકન પર આધારિત રહેશે, જેના કારણે લાયસન્સ પ્રક્રિયાની વિશ્વસનીયતા વધુ મજબૂત બનશે. એ.આઈ. સિસ્ટમ દ્વારા સમગ્ર ડેટાનું વિશ્લેષણ થયા બાદ પાસ કે નાપાસ થયાની જાણકારી મોકલી આપવામાં આવે છે. ભુજ આરટીઓમાં પણ ટ્રેકની ફરતે દીવાલ, વેઈટીંગ એરિયા, કેમેરા સેન્સર વગેરે ગોઠવાઈ ગયા છે. ઉપરથી મંજૂરી મળતા આગામી અઠવાડિયામાં એઆઈ ટેસ્ટ ટ્રેક શરૂ થવાની શક્યતા છે. પૂર્વ કચ્છમાં બુધવારે પ્રથમ દિવસે પરીક્ષા આપનારા મોટા ભાગના અરજદારો ફેઈલ થયા હતા. જોવા જઈએ તો ફોર-વ્હીલર માટે કુલ ૩૩ અરજદારોએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૨ અરજદારો સફળ થયા હતા. જ્યારે ટુ-વ્હીલર માટે ૬૬ અરજદારોએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૫૩ અરજદારો પાસ થયા હતા.



રાજકોટ મહાનગરપાલિકાના નવનિયુક્ત પદાધિકારીઓએ પ્રદેશ કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ વેળાએ પ્રદેશ ભાજપ મહામંત્રી અને માંડવી - મુંદરાના ધારાસભ્ય અનિરૂદ્ધભાઈ દવે તસવીરમાં દ્રશ્યમાન થાય છે.

# મુન્દ્રા માટે માધ્યમિક શાળા મંજૂર કરવા બદલ પૂર્વ ધારાસભ્યએ સરકારનો માન્યો આભાર

મુન્દ્રા - કચ્છઉદય : રાજ્ય સરકાર દ્વારા મુન્દ્રા ખાતે નવીન સરકારી માધ્યમિક શાળાને મંજૂરી આપવામાં આવી છે. આ મહત્વપૂર્ણ શૈક્ષણિક મંજૂરી આપવા બદલ મુન્દ્રા ગાંધીધામના પૂર્વ ધારાસભ્ય રમેશ મહેશ્વરીએ રાજ્ય સરકાર અને સ્થાનિક નેતૃત્વનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે. પૂર્વ ધારાસભ્ય રમેશ મહેશ્વરીએ આ ભગીરથ કાર્ય માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, કેબિનેટ મંત્રી પ્રદ્યુમનભાઈ વાજા તેમજ રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી ત્રિકમભાઈ છાંગાનો વિશેષ આભાર માન્યો છે. આ સાથે જ તેમણે ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી અને માંડવી વિધાનસભાના ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવેનો પણ આ મંજૂરી અપાવવામાં સહયોગી બનવા બદલ ખૂબ ખૂબ આભાર પ્રગટ કર્યો છે. મુન્દ્રા શહેરમાં આ નવી સરકારી માધ્યમિક શાળા શરૂ થવાથી સ્થાનિક સ્તરે શિક્ષણનું સ્તર વધુ મજબૂત બનશે અને મધ્યમ તેમજ ગરીબ વર્ગના વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણનો મોટો લાભ મળશે તેવી લાગણી પૂર્વ ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરીએ વ્યક્ત કરી હતી.

# જિલ્લા વિકાસ અધિકારીએ મંગવાણા-જીયાપર ગામની મુલાકાત લીધી





## આંગણવાડી, પ્રા.આ. કેન્દ્ર સહિત વિકાસકામોની જાત મુલાકાત લઈ સમીક્ષા કરી

નખત્રાણા - કચ્છઉદય : જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમે આજે તાલુકાના મંગવાણા - જીયાપર ગામની મુલાકાત લીધી હતી. મંગવાણા ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર, સબ સેન્ટર -રની મુલાકાત લીધી હતી, ત્યારબાદ આંગણવાડીની મુલાકાત બાદ ગ્રામ પંચાયત ખાતે દફતર ચકાસણી કરી હતી. મંગવાણા ગામે ચાલતા વિકાસકામોની જાત મુલાકાત લઈ અને અન્ય વિકાસકામોની ખુટતી કડીઓ અંગે જણાવવા કહ્યું હતું. નનામા ડુંગરના વિકાસ ઉપરાંત જીયાપર ગામે પંચાયત ઘરની મુલાકાત લઈ દફતર ચકાસણી કરી હતી. તેમની સાથે સરપંચ અરૂણાબેન ધર્મેન્દ્રગિરિ ગોસ્વામી, ટીડીઓ રાજેશભાઈ સોની, દિપાબેન આચાર્ય (વિસ્તરણ અધિકારી), સીડીપીઓ શાન્તાબેન ચુડાસમા, ધર્મેન્દ્રગિરિ ગોસ્વામી, ભૂમિકાબેન છાંટબાર, એસઓ કે.પી. આહિર, ડોડિયાભાઈ, મહિપાલભાઈ, જીયાપર સરપંચ અલ્પાબેન પટેલ, ગામના અગ્રણીઓ, ગ્રામ પંચાયતના સભ્યો સાથે રહ્યા હતા.

# અદાણી ફાઉન્ડેશને ક્લબફૂટથી અસરગ્રસ્ત ૧૦,૦૦૦થી વધુ બાળકોને સહાયરૂપ થવા અનુષ્કા ફાઉન્ડેશન સાથે ભાગીદારી કરી

ગાંધીધામ - કચ્છઉદય : ક્લબફૂટને દૂર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરતી વિશિષ્ટ બિનનફાકારક સંસ્થા અનુષ્કા ફાઉન્ડેશન સાથે દેશના પાંચ રાજ્યોમાં ક્લબફૂટથી પ્રભાવિત ૧૦,૦૦૦ થી વધુ બાળકોને સહાયરુપ થવા અદાણી સમૂહની સમાજ કલ્યાણ અને વિકાસ પાંખ અદાણી ફાઉન્ડેશને ભાગીદારી કરી છે. વિશ્વ ક્લબફૂટ દિવસ નિમિત્તે ત્રણ વર્ષ માટે જાહેર કરાયેલ આ પહેલ મારફત મધ્યપ્રદેશ, હરિયાણા, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર અને હિમાચલ પ્રદેશના ૬૧ જિલ્લાઓમાં સારવારની પહોંચને વિસ્તૃત કરવા સાથે જાહેર આરોગ્ય પ્રણાલીઓને મજબૂત બનાવી લાંબા ગાળાની સંભાળમાં સુધારો કરશે.





ઔપચારિક રીતે આ ભાગીદારીના મંગલાચરણ ઉત્તરપ્રદેશની મહત્વપૂર્ણ જાહેર આરોગ્ય સંભાળ સંસ્થાઓમાંની એક કાનપુરની માન્યાવર કાંશીરામ સંયુક્ત ચિકિત્સાલય અને ટ્રોમા સેન્ટર ખાતે કરવામાં આવ્યા છે. એક જન્મજાત સ્થિતિ એવા ક્લબફૂટમાં જન્મ સમયે બાળકના એક અથવા બંને પગ અંદરની તરફ વળેલા હોય છેજે લગભગ ૮૦૦ નવજાત શિશુઓમાંથી એકને અસર કરે છે. અનુષ્કા ફાઉન્ડેશનના ક્લબફૂટ નિર્મિત કાર્યક્રમ સાથે જોડાવાની આ પહેલ દ્વારા સમુદાય સુધીની પહોંચ, ક્લિનિકલ સંભાળ, ક્ષમતા નિર્માણ અને કુટુંબ સહાયને જોડતા મોડેલ દ્વારા ત્રણ વર્ષમાં ૧૦,૦૦૦ થી વધુ બાળકોને સહાય કરાશે. કાર્યક્રમ પાંચ રાજ્યોના ૬૧ જિલ્લાઓમાં ૬૭ જેટલા ક્લબફૂટ ક્લિનિક્સને મજબૂત આધાર આપી૫૧ આરોગ્ય સંભાળ વ્યાવસાયિકોની ક્ષમતાઓને તાકાતવાન બનાવશે. પ્રારંભિક તપાસ અને રેફરલ સુધારવા માટે ૩૦,૦૦૦ થી વધુ ફ્રન્ટલાઈન આરોગ્ય કર્મચારીઓના અભિગમને વધુ સંવેદનશીલ બનાવશે.

અદાણી ફાઉન્ડેશનના ચેરપર્સન ડૉ. પ્રીતિ અદાણીએ જણાવ્યું હતું કે કોઈ પણ બાળક ક્લબ ફૂટ જેવી બીમારીના કારણે પાછળ ન રહેવું જોઈએ. ડો. પ્રીતિ અદાણીએ ઉમેર્યું હતું કે અનુષ્કા ફાઉન્ડેશન ક્લબફૂટથી મુક્ત ભવિષ્યની દીશામાં કામ કરી રહ્યું હોવાથી અમે આ મિશનને આગળ વધારવા માટે અમે સન્માનભાવ અનુભવીએ છીએ.

અનુષ્કા ફાઉન્ડેશનના સ્થાપક દીપક પ્રેમનારાયણે જણાવ્યું હતું કે બાળપણની વિકલાંગતાઓમાં એક સૌથી વધુ સારવાર પાત્ર હોવા છતાં દર વર્ષે હજારો બાળકો આજે પણ સમયસર સંભાળથી વંચિત રહ્યા છે. અદાણી ફાઉન્ડેશન સાથેની આ ભાગીદારી પાંચ રાજ્યોના ૬૧ જિલ્લાઓમાં ગુણવત્તાયુક્ત સારવારની પહોંચને વિસ્તૃત કરવામાં મદદ કરશે. ભારતમાં દર વર્ષે ક્લબફૂટ સાથે જન્મતા અંદાજે ૩૩,૦૦૦ બાળકોમાંથી પાંચ રાજ્યોના લગભગ ૧૨,૦૦૦ બાળકોને આ કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. સપ્રેમનારાયણ પરિવાર દ્વારા સ્થાપિત અને જીવંત અનુભવથી પ્રેરિત, અનુષ્કા ફાઉન્ડેશન એક વિશિષ્ટ બિનનફાકારક સંસ્થા છે જે જાહેર આરોગ્ય ભાગીદારી, ક્ષમતા નિર્માણ અને પરિવાર - કેન્દ્રિત સંભાળ દ્વારા ક્લબફૂટને દૂર કરવા માટે કાર્યરત છે. આ સંસ્થા હાલમાં ૧૩ રાજ્યોના ૧૬૫ જિલ્લાઓમાં ક્લબફૂટ સારવાર કાર્યક્રમોને ટેકો આપી ૨૬,૦૦૦ થી વધુ બાળકોની સંભાળને સક્ષમ બનાવી છે. આજે, ભારતમાં ક્લબફૂટ સાથે જન્મેલા છમાંથી એક બાળક અનુષ્કા - સમર્થિત ક્લિનિક દ્વારા સારવાર મેળવે છે.

# અદાણી ફાઉન્ડેશન દ્વારા કચ્છમાં ૧,૫૬,૯૫૧ વૃક્ષોનું વાવેતર





મુંદરા - કચ્છઉદય : વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિત્તે અદાણી ફાઉન્ડેશન દ્વારા શરૂ કરાયેલ "અદાણી વન" પહેલ કચ્છના ગામોમાં અત્યાર સુધીમાં ૨૫ અદાણી વન વિસ્તારો વિકસાવવામાં આવ્યા છે, જેમાંથી ૨૦ અદાણી વન સ્થળો સીધા ગામ સ્તરે તૈયાર કરવામાં આવ્યા છે. આ તમામ સ્થળોએ મળી આશરે ૧,૫૬,૯૫૧ વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું છે, જે કુલ ૭૬.૫ એકર જમીનમાં ફેલાયેલ છે. વિવિધ પ્રજાતિના વૃક્ષો અને છોડનો સમાવેશ થાય છે. આ દ્વારા વાઈલ્ડ લાઈફ પશુઓ માટે રહેઠાણ, પક્ષીઓ માટે સુરક્ષિત વસવાટ તથા સ્થાનિક હવામાન તાપમાનમાં નિયંત્રણ થાય છે, જે લાંબા ગાળે સ્થાયી પર્યાવરણ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. ફાઉન્ડેશને ગામોમાં આવેલ શાળાઓ, હોસ્પિટલો, સમાજવાડી, મંદિરો અને અન્ય જાહેર સ્થળોએ પણ વિશાળ સ્તરે વૃક્ષારોપણ પ્રવૃત્તિઓ હાથ ધરેલી છે. આ વિભાગ હેઠળ અત્યાર સુધીમાં ૧,૦૮,૭૬૬ વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું છે, જેના પરિણામે સમાજમાં હરિયાળો વિસ્તાર વધારવાની સાથે પર્યાવરણ અંગે જાગૃતિ પણ વધારવામાં સફળતા મળી છે. મુન્દ્રા વિસ્તારમાં કુલ ૨,૬૪,૮૧૭ વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું છે, જે કચ્છના પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળો વિકાસ માટે નોંધપાત્ર યોગદાન પૂરું પાડે છે.

આગામી વર્ષ ૮ નવા અદાણી વન વિકસાવવામાં આવશે તેમજ ૪૦,૦૦૦થી વધુ વૃક્ષોનું રોપણ કરવાનો નિશ્ચય કરવામાં આવ્યો છે. આ યોજનાઓ દ્વારા આગામી સમયમાં કચ્છ વિસ્તારમાં હરિયાળો વિસ્તાર નોંધપાત્ર રીતે વધશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે. ૬ જૂનના વાંકી ખાતે વિશેષ વૃક્ષારોપણ કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું છે. પર્યાવરણીય કામ માટે મુંદ્રા તાલુકાનાં નાના કપાયા, બોરાણા, દેશલપર, ઝરપરા,મોટી ભુજપુર, નાની ખાખર,મોટી ખાખર,વિરાણીયા રામાણીયા, બેરાજા,વાંકી, ટુંડા, મોટા કાંડાગરા, અંજાર તાલુકા ના વીરા ગામ અને ભુજના ખાવડા અને તુગા દયાપરના જાડવાગામ અને નખત્રાણા ઉગેડી વગેરે ગ્રામ પંચાયતો અને ગ્રામજનોના સહકારથી ખૂબ સફળતા મળી છે.

## ખાવડાની કંપનીમાં ટ્રક પલ્ટી જતા આધેડ ઘવાયા

ભુજ - કચ્છ ઉદય : તાલુકાના ખાવડા વિસ્તારમાં આવેલી એગ્રોસેલ કંપનીમાં ટ્રક પલ્ટી જતા આધેડ ઘવાયા હતા.

આ અંગેની વિગતો મુજબ ટ્રકમાંથી માલ ખાલી કરતી વખતેટ્રક પલટી મારી ગઈ હતી. જેમાં ગાંધીધામના ૪૯ વર્ષિય રાજીવ રાજેન્દ્રકુમારને ઈજાઓ થઈ હતી. તેઓને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. હાથ અને ખંભાના ભાગે ઈજાઓ થઈ હોવાનું હોસ્પિટલ ચોકીએથી જાણવા મળ્યું હતું.

# રાપર વિસ્તારમાં ખેતરમાંથી મોટર કેબલની ચોરી કરનાર બે ઈસમો પોલીસ પકડમાં

રાપર - કચ્છઉદય : રાપર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખેતરમાંથી મોટર કેબલની ચોરી કરનાર ઈસમો વિરુદ્ધ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, રાપર પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નંબર ૧૧૬૬ ૩૦૧૦૨ ૬૦૩૨૪/ ૨૦૨૬ મુજબ, તારીખ ૨૫/૦૪/૨૦૨૬ની રાત્રિના ૨૩:૦૦ વાગ્યાથી તારીખ ૨૬/૦૪/૨૦૨૬ની સવારના ૦૮:૦૦ વાગ્યાના સમયગાળા દરમિયાન રમેશભાઈ રણછોડભાઈ દુબરિયા (પટેલ)ની વાડીએથી અજાણ્યા ઈસમોએ આશરે ૮૦ મીટર લાંબો મોટર કેબલ ચોરી કરી લીધો હતો, જેની અંદાજિત કિંમત ૧૫,૦૦૦/- (પંદર હજાર) રૂપિયા થાય છે. તપાસ દરમિયાન આ ગુનામાં કોઠારિયા, તાલુકો જોડિયા, જિલ્લો જામનગર ખાતે રહેતા અનવર સતાર જત અને હાજી સતારભાઈ જત નામના બે ઈસમોની સંડોવણી બહાર આવતા પોલીસે તેમની સામે બીએનએસ કલમ ૩૦૩(૨) અને ૪૮ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ સમગ્ર કામગીરીમાં રાપર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ચંદનભાઈ ઈશ્વરભાઈ તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર એચ. વી. કાતરિયા દ્વારા મહત્વની ભૂમિકા ભજવવામાં આવી છે.

# ભચાઉમાં પાર્ક કરેલી મોટર સાયકલની ચોરી

ભચાઉ - કચ્છઉદય : ભચાઉ શહેર વિસ્તારમાંથી એક મોટરસાયકલ ચોરી થઈ જવાના બનાવે સ્થાનિકોમાં ચિંતા વ્યાપી છે. આ અંગે ભચાઉ પોલીસ મથકે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ ભચાઉના ભવાનીપુર કોલીયાસરી નીચલા વાસ ખાતે રહેતા જયેશભાઈ દિનેશભાઈ વાલ્મીકિએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે ગત તા. ૧૭ એપ્રિલ, ૨૦૨૬ના રોજ વહેલી સવારે અંદાજે ૪ થી ૫ વાગ્યાના સમયગાળા દરમિયાન તેમના રહેણાંક વિસ્તારની બહાર પાર્ક કરેલી બ્લેક કલરની હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ નંબર જીજે ૦૮ ઈ ૭૪૯૯ કોઈ અજાણ્યા શખ્સ દ્વારા ચોરી કરી લેવામાં આવી હતી. વાહનની અંદાજિત કિંમત રૂ. ૫૦ હજાર હોવાનું જણાવાયું છે. ફરિયાદીના જણાવ્યા મુજબ નોકરી તથા અન્ય વ્યક્તિગત વ્યસ્તતાઓના કારણે તેઓ તાત્કાલિક પોલીસ ફરિયાદ નોંધાવી શક્યા ન હતા. બાદમાં વાહનની શોધખોળ કરવા છતાં કોઈ માહિતી ન મળતા અંતે તેમણે પોલીસનો સંપર્ક કર્યો હતો. ભચાઉ પોલીસે ફરિયાદના આધારે અજાણ્યા શખ્સ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૩(૨) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સમગ્ર મામલે યુ.એચ.સી. સંજયભાઈ નાનાભાઈ પરમાર તપાસ ચલાવી રહ્યા છે. પોલીસ દ્વારા આસપાસના વિસ્તારોના સીસીટીવી ફૂટેજ તેમજ અન્ય તકનિકી પુરાવાઓના આધારે આરોપીની ઓળખ મેળવવાના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે.

## જાહેર નોટીસ

આથી હું ગીતાબેન નાનજી રાઠોડ, રહે : ઓ.આર. એચ-૧૪૨, એસ.એફ. એસ, વોર્ડ નં-૪ બી (ડી), આદિપુર-કચ્છ વાળાવાળા આથી સર્વ લાગતા વગળતાઓને જણાવવાનું કે, મારી માલિકીની મિલ્કત ઓ. આર. એચ-૧૪૨, એસ. એફ. એસ, વોર્ડ નં-૪ બી (ડી), આદિપુર-કચ્છ વાળાનો અસલ દસ્તાવેજ તા. ૦૧/૦૬/૨૦૨૬ ના રોજ એસ. આર.સી ની ઓફીસ તરફ જઈ રહી હતી ત્યારે સવાર ના ૧૧ થી ૧૧ :૩૦ વાગ્યાના આરસામાં અસલ દસ્તાવેજ ગુમ થઇ ગયેલ હોઈ જો કોઈ વ્યકિતને મળે તો અમોને જાણ કરવા વિનંતી તેમજ અમારી જાણ બહાર ઉપરોકત મિલ્કતનો અસલ દસ્તાવેજ કોઈને મળે તો તે વ્યકિત સાથે અમારી જાણ બાહર વ્યવહાર કરશે તે અમોને બંધનકર્તા રહેશે નહી તથા તેમાં અમારી કોઈપણ જવાબદારી રહેશે નહી. જેની સર્વએ નોંધ લેવી અને ઉપરોકત મિલ્કત મા કોઇપણ વ્યકિતને વર વાંધો હોય દિન-૭ માં તકરાર લેવી નહીતર સાત દિવસ પછી કોઇપણ તકરાર માન્ય રહેશે નહી.

અમારી સુચના થી,
ગીતાબેન નાનજી રાઠોડ

હિતેષ આલવાણી
(એડવોકેટ)
ઓફીસ નં-૫, આદીનાથ આર્કેડ-૨,
પ્લોટ નં-૫૭૬, વોર્ડ નં-૧૨/સી,
ગાંધીધામ-કચ્છ.

## લખપતના સથવારી બેટ પાસેથી ચરસના ૧૦ પેકેટ મળ્યા

ભુજ - કચ્છ ઉદય : લખપત તાલુકાના સથવારી બેટ કિનારેથી ચરસના પેકેટ મળી આવ્યા હતા. બીએસએફના જવાનો પેટ્રોલિંગ કરતા હતા ત્યારે ૧૦ પેકેટ મળ્યા હતા. ૧૦ દિવસ અગાઉ આ વિસ્તારમાંથી ચરસના ૧૧ પેકેટ મળ્યા હતા. દરિયો ફરી એકવાર રફ બનતા પેકેટ તણાઈને કિનારા પર આવી રહ્યા છે. અબડાસા અને લખપત તાલુકાના વિવિધ દરિયાઈ વિસ્તારમાંથી પેકેટ મળી રહ્યા છે.

## ભુજમાં રામધુન પાસે આધેડનો દેહ મળ્યો

ભુજ - કચ્છ ઉદય : શહેરમાં હમીરસર તળાવ પાસે રામધુન નજીક બુધવારે બપોરે આધેડ બેભાન હાલતમાં મળી આવતા તેઓને જી.કે.માં લઈ જવામાં આવ્યા હતા. અજાણ્યા અંદાજે ૪૫ વર્ષિય પુરુષને જી.કે.ના તબીબે મૃત જાહેર કર્યા હતા. પોલીસે ઓળખના ચક્રો ગતિમાન કર્યા હતા.

# રાપરમાં લૂંટ કેસના બે આરોપીઓના આગોતરા જામીન મંજૂર

રાપર - કચ્છઉદય : રાપર પોલીસ મથકે નોંધાયેલા હુમલા અને લૂંટના એક ગુનામાં સંડોવાયેલા બે આરોપીઓના આગોતરા જામીન ભચાઉની અધિક સેશન્સ કોર્ટે મંજૂર કર્યા છે. આ કેસની વિગત મુજબ, તારીખ ૨૦/૧૧/૨૦૨૫ ના રોજ રાપર ખાતે આરોપીઓએ ફરિયાદી સાથે ઝપાઝપી કરીને તેમના પેન્ટના ખિસ્સામાંથી રોકડા રૂપિયા ૪,૯૦૦ ની લૂંટ ચલાવી હતી. આ સાથે જ આરોપી કાંતિ ધનજી રાઠોડે ફરિયાદીનો મોબાઈલ ફોન ઝૂંટવીને ફેંકી દીધો હતો, જેનાથી મોબાઈલની સ્ક્રીનને નુકસાન થતાં ફરિયાદીને રૂપિયા ૨૫,૦૦૦ નું આર્થિક નુકસાન થયું હતું અને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. આ ગુનામાં આરોપી ધનજી કરશન રાઠોડે મદદગારી કરી હતી. આ મામલે રાપર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા આરોપીઓ કાંતિ ધનજી રાઠોડ અને ધનજી કરશન રાઠોડે ભચાઉની અધિક સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન મેળવવા અરજી કરી હતી. ભચાઉના અધિક સેશન્સ જજ બી. એલ. ચૌથાણીએ બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ આરોપીઓની આગોતરા જામીન અરજી મંજૂર કરતો હુકમ કર્યો હતો. આ કેસમાં આરોપીઓ વતી વકીલ વિજયભા પી. ગઢવીએ કોર્ટમાં હાજર રહી દલીલો રજૂ કરી હતી.

## જાહેર હરાજી – નિવિદા

આથી શ્રી કારગો પ્રા.શાળા- ૨, ગાંધીધામ (કચ્છ) ના શિક્ષણ સમિતિ, જિલ્લા પંચાયત, કચ્છ-ભુજ દ્વારા શ્રી કારગો પ્રા.શાળા- ૨, એકતા નગર કારગોપેટ્રોલ પંપની પાસે ગાંધીધામમાં આવેલ પાકા રૂમ- ૪ (ચાર) જર્જરિત હાલતમાં હોઈ તોડી તેનો કાટમાળ લઈ જવાની શરતે જાહેર હરાજી શ્રી કારગો પ્રા.શાળા- ૨ એકતા નગર કારગો-પેટ્રોલ પંપની પાસે ગાંધીધામ મધ્યે તા. ૧૨/૦૬/૨૦૨૬ શુક્રવારના સવારે ૯.૦૦ કલાકે રાખવામાં આવેલ છે.

હરાજીમાં ઉપસ્થિત વ્યક્તિઓને હરાજી અંગેની શરતો વાંચી સંભળાવવામાં આવશે.

ભાવનાબેન હરજીભાઈ ચૌહાણ
અધ્યક્ષશ્રી,
શાળા વ્યવસ્થાપન સમિતિ
(એસ.એમ.સી.) શ્રી કારગો પ્રા.શાળા-૨

સતિશકુમાર આર. ક્ષત્રિય
આચાર્યશ્રી,
શ્રી કારગો પ્રા.શાળા-૨
ગાંધીધામ-કચ્છ.

## જાહેર હરાજી – નિવિદા

આથી શ્રી ગાંધીધામ પ્રા.શાળા- ૧ ગાંધીધામ (કચ્છ) ના શિક્ષણ સમિતિ, જિલ્લા પંચાયત, કચ્છ-ભુજ દ્વારા શ્રી ગાંધીધામ પ્રા.શાળા- ૧ શિવાજી પાર્ક ની પાછળ, ગીધવાણી શાળાની બાજુમાં ગાંધીધામમાં આવેલ પાકા રૂમ- ૩ (ત્રણ) જર્જરિત હાલતમાં હોઈ તોડી તેનો કાટમાળ લઈ જવાની શરતે જાહેર હરરાજી શ્રી ગાંધીધામ પ્રા.શાળા- ૧ શિવાજી પાર્ક ની પાછળ, ગીધવાણી શાળાની બાજુમાં ગાંધીધામ મધ્યે તા. ૧૩/૦૬/૨૦૨૬, શનીવારના સાંજે ૪:૩૦ કલાકે રાખવામાં આવેલ છે.

હરરાજીમાં ઉપસ્થિત વ્યક્તિઓને હરરાજી અંગેની શરતો વાંચી સંભળાવવામાં આવશે.

ભરતભાઈ બી. ચૌધરી
અધ્યક્ષશ્રી,
શાળા વ્યવસ્થાપન સમિતિ
(એસ.એમ.સી.) શ્રી ગાંધીધામ પ્રા.શાળા-૧

નીતિનભાઈ જે. પારેજીયા
આચાર્યશ્રી,
શ્રી ગાંધીધામ પ્રા.શાળા-૧
ગાંધીધામ-કચ્છ.

## જાહેર હરાજી – નિવિદા

આથી જિલ્લા પંચાયત પ્રાથમિક શાળા નં. ૨ ગાંધીધામ (કચ્છ) શિક્ષણ સમિતિ, જિલ્લા પંચાયત, કચ્છ-ભુજ દ્વારા જિલ્લા પંચાયત પ્રાથમિક શાળા નં. ૨, શિવાજી પાર્કની પાછળ ગાંધીધામમાં આવેલ પાકા રૂમ- ૪ (ચાર) જર્જરિત હાલતમાં હોઈ તોડી તેનો કાટમાળ લઈ જવાની શરતે જાહેર હરાજી જિલ્લા પંચાયત પ્રાથમિક શાળા નં. ૨ શિવાજી પાર્કની પાછળ ગાંધીધામ મધ્યે તા. ૧૩/૦૬/૨૦૨૬ શનિવારના સાંજે ૪:૦૦ કલાકે રાખવામાં આવેલ છે.

હરાજીમાં ઉપસ્થિત વ્યક્તિઓને હરાજી અંગેની શરતો વાંચી સંભળાવવામાં આવશે.

સંજુદેવી શર્મા
અધ્યક્ષશ્રી,
શાળા વ્યવસ્થાપન સમિતિ
(એસ.એમ.સી.) જિલ્લા પં.પ્રા.શાળા નં.-૨

જીતેન્દ્ર જે. મેઘાણી
આચાર્યશ્રી,
જિલ્લા પં.પ્રા.શાળા નં.-૨
ગાંધીધામ-કચ્છ.

## જાહેર હરાજી – નિવિદા

આથી શ્રી બાપાસીતારામ નગર પ્રા.શાળા, ગાંધીધામ (કચ્છ) ના શિક્ષણ સમિતિ,જિલ્લા પંચાયત, કચ્છ-ભુજ દ્વારા શ્રી બાપાસીતારામ નગર પ્રા.શાળા, કારગો-પેટ્રોલ પંપની પાછળ ગાંધીધામમાં આવેલ પાકા રૂમ- ૬ (છ) જર્જરિત હાલતમાં હોઈ તોડી તેનો કાટમાળ લઈ જવાની શરતે જાહેર હરાજી શ્રી બાપાસીતારામ નગર પ્રા.શાળા, કારગો-પેટ્રોલ પંપની પાછળ ગાંધીધામ મધ્યે તા. ૧૨/૦૬/૨૦૨૬ શુક્રવારના સવારે ૧૨.૦૦ કલાકે રાખવામાં આવેલ છે.

હરાજીમાં ઉપસ્થિત વ્યક્તિઓને હરાજી અંગેની શરતો વાંચી સંભળાવવામાં આવશે.

પરમાર કંચનબેન કનુભાઈ
અધ્યક્ષશ્રી,
શાળા વ્યવસ્થાપન સમિતિ
(એસ.એમ.સી.)

કાંતાબેન એલ. કલાસવા
આચાર્યશ્રી,
શ્રી બાપાસીતારામ નગર પ્રા.શાળા
ગાંધીધામ-કચ્છ.

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આદિપુરના હરિ આસરો ટ્રસ્ટ ખાતે ૧૫ દિવસીય બાળ સમર કેમ્પનું ભવ્ય સમાપન







ગાંધીધામ : ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા પૂર્વ કચ્છ જિલ્લાના ગાંધીધામ હેઠળ આવેલા આદિપુરના 'હરિ આસરો ટ્રસ્ટ' ખાતે ૧૫ દિવસીય બાળ સમર કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં બાળકોને શારીરિક અને માનસિક વિકાસ માટે યોગ, પ્રાણાયામ, વિવિધ આસનો, સૂર્ય નમસ્કાર તેમજ એકાગ્રતા વધારવા માટે માઈન્ડ ગેમ્સ (સ્ફિઙ્ક્સ પ્રક્વીજ) અને ભગવદ્ ગીતાના શ્લોકોનું સુંદર પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

કેમ્પના અંતિમ દિવસે યોજાયેલા સમાપન સમારોહમાં બાળકોએ ઉત્સાહપૂર્વક વિવિધ યોગાસનોની અદ્ભુત કૃતિઓ રજૂ કરીને ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ પ્રસંગે વિશેષ અતિથિ તરીકે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ (પૂર્વ કચ્છ)ના કો-ઓર્ડિનેટર પૂજાબેન વિનોદભાઈ લાલવાણી, આત્મીય વિદ્યાપીઠના ડૉ. પૂર્વીબેન ચાવડા, આયુર્વેદિક ડૉક્ટર જયશ્રીબેન દોંડે, તન્વીબેન જોશી, કાશ્મીરાબેન, ગીતાબેન ઠક્કર અને પ્રીતિબેન મોદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

આ સમગ્ર કેમ્પનું સફળ સંચાલન મુખ્ય સંચાલક મંજુબેન કલ્પેશભાઈ ભદ્રા તથા સહ-સંચાલક હનીશાબેન અને રૂપલબેન ભાનુશાલી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં હરિ આસરો ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી મહેન્દ્રભાઈ ચૌહાણ, પ્રદીપભાઈ જોશી અને નંદાબેનની ગરિમામય ઉપસ્થિતિ તથા વિશેષ સહયોગ સાંપડ્યો હતો. 'ચિત્ત શુદ્ધિ યોગ ક્લાસ'ની સમગ્ર ટીમની સક્રિય સહાયતા અને મહેનતથી આ સમર કેમ્પ ખૂબ જ ઉત્સાહભેર અને સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

લીઝ એગ્રિમેન્ટની શરતોના ભંગ બદલ

# આર્બિટ્રેશનના ઓર્ડર બાદ વડોદરાના સેવાસીમાં આવેલી ગ્લોબલ ડિસ્કવરી સ્કૂલ વિવાદમાં

## ૨૦૦થી વધુ વિદ્યાર્થીનું ભાવિ જોખમાયુ

**ગ્લોબલ એજ્યુકેશન રિસર્ચ ફાઉન્ડેશન ટ્રસ્ટ હેઠળ ચાલતી અને ધો.૧થી ૧૦ની આસીબીએસઈ સ્કૂલના ટ્રસ્ટીઓ સામે ગેરરીતિની ફરિયાદો: ઓર્ડર બાદ પણ સ્કૂલની જગ્યા ખાલી ન કરી**

વડોદરા :વડોદરા તાલુકાના સેવાસી નજીક અંપાડ ખાતે આવેલી ગ્લોબલ ડિસ્કવરી સ્કૂલ વિવાદમાં ફસાઈ છે.આ સ્કૂલના ટ્રસ્ટ દ્વારા જમીન માલિકો સાથે કરાયેલા લીઝ એગ્રિમેન્ટની શરતોના ભંગ બદલ આર્બિટ્રેશન સેન્ટર(લવાદી કોર્ટ) દ્વારા ગત ઓક્ટોબરમાં ટ્રસ્ટને ૩૧ મે ૨૦૨૬ સુધીમાં સ્કૂલની જગ્યા ખાલી કરવાનો અને લીઝ એગ્રિમેન્ટ કરનાર સામેવાળા પક્ષને કબ્જો સોંપી દેવા આદેશ કર્યો હતો.

ઉપરાંત સ્કૂલ ટ્રસ્ટને લવાદી કોર્ટે (મધ્યસ્થી) જમીન માલિકોને ૯ ટકાના વ્યાજ સાથે બે મહિનામાં ૩.૬૮ કરોડથી વધુની બાકી ભાડાની રકમ પણ ચુકવવા આદેશ કર્યો હતો. જો કે આર્બિટ્રેશનના આ ઓર્ડરનું પણ સ્કૂલ ટ્રસ્ટે ૭ મહિના વિતી ગયા છતાં અને મુદત પુરી થયા છતાં પાલન કર્યુ નથી.

લીઝ એગ્રિમેન્ટ મુજબ ટ્રસ્ટે ૨૯૫૪૩ સ્કવેર ફૂટના બિલ્ડીંગ એરિયા મુજબ બિલ્ડીંગ ભાડું નક્કી કર્યા મુજબનું જમીન ભાડું દર મહિને ૭ તારીખે જમીન અને બાંધકામ માલિકોને ચુકવવાનું હતું. લીઝ એગ્રિમેન્ટ થયા બાદ પણ ટ્રસ્ટ તરફથી સમયસર ચુકવણી ન થતા અને યોગ્ય રીતે નાણાકીય સહિતનો વ્યવહાર ન કરાતા વર્ષ ૨૦૧૮માં જમીન માલિકોએ અને કવાર ટ્રસ્ટને લીગલ નોટિસો પણ આપી હતી. જેનો પણ ટ્રસ્ટે જવાબ આપ્યો ન હતો. અંતે ટ્રસ્ટની આ ગેરરીતિઓ સામે જમીન માલિકો ઉત્તમ પટેલ અને રમેશ પટેલે હાઈકોર્ટમાં આર્બિટ્રેશન પીટિશન કરી હતી. જેની સુનાવણી બાદ હાઈકોર્ટે સપ્ટેમ્બર ૨૦૨૩માં આર્બિટ્રેશન માટેનો ઓર્ડર કર્યો હતો અને આર્બિટ્રેટર નિમાયા હતા.હાઈકોર્ટના આર્બિટ્રેશન સેન્ટર દ્વારા આ સમગ્ર વિવાદ મુદ્દે કાર્યવાહી શરૂ કરાઈ હતી. આર્બિટ્રેટર દ્વારા જમીન માલિકો અને સ્કૂલ ટ્રસ્ટના વકિલોની દલીલો સંભાળ્યા બાદ અને બંને પક્ષોએ રજૂ કરાયેલા દસ્તાવેજોની ચકાસણી કર્યા બાદ ગત ઓક્ટબર ૨૦૨૫માં જમીન માલિકોની તરફેણમાં નિર્ણય આપ્યો હતો. આર્બિટ્રેટર દ્વારા નિર્ણય કરવામા આવ્યો હતો કે દાવો કરનાર અરજદારો(જમીન માલિકો)ને ટ્રસ્ટે જગ્યા ખાલી કરીને શાંતિપૂર્ણ રીતે કબ્જો આપ વાનો રહેશે.

આર્બિટ્રેટર દ્વારા ટ્રસ્ટને ૩૧ મે ૨૦૨૬ સુધીની મુદત જગ્યા ખાલી કરવા માટે અપાઈ હતી. આ ઉપરાંત આર્બિટ્રેટરના આ જજમેન્ટ મુજબ ટ્રસ્ટે જમીન માલિકોને ૩,૬૮,૬૧,૨૩૪ રૂપિયા ભાડુ વાર્ષિક ૯ ટકાના વ્યાજ સાથે ચુકવવાનું થાય છે. આમ ટ્રસ્ટે તમામ રકમની ચુકવણી ૯ ટકાના વ્યાજ સાથે આ જજમેન્ટ થયાના ૬૦ દિવસમાં ચુકવવાની હતી.

મહત્વની વાત એ છે કે આર્બિટ્રેટટરના આ નિર્ણયને પણ સાત મહિના થઈ ગયા છે છતાં પણ હજુ સુધી સ્કૂલ ટ્રસ્ટે જગ્યા ખાલી કરી નથી અને જમીનમાલિકોને કોઈ પણ પ્રકારની બાકી રકમની ચુકવણી કરી નથી.

## ગાંધીધામ આઈટીઆઈ ખાતે સમર સ્કીલ કેમ્પનું આયોજન

ગાંધીધામ - કચ્છઉદય : ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ગાંધીધામ દ્વારા તા.૮/૬ થી તા.૨૦/૬ દરમિયાન "સમર સ્કીલ કેમ્પ-૨૦૨૬" નું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પમાં વિદ્યાર્થીઓને ઓટોમોબાઈલ, કોમ્પ્યુટર, સિવિલ, મિકેનિકલ, સોલારા, ઈલેક્ટ્રિકલ તથા ગ્રીન હાઈડ્રોઝન જેવા આધુનિક ક્ષેત્રોની પ્રાથમિક જાણકારી અને પ્રાયોગિક સ્કીલ તાલીમ આપવામાં આવશે. કેમ્પ દરમિયાન નિષ્ણાત માર્ગદર્શન, હેન્ડ્સ-ઓન પ્રવૃત્તિઓ અને ઈન્ટરૅક્ટિવ સેશનનું આયોજન કરવામાં આવશે. તાલીમ પૂર્ણ કરનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે. વિદ્યાર્થીઓને નવી ટેક્નોલોજી સાથે પરિચિત કરી રોજગારલક્ષી સ્કીલ વિકસાવવાના હેતુથી આયોજિત આ કેમ્પમાં વધુમાં વધુ સંખ્યામાં જોડાવા અનુરોધ કરાયો છે.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 5 | | | | 7 | 6 | |
| 8 | | 7 | | 4 | 5 | | | |
| | | 2 | | | | | | 4 |
| 2 | | | 6 | 8 | | 9 | 3 | |
| | | | 3 | | 2 | | | |
| | 3 | 4 | | 9 | 1 | | | 2 |
| 9 | | | | | | 3 | | |
| | | | 2 | 5 | | 6 | | 7 |
| | 5 | 3 | | | | 4 | | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 7 | 2 | 1 | 3 | 8 | 5 | 4 | 9 |
| 3 | 8 | 1 | 5 | 9 | 4 | 7 | 2 | 6 |
| 9 | 5 | 1 | 2 | 6 | 7 | 3 | 8 | 1 |
| 4 | 2 | 3 | 7 | 1 | 9 | 6 | 5 | 8 |
| 1 | 9 | 7 | 6 | 8 | 5 | 4 | 3 | 2 |
| 5 | 6 | 8 | 4 | 2 | 3 | 9 | 1 | 7 |
| 8 | 1 | 9 | 3 | 4 | 6 | 2 | 7 | 5 |
| 2 | 3 | 5 | 9 | 7 | 1 | 8 | 6 | 4 |
| 7 | 4 | 6 | 8 | 5 | 2 | 1 | 9 | 3 |

# અવસાન નોંધ

**ગાંધીધામ** : મૂળ હડાળા (ભાલ)ના પ્રતાપસિંહ લધુભા પઢિયાર (ઉ.વ. ૯૫) તે સ્વ. મેહુલકુમાર પઢિયાર, ધર્મિષ્ઠાબેન, સંગીતાબેન (આચાર્ય સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા-મીઠીરોહર)ના પિતા, રાજવી, મનોજ્ઞા, યુવરાજસિંહના દાદા તા. ૨-૬-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૪-૬-૨૦૨૬ના સાંજે ૬થી ૭ નિવાસસ્થાન ૨૫૫/એ, આપના નગર, ગાંધીધામ ખાતે.

**ગાંધીધામ** : મૂળ રસલિયા (તા. નખત્રાણા)ના હાલે નવી દિલ્હી પટેલ નરશીભાઈ શામજીભાઈ (સાંખલા) (ઉ.વ. ૬૧) (સૂર્ય ટિમ્બર કું.-દિલ્હી) (નિવૃત્ત ડાયરેક્ટર મે. પટેલ વૂડ પ્રોડક્ટ પ્રા.લિ.-ગાંધીધામ) તે સ્વ. શામજીભાઈ દેવશી સાંખલાના પુત્ર, સ્વ. બાબુલાલ, જગદીશ, કસ્તૂરબેન (મુંબઈ), કલાબેન (અમદાવાદ)ના ભાઈ, જય અને ધ્રુવીબેન (હૈદરાબાદ)ના પિતા, દયારામભાઈ, સ્વ. વાલજીભાઈ, હરિભાઈના કાકાઈ ભાઈ, તેજાભાઈ, તુલસીભાઈ, વાસુભાઈ (ગાંધીધામ)ના ભત્રીજા તા. ૨૯-૫-૨૦૨૬ના દિલ્હી ખાતે અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૪-૬-૨૦૨૬ના સાંજે ૫.૩૦થી ૬.૩૦ પાટીદાર ભવન, ડી-માર્ટ પાસે, પ્લોટ નં.૩૯, સેક્ટર -૮, ગાંધીધામ ખાતે.

**આદિપુર** : મૂળ કેરાના જયંતીભાઈ રવજીભાઈ ઉમરાણિયા (ઉ.વ. ૫૨) તે શીતલબેનના પતિ, ગં.સ્વ. દમયંતીબેન રવજીભાઈ ઉમરાણિયાના પુત્ર, વિનોદભાઈ રવજીભાઈ ઉમરાણિયા, ગં.સ્વ. ગીતાબેન વસંતકુમાર પઢારિયાના ભાઈ, ગં.સ્વ. લીલાવંતીબેન કેશવજીભાઈ મારૂના જમાઈ, હેતલબેન, સેજલબેન, રવિભાઈના પિતા, પ્રતીકકુમાર હંસોરા, ભાર્ગવકુમાર પિત્રોડાના સસરા, રોહિતભાઈ, અંકિતભાઈના કાકા, વંશ, મનશ્રીના નાના તા. ૨-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૪-૬ના ગુરૂવારે સાંજે ૫થી ૬ મૈત્રી ડોમ, મૈત્રી સ્કૂલ, આદિપુર ખાતે.

**અંજાર** : મૂળ સતાપરના રવિ (રવીન્દ્ર) નટવરલાલ ઠક્કર (ઉ.વ. ૪૯) તે રીટાબેનના પતિ, ગં.સ્વ. પ્રભાવતી નટવરલાલ ઠક્કર (આર્મીવાળા)ના પુત્ર, સ્વ. લક્ષ્મીબેન દેવશી ઠક્કરના પૌત્ર, સ્વ. ગંગાબેન વેલજી ધામેચાના દોહિત્ર, પલ્લવી ચિતરંજન છાયા, નીતાબેન અનિલભાઈ તન્ના, ગં.સ્વ. સરોજબેન ગિરીશભાઈ મૂલચંદાણી, ઉષ્માબેન કિશોરભાઈ વોરાના ભાઈ, સ્વ. કસ્તૂરબેન ભગવાનભારથી ગોસ્વામીના જમાઈ, સ્વ. સુરેશભારથી ભગવાનભારથી ગોસ્વામી, પ્રવીણાબેન ભાવેશગિરિ ગોસ્વામીના બનેવી, ગં.સ્વ. રસ્મિબેન સુરેશભારથી ગોસ્વામીના નણદોઈ, સ્વ. અમૃતલાલ દેવશી ઠક્કર (આર્મીવાળા), સ્વ. રુક્ષ્મણી હરિરામ ઉદવાણીના ભત્રીજા, પ્રફુલ્લભાઈ, ઉમેશભાઈ, શીતલબેનના કાકાઈ ભાઈ તા. ૨-૬ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૪-૬ના ગુરૂવારે સાંજે ૫થી ૬ લોહાણા મહાજનવાડી, અંજાર ખાતે.

**અંજાર** : ખલીફા રોમતબેન ભીખા (ઉ.વ. ૬૦) તે મ. ભીખા ખમીશાના પત્ની, સિધિક (ઉર્ફે ભૂરો), અલ્તાફના માતા, મ. ઈશા નૂરમામદના પુત્રી, ઈબ્રાહિમ ખમીશા, મ. હાસમ ખમીશા, કાસમ ખમીશા, મ. લતીબ ખમીશાના ભાભી, હાજી મામદ ઈશા, યુસબ, મ. રમજુ, મ. હુશેનના બહેન, સાયલ સિધિક, સમીર, અયાન, અલ્તાફના દાદી, રમજુ કાસમ (નવાગામ), ઈમરાન કાસમ (નવીનાળ)ના સાસુ તા. ૨-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૫-૬ના શુક્રવારે સવારે ૧૦થી ૧૧ કુંભાર જમાતખાના, અંજાર ખાતે.

**આડેસર (તા. રાપર)** : કાપડી શિવરામ કેશુરામ (ઉ.વ. ૬૨) તે સંત મોમાયા રાજા અખાડા - આડેસર સ્વ. કાપડી કેશુરામ લખીરામના પુત્ર, સ્વ. કાપડી કાનદાસ લખીરામના ભત્રીજા, પ્રવીણાબેનના પતિ, સ્વ. સાધુ મંગલદાસ તુલસીદાસ (ખારોઈ)ના જમાઈ, સાધુ કાનદાસ, સાધુ ધરમદાસ (ખારોઈ)ના બનેવી, અજય, વિજય, ચેતનાબેન પ્રવીણદાસ સાધુ (અંજાર)ના પિતા, ઈલાબેન, નિરમાબેન, પ્રવીણના સસરા, મહિપત, ગોરધનના કાકાઈ ભાઈ, ગોદાવરીબેન રણછોડદાસ સાધુ (મેઘપર)ના ભાઈ, પ્રિન્સ અજયભાઈ કાપડી, રાજ અજયભાઈ કાપડીના દાદા, ભૂમિ, ભવ્યાના નાનાબાપા, સ્વ. ભાણદાસ કાપડી (કુંભારિયા)ના ભાણેજ તા. ૩૧-૫ના અવસાન પામ્યા છે. બેસણું તા. ૪-૬ના ગુરૂવારે ૯થી ૬ સુધી નિવાસસ્થાન સંત મોમાયા રાજાના અખાડા, આડેસર ખાતે.

**ભુજ** : મ.કા.ચા. મોઢ બ્રાહ્મણ નરેન્દ્રભાઈ ભટ્ટ (ઉ.વ. ૭૭) તે ભગવાનજી લક્ષ્મીદાસ ભટ્ટના પુત્ર, કાશ્મીરા ગોરના પિતા, હિમાંશુ ગોરના સસરા, દિનબાળાબેન વિજયશંકર દવે તથા રમેશભાઈ ભટ્ટના ભાઈ, સ્વ. મીનાબેન, જાગૃતિબેન, નિલાંગભાઈ દવેના મામા, ઉમા વિજયભાઈ ત્રિપાઠીના કાકા, જયંતભાઈ કાંતિલાલ ગોરના વેવાઈ, માહિર, પિહુના નાના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૪-૬-૨૦૨૬ના સાંજે ૫થી ૬ બિલેશ્વર મહાદેવ મંદિર ખાતે.

**માધાપર (તા. ભુજ)** : મૂળ સરવડના શ્રીમાળી સોની પાટડિયા જયંતીલાલ મગનલાલ (ઉ.વ ૭૮) તે સ્વ. શાંતાબેન મગનલાલના પુત્ર, પોપટલાલ પાટડિયાના પૌત્ર, ભાનુબેનના પતિ, સ્વ. બળદેવભાઈ, માયાબેન, સ્વ. ઈન્દુબેન, ગૌરીબેન, મંજુબેન, મુક્તાબેન, હેમીબેન, ભાનુબેનના ભાઈ, સ્વ. ભાનુબેનના દિયર, સ્વ. ચૂનીલાલ, સ્વ. શામળદાસ, સ્વ. ભીખાલાલ, જગદીશભાઈ, ચંદ્રકાંતભાઈ, ચંપકલાલ, કિશોરભાઈના સાળા, નીલેશભાઈ, દિપાલીબેન, પ્રજ્ઞાબેન, નયનાબેન, જ્યોતિબેન, દિવ્યાબેનના પિતા, અજયભાઈ, સ્વ. પ્રિતેશભાઈ, કમલેશભાઈ, કુલદીપભાઈ, મયૂરભાઈ, નિરાલીબેનના સસરા, વૈશાલીબેનના કાકાજી સસરા, પ્રવીણભાઈના કાકા, પ્રિયાંશના દાદા, રિચા, ક્રિસ, રાશિ, અક્ષ, શૌર્ય, મીરાંશી, ધ્રુવિલ, ધ્યાનના નાના, પ્રાગજીભાઈ લખમશીભાઈ આડેસરાના જમાઈ, કાંતિભાઈ, ધીરુભાઈ, હિંમતભાઈ, શશિકાંતભાઈ, ઉમેશભાઈ, હરસુખભાઈ, જશુબેન, ઉર્મિલાબેનના બનેવી તા. ૨-૬-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૪-૬-૨૦૨૬ના સાંજે ૫થી ૬ મિત્રી સમાજવાડી, બસ સ્ટેશનની બાજુમાં, માધાપર ખાતે.

**કુંદરોડી (તા. મુંદરા)** : હાલેપોત્રા જલુબેન મુસા (ઉ.વ. ૮૦) તે હાલેપોત્રા મુસા મીઠુના પત્ની, અજીજ મુસાના માતા તા. ૩-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૫-૬ના શુક્રવારે સવારે ૯:૩૦થી ૧૦:૩૦ મુસ્લિમ જમાતખાના, કુંદરોડી ખાતે.

**ભદ્રેશ્વર (તા. મુંદરા)** : મ.ક.સ.સુ. દરજી કિશોરભાઈ હરિલાલ (પરમાર) તે સ્વ. મણિબેન હરિલાલના પુત્ર, કમળાબેનના પતિ, યતિન, અંકુરના પિતા, હેમાલીબેનના સસરા, સ્વ. રમેશભાઈ (ભદ્રેશ્વર), સ્વ. લીલાવંતીબેન પરસોત્તમ પરમાર (ભુજ), સ્વ. સાવિત્રીબેન બેચરદાસ પરમાર (ભદ્રેશ્વર), સ્વ. ધીરુબેન શાંતિલાલ પરમાર (સુખપર), સ્વ. ઈન્દિરાબેન શશિકાંત પરમાર (મુંબઈ-થાણા), શારદાબેન સુરેશ પીઠડિયા (અંજાર)ના ભાઈ, ગં.સ્વ. જયાબેન રમેશભાઈના દિયર, સ્વ. સંજય, રાજેશ, ગં.સ્વ. મનીષા ચમન ચૌહાણ (રતાડિયા)ના કાકા, ગં.સ્વ. નયનાબેન, હંસાબેનના કાકાઈ સસરા, સ્વ. શાંતાબેન બાબુલાલ સોલંકી (દુધઈ)ના જમાઈ, મોહનભાઈ (દુધઈ), રસિકભાઈ (ભુજ), કિશોરભાઈ (અંજાર), સરસ્વતીબેન જેન્તીલાલ પીઠડિયા (ગાંધીધામ), જયાબેન રમણીકલાલ મકવાણા (મેમદપુર), સવિતાબેન દિનેશ પીઠડિયા (ભચાઉ)ના બનેવી તા. ૨-૬-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૪-૬-૨૦૨૬ના સાંજે ૪થી ૫ રજપૂત સમાજવાડી, ગરબી ચોકની બાજુમાં, ભદ્રેશ્વર ખાતે.

**માંડવી** : મૂળ બાંભડાઈના અમજીબા ચાંદુભા જાડેજા (ઉ.વ. ૭૩) તે ચાંદુભા કારૂભાના પત્ની, ભીખુભા, જયેન્દ્રસિંહ, લીલાબા બાલુભા જેઠવા, જનકબા વિરમજી સોઢા (ગેલડા)ના માતા, પ્રવીણસિંહ વેલુભા, ભીખુભા કાનજી, રાજેન્દ્રસિંહ માલાજી, સતુભા નાનુભા, મહિપતસિંહ સંગ્રામજીના કાકી, યુવરાજસિંહ, મીતરાજસિંહ, સુરેન્દ્રસિંહના દાદી, રાજદીપસિંહ, ગુલાબસિંહના ફઈ, હમીરજી વેસલજી ચૂડાસમાના બહેન તા. ૧-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૪-૬ના ગુરૂવારે સાંજે ૫થી ૬ રામેશ્વર વાડી, ખારવા સમાજ, માંડવી ખાતે.

**વિથોણ (તા. નખત્રાણા)** : વિજયાબેન ગોવર્ધનભાઈ નરસિંગાણી (ધોળુ) (ઉ.વ. ૭૨) તે સ્વ. ગોવર્ધનભાઈ શિવજીભાઈ નરસિંગાણીના પત્ની, પ્રવીણભાઈ, મનોજભાઈના માતા, લતાબેન, નિશાબેનના સાસુ, કૌશલ, હેમ, હેત્વીના દાદી તા. ૩-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા (સાદડી) તા. ૫-૬ના શુક્રવારે સવારે ૮થી ૧૦ લક્ષ્મીનારાયણ મંદિર, વિથોણ ખાતે.

**હિંગરિયા (તા. અબડાસા)** : સામકોરબા ખાનજી જાડેજા (ઉ.વ. ૧૦૭) તે સ્વ. વંકાજી, સ્વ. જીલુભા, સ્વ. દેવુબા ટપુભા ચૌહાણ (શિરાચા), ચાંદાબા હરિસંગજી ચૌહાણ (શિરાચા), મયાબા મધુભા ચાવડા (હિંગરિયા)ના માતા, ભીમજી, ઘનુભા, અરવિંદસિંહના દાદી, સોઢા રાણુભા સંગ્રામજી (મોડકુબા)ના બહેન, ટીલાટ ગોવિંદજી ચાંદાજી જાડેજા, મધુભા ગભુભાના મોટામા, નટુભા ટપુભા ચૌહાણ, દિલવારસિંહ મધુભા ચાવડા, ચૌહાણ ગુલાબસિંહ હરિસંગજીના નાની અવસાન પામ્યા છે. સાદડી નિવાસસ્થાન હિંગરિયા ખાતે અને બારમાની વિધિ તા. ૫-૬-૨૦૨૬ના ઉપરોક્ત સ્થળે.

## ઊંચા વ્યાજે રૂપિયા આપી ઉઘરાણી કરનાર સામે આદિપુર પોલીસમાં ગુનો નોંધાયો

ગાંધીધામ - કચ્છ ઉદય : તાલુકાના આદિપુર વિસ્તારમાં રહેતા એક વ્યક્તિએ ઊંચા વ્યાજે નાણાં ધીરધાર કરી ગેરકાયદેસર રીતે ઉઘરાણી અને માનસિક ત્રાસ આપ્યાની ફરિયાદ નોંધાવતા આદિપુર પોલીસ મથકે ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત અધિનિયમ-૨૦૧૧ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ફરિયાદ મુજબ ફરિયાદી આર્થિક સંકડામણમાં હોવાને કારણે આરોપી ધારશીલાલ પ્રજાપતિ પાસેથી રૂ. ૧.૫૦ લાખ ઉધાર લીધા હતા. જે બદલ આરોપીએ ૮ ટકા જેટલા ઊંચા વ્યાજની માંગણી કરી હતી. ફરિયાદીએ સમયાંતરે વ્યાજ પેટે અંદાજે રૂ. ૩૮,૪૦૦ ચૂકવી દીધા હોવા છતાં આર્થિક મુશ્કેલીને કારણે વધુ રકમ ચૂકવી શક્યા નહોતા. આક્ષેપ છે કે આરોપી છેલ્લા બે મહિનાથી વારંવાર ફરિયાદીના ઘરે જઈ મૂળ રકમ તેમજ વ્યાજની ઉઘરાણી કરી ધાકધમકી આપતો હતો. આ વર્તનથી કંટાળી ફરિયાદીએ આદિપુર પોલીસનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે ફરિયાદના આધારે ધારશીલાલ પ્રજાપતિ સામે ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત અધિનિયમ-૨૦૧૧ની જોગવાઈઓ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. હાલ આરોપીની ધરપકડ કરવામાં આવી નથી અને સમગ્ર મામલે પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી આગળ વધારવામાં આવી રહી છે.

# ત્રિકમદાસજી મહારાજે સદગુરૂ મહિમા, ગૌસેવા અને સંસ્કાર જતનનું મહત્વ સમજાવ્યું

અંજાર - કચ્છઉદય : બરસાનાના ચિકસોલી ગામ ખાતે રાસ મંડપમાં આયોજિત શ્રીમદ્ વ્રજપ્રભા ગ્રંથ પારાયણ સપ્તાહના દ્વિતીય દિવસે ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનો અલૌકિક સંગમ સર્જાયો હતો. વ્યાસપીઠ પરથી પૂજ્ય ત્રિકમદાસજી મહારાજે ગ્રંથના વિવિધ પ્રસંગોનું ભાવસભર નિરૂપણ કરી ઉપસ્થિત ભાવિકોને ભક્તિના રંગે રંગી દીધા હતા. કથા દરમિયાન મોટી સંખ્યામાં ઉપસ્થિત શ્રોતાઓએ ભક્તિરસનો આસ્વાદ કરી આધ્યાત્મિક શાંતિ અને દિવ્ય આનંદની અનુભૂતિ કરી હતી.

દ્વિતીય દિવસના મનોરથી કર્માબેન રણછોડભાઈ રાઘુભાઈ રાવત પરિવાર દ્વારા એક અનોખી સેવા પહેલ હાથ ધરવામાં આવી હતી. કથા દરમિયાન વિવિધ સેવાઓ બજાવતા સેવકોના હસ્તે પોથીપૂજન અને આરતી કરાવી સેવા ભાવનાનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ત્રિકમદાસજી મહારાજે જણાવ્યું હતું કે, સાચી સેવા અને સમર્પણ દ્વારા જ ભક્તિનું ફળ પ્રાપ્ત થાય છે. તેમણે રાવત પરિવારની સેવાભાવી ભાવનાની પ્રશંસા કરતાં તેને સમાજ માટે પ્રેરણારૂપ ગણાવી હતી.

કથામાં મહારાજે સુંદરદાસજી મહારાજ અને રસાત્મિક સદગુરુ વચ્ચે થયેલા દિવ્ય સંવાદો, ગુરૂ - શિષ્યના અદ્વિતીય સંબંધો અને જ્ઞાનપ્રાપ્તિના પ્રસંગોનું રસપ્રદ વર્ણન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ભગવાનનું નામ મનુષ્યના મનમાં રહેલી આસક્તિઓને દૂર કરી આત્માને પરમાત્મા સાથે જોડવાનું કાર્ય કરે છે. સુદર્શન મંત્ર અને ગુરુમંત્રના મહિમાનું વર્ણન કરતાં તેમણે ભક્તિ માર્ગમાં ગુરુના સ્થાનને સર્વોચ્ચ ગણાવ્યું હતું.

મહારાજે રસાત્મિક સંપ્રદાયની સ્થાપના અને તેની પરંપરાનું વર્ણન કરતાં જણાવ્યું હતું કે જ્ઞાનનો પ્રકાશ જીવનમાં ઉતરે ત્યારે જ જીવ જન્મ-મરણના બંધનોમાંથી મુક્તિ તરફ આગળ વધી શકે છે. તેમણે શ્રી ચૈતન્ય મહાપ્રભુ અને કેશવભટ્ટ વચ્ચેના શાસ્ત્રાર્થનો ઉલ્લેખ કરી આધ્યાત્મિક જ્ઞાનની મહત્તા સમજાવી હતી.

કથાના પ્રસંગોમાં ગોપીઓ અને શ્રીકૃષ્ણની રાસલીલાનું વર્ણન કરતાં મહારાજે જણાવ્યું હતું કે જ્યાં અભિમાનનો અંત આવે છે ત્યાંથી ભક્તિની શરૂઆત થાય છે. ઉદ્ધવજીના જ્ઞાનાભિમાનનો ઉલ્લેખ કરીને તેમણે સમજાવ્યું હતું કે અહંકાર ભક્તિના માર્ગમાં સૌથી મોટો અવરોધ છે અને સમર્પણ વિના પરમાત્માની કૃપા પ્રાપ્ત થઈ શકતી નથી.




### ભક્તિ, સેવા અને સમર્પણનો સંદેશ આપતી શ્રીમદ્ વ્રજપ્રભા ગ્રંથ કથામાં ઉમટ્યો ભાવિકોનો જનસાગર

આધુનિક યુગમાં ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારોના જતનની આવશ્યકતા પર ભાર મૂકતા મહારાજે યુવા પેઢીને પોતાના મૂળ સાથે જોડાયેલા રહેવાનો સંદેશ આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે "રાધે" નામમાં અનંત શક્તિ અને પરમ જ્ઞાન સમાયેલું છે. રાધાનામનું સ્મરણ જીવનને આધ્યાત્મિક ઊંચાઈ તરફ લઈ જાય છે અને મનને પવિત્ર બનાવે છે.

પ્રસાદના મહાત્મ્ય અંગે માર્ગદર્શન આપતાં મહારાજે જણાવ્યું હતું કે ઠાકોરજીને અર્પણ કરાયેલ પ્રસાદ માત્ર ભોજન નહીં પરંતુ દિવ્ય કૃપાનું પ્રતીક છે. તે જ રીતે ભાવપૂર્વક કરવામાં આવતું ભજન-કીર્તન અને સંગીત પણ પ્રભુપ્રાપ્તિનું મહત્વનું સાધન બની શકે છે.

ગૌસેવા અને ગૌરક્ષણનું મહત્વ સમજાવતા મહારાજે દેશી કાંકરેજ ગાયોના સંવર્ધન અને સંરક્ષણની જરૂરિયાત ઉપર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે દેશી ગાયના દૂધ, ઘી અને માખણને આરોગ્ય તથા આધ્યાત્મિક જીવન માટે અમૂલ્ય ગણાવ્યાં હતાં.

કથા દરમિયાન ત્રિકમદાસજી મહારાજ અને સાધુ ભગવાનદાસ મહારાજે ભજન-કીર્તન અને ધૂનની રમઝટ બોલાવી સમગ્ર રાસ મંડપને ભક્તિમય બનાવી દીધો હતો. બરસાનાના રાધારાણી મંદિરમાં રતનાલથી લાવવામાં આવેલા વસ્ત્રો અને શૃંગાર અર્પણ કરાતા ભાવિકોમાં વિશેષ આનંદની લાગણી પ્રસરી હતી.

ઉલ્લેખનીય છે કે ચિકસોલી ખાતે યોજાયેલી આ ભવ્ય શ્રીમદ્ વ્રજપ્રભા ગ્રંથ પારાયણ સપ્તાહના સફળ આયોજનમાં બેચરાદાસ રાવત, લક્ષ્મણભાઈ રાવત, માંડણભાઈ રાવત, જીતેશભાઈ રાવત તથા ઉમેશભાઈ રાવતના માર્ગદર્શન હેઠળ અનેક સેવાભાવી કાર્યકરો અને રસિકજનો ઉત્સાહપૂર્વક સેવાઓ આપી રહ્યા છે.

## ભારત વિકાસ પરિષદ દ્વારા સાઈકલ રેલી યોજાઈ




ભચાઉ - કચ્છઉદય : અહીંના ભારત વિકાસ પરિષદ સાઈકલ રેલીનું આયોજન નગરપાલિકા પાસેથી કરવામાં આવ્યું હતું, જેમાં સંસ્થાના સભ્યોની ઉપસ્થિતિમાં પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. સાઈકલ રેલી નવા બસ સ્ટેન્ડ, મેઈન બજાર થઈને સ્કૂલમાં પરત ફરી હતી. આયોજનમાં પ્રમુખ ધનસુખભાઈ જોગી, મંત્રી આશિષભાઈ સોલંકી, ખજાનચી દીપકભાઈ પ્રજાપતિ, સહમંત્રી દીપકભાઈ દરજી, યુધિષ્ઠિરભાઈ, ડો. ધર્મેન્દ્ર પરમાર, ડો. વિશાલ ઠક્કર, ડો. એસ. કે. શાહ, ઠક્કર ચિંતનભાઈ, જીગરભાઈ ઠક્કર, ભદ્રેસભાઈ ઠક્કર, જયેન્દ્ર શાહ, પંકજભાઈ લકુમ, શાખાના સભ્યો તેમજ ભચાઉ શહેરના શહેરીજનો જોડાયા હતા. યાત્રાના અંતે ડો.વિશાલભાઈ ઠક્કર દ્વારા સાયકલ ચાલવાના પર્યાવરણનું મહત્વ સમજાવ્યું હતું. ડો. એસ.કે. શાહ દ્વારા સાયકલ ચલાવાનું આરોગ્ય માટે મહત્વ સમજવામાં આવ્યું હતું. તારીખ પાંચના પર્યાવરણ દિવસ નિમિતે વૃક્ષારોપણનું પણ ભચાઉ ભારત વિકાસ પરિષદ દ્વારા કાર્યક્રમ રાખે છે તેમાં જોડાવા માટે પ્રમુખ ધનસુખભાઈ જોગી અને મંત્રી આશિષભાઈ સોલંકીએ જણાવ્યું હતું.

# મુંબઈની અવસાન નોંધ

કચ્છી વિશા ઓશવાળ જૈન કોટડી મહાદેવપુરીના તલકશી ચનાભાઈ ગાલા (ઉ.વ. ૭૮) તા. ૨-૬ના અવસાન પામ્યા છે. ખેતબાઈ ચનાભાઈના પુત્ર. તારાબેનના પતિ. મુલચંદ, રાજેન, હીનાના પિતા. ગાંગજી, વસનજી, નાનજી, મો. ઉનડોઠ હીરબાઈ માણેકના ભાઈ. કેસરબેન રતનશીના જમાઈ. પ્રા.શ્રી માટુંગા ક.મૂ.શ્વે.જૈન સંઘની નારાણજી શામજી વાડી. ટા. ૪ થી ૫:૩૦.

ડુમરાના તલકશી પ્રેમજી કારાણી (ઉ.વ. ૮૭) તા. ૨-૬ના અવસાન પામ્યા છે. સુંદરબેન પ્રેમજી રવજીના સુપુત્ર. ચંચલબેનના પતિ. વિજય, કલ્પના, ભાવના, હેતલના પિતા. જયંતિલાલ, લક્ષ્મીચંદ, રમણીક, ડુમરા હાંસબાઈ ભવાનજી પુંજા, જેતબાઈ તેજશી મુરજી, સાભરાઈ વેજબાઈ જેઠાલાલ શામજી, ભાનુમતી હીરજી મેઘજી, ચંચળબેન ટોકરશી દેવરાજ, દેવપુર જવેરબેન માવજી મેઘજી, ડુમરા કાંતાબેન મણીલાલ દેવજીના ભાઈ. દેઢીઆના વેજબાઈ ઘેલાભાઈ પ્રેમજીના જમાઈ. ત્વચાદાન કરેલ છે. પ્રા. યોગી સભાગૃહ, દાદર (ઇ) ટા. ૪થી ૫:૩૦.

# કચ્છ નોંધ

**ભુજ સમર્થ ભારત કેન્દ્ર**

● વિદ્યાભારતી પ્રેરિત અને કચ્છ કલ્યાણ સંઘ, ભુજ દ્વારા સંચાલિત સમર્થ ભારત પ્રવૃત્તિ અને માર્ગદર્શન કેન્દ્ર દ્વારા નિયમિત આવતી તથા નવી જોડાવા ઈચ્છતી સગર્ભા માતાઓ માટે તા.૪-૬ને ગુરૂવારે સાંજે ૬ થી ૭ પ્રવૃત્તિ વર્ગ રહેશે. સ્થાન : એંકરવાલા સરસ્વતી શિશુવાટિકા, સંતોષી માતાના મંદિર પાસે, ભુજ. વધુ માહિતી માટે માધવીબેન તથા પ્રજ્ઞાબેનનો સંપર્ક કરવો.

**કચ્છ જ્યોતિષ મંડળ**

● કચ્છ જ્યોતિષ મંડળની માસિક બેઠક તા.૭-૬ના જાયન્ટ્સ હોલ ખાતે સાંજે ૪.૧૫ કલાકે મળશે, જેમાં નિરંજનભાઈ જોશી ધરાદેવ વર્ષ રાશિ દશા પદ્ધતિ એ વિષય ઉપર વક્તવ્ય આપશે. જાયન્ટ્સ ભુજના સભ્યો જોડાઈ શકે છે.

**વૃક્ષ મિત્ર સંગીત સભા**

● વૃક્ષ મિત્ર સંગીત સભા તા.૬/૬ને શનિવારના સાંજે ૬.૩૦ થી ૯.૩૦ ડો. શ્યામા પ્રસાદ મુખર્જી વૃક્ષ મિત્ર ગાર્ડન, પ્રમુખ સ્વામી મહારાજ સર્કલ, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય પાસે, મુન્દ્રા રીલોકેશન, ભુજ ખાતે.

# સમાજ શ્રેષ્ઠીઓ દ્વારા કરાયું ઉષ્માભર્યું સ્વાગત

ભચાઉ - કચ્છઉદય : ભચાઉની પ્રતિષ્ઠિત સંસ્થા શ્રી રવજી લાલજી ચાવડા વિશા ઓસવાડ જૈન બોર્ડિંગ (વિદ્યાલય અને છાત્રાલય)ની આગામી ત્રણ વર્ષની મુદત માટેની કારોબારી સમિતિની ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીમાં જાણીતા સામાજિક અગ્રણી રમેશભાઈ છેડા બિનહરીફ કારોબારી સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા છે.તેમની આ વરણીને સંસ્થાના પ્રમુખ છગનલાલ શિવજી નંદુ સહિતના તમામ હોદ્દેદારો, સભ્યો અને સામાજિક આગેવાનોએ હાર્દિક વધાવી લીધી હતી. નવનિયુક્ત સભ્ય રમેશભાઈ છેડાને તમામ સ્તરેથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. સંસ્થાના હોદ્દેદારોએ આ તકે આશાવાદ વ્યક્ત કર્યો હતો કે રમેશભાઈના બહોળા અનુભવ અને મૂલ્યવાન માર્ગદર્શનથી સંસ્થાના વહીવટ તેમજ સંચાલનને નવી ગતિ મળશે અને તેમનું યોગદાન સંસ્થાના વિકાસમાં ખૂબ મહત્વનું સાબિત થશે.



## રત્નકણિકા

**ખુશીઓ વહેંચવાથી વધે છે.. - જોન રે**

## પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. ૬એ-૧૩૯૫, મુ. જિલ્હેજ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, અધિક જયેષ્ઠ વદ-૪,તા.૪ જૂન ૨૦૨૬, ગુરૂવાર, પારસી તા.૨૪, મુસ્લિમ તા.૧૮, ઉત્તરાષાઢા નક્ષત્ર, શુક્લ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૦૬, સૂ.અ.૭:૩૨

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી ધન (ભધફઢ), સવારે ૭:૪૨ ક. પછી જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

- **મેષ** – કાર્યક્ષેત્રમાં સાવધાની જરૂરી બને. ભાઈબહેનથી મતભેદ સર્જાય.
- **વૃષભ** – ઉતાવળીયો નિર્ણય ન કરવો હિતાવહ. મનમાં બેચેની અનુભવાય.
- **મિથુન** – જામીન કે સાક્ષી જેવા કાર્યોથી દૂર રહેવું. પડોશીવર્ગ સાથે સંઘર્ષ થાય.
- **કર્ક** – નવિન તકોનું સર્જન થાય. ભૌતિક કાર્યોમાં સફળતા મળે.
- **સિંહ** – માનસિક ઉકેરાટ અનુભવાય. આરોગ્ય બાબતે સાવધાની હિતાવહ.
- **કન્યા** – આવક કરતા જાવકનું પ્રમાણ વિશેષ રહે. મહત્વના કાર્યોમાં રૂકાવટ આવે.
- **તુલા** – નાણાંભીડ ઓછી થાય. દિવસ આનંદમય પસાર થાય.
- **વૃશ્ચિક** – પ્રવાસ-મુસાફરીના યોગ છે. નવિન ઓળખાણ લાભદાયી નીવડે.
- **ધન** – જૂના મિત્રોથી લાભ મળે. રચનાત્મક કાર્યોમાં સફળતા મળે.
- **મકર** – મોજ-શોખમાં ધન વપરાય. આવકમાં વૃદ્ધિ થાય.
- **કુંભ** – સંપત્તિને લગતા કાર્યોમાં સફળતા મળે. મનની મૂંઝવણ દૂર થાય.
- **મીન** – શત્રુઓ શરણે આવે. સમાધાનકારી વલણ અપનાવું હિતાવહ. પ્રવાસમાં લાભ.

હમેશાં વાસણ ઢાંકીને રસોઈ બનાવો : તો પણ ૨૦ ટકા જેટલા ગેસની થશે બચત



# ન તો પોતે મળ્યો કે, ન તો તેનો મૃતદેહ મળ્યો? રહસ્ય શું?

# મુંદરા કોકેઈન કાંડ : ગુમસુદા ડ્રગ્સ પેડલર કયા ગુમ થઈ ગયો? દરીયો ગરકી ગયો કે આકાશ ખાઈ ગયું? કેમ હજુ ગુમ ?

## મુંદરાના દરિયામાં કુદેલો વિદેશી નાગરીક અઠવાડિયા પછી પણ લાપતા

**એટીએસ અને કોસ્ટગાર્ડની ટીમે ૧૧૮૦ કરોડનું ડ્રગ્સ પકડયું ત્યારે આરોપી દરિયામાં પેકેટ સાથે કુદયો હતો : પેકેટ પણ ન મળ્યા અને આરોપી પણ હજુ સુધી ન મળ્યો**

ભુજ - કચ્છઉદય : અઠવાડિયા અગાઉ મુંદરાના દરિયામાં ગુજરાત એટીએસ અને કોસ્ટગાર્ડ દ્વારા સંયુક્ત ઓપરેશન કરીને નોંધપાત્ર કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં ૧૧૮૦ કરોડનું ડ્રગ્સ પકડવામાં આવ્યું હતું. જે તે સમયે બોટમાંથી એક અને દિલ્હીથી બે એમ ત્રણ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી.

બોટમાં કુલ્લ બે લોકો હતા, જેમાંથી એક વ્યક્તિ ત્રણ પેકેટ સાથે દરિયામાં કુદી ગયો હતો. જયારે બોટમાં પાંચ પેકેટમાંથી ૧૧૮ કિલો કોકેઈન કિંમત રૂા. ૧૧૮૦ કરોડનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. જે તે સમયે ઝડપાયેલા બ્રાઝીલના જુમા ઉમરને મુંદરા કોર્ટમાં રજુ કરી રીમાન્ડ મેળવવામાં આવ્યા હતા. તેના પાંચ દિવસના રીમાન્ડ પુરા થતા સોમવારે મુંદરા કોર્ટમાં રજુ કરાયો હતો. એજન્સીએ વધુ પાંચ દિવસના રિમાન્ડની માંગ કરી હતી. જેથી રીમાન્ડ મંજુર થયા છે.

નોંધનીય છે કે, દરિયામાં ગયેલો ખલાસી હજુ સુધી પકડાયો નથી. જથ્થો બ્રાઝીલથી લોડ કરવામાં આવ્યો હતો અને કરાચી થઈને મુંદરા મારફતે દિલ્હી જવાનો હતો. દિલ્હીમાં બે રીસીવરને અગાઉથી પકડી લેવામાં આવ્યા હતા. દર વખતે ડ્રગ્સ પકડાય પરંતુ રીસીવર પકડાતા ન હતા. આ વખતે રીસીવર પણ પકડાયા હતા. જેથી મુળ સુધી પહોંચાય તેમ છે. દરિયામાં કુદેલો વ્યક્તિ હજુ સુધી ન મળતા અનેક તર્ક વિતર્ક સર્જાયા છે. મહત્વનું છે કે, આ કેસની તપાસ એનઆઈએ પણ ચલાવી રહી છે.

**દિલ્હીમાં આ ડ્રગ્સ લેવા આવનારા રીસીવર પણ પકડાઈ ગય છે, ત્યારે હવે લોકલ કડીઓના મોટા નેટવર્ક પરથી ચોકકસથી પડદો ઉંચકાવાવે જ જોઈએ ? એનઆઈએ તપાસ કરે છે એટલે ટેરર ફડીંગ-હવાલા કૌભાંડની દ્રષ્ટીએ પણ તપાસ કરાશે : એનસીબી-એનઆઈએ દ્વારા લોકલ બોટમાં આ કોકેઈન લઈ જવા કચ્છમાથી કે ગુજરાતમાથી કોણ મદદ કરનાર હતુ? તેના પણ ચહેરાઓ વેળાસર કરવા ઘટે બેનકાબ? સ્થાનિકે લોકલ સપોર્ટ વગર કરોડોના ડ્રગ્સની હેરફેર સંભવ ન બને?**

# કચ્છ સહિત રાજ્યની પ્રા. શાળાઓમાં ૧૮૦૮ મુખ્ય શિક્ષકોની ભરતીને સરકારની લીલીઝંડી

**ગુજરાતની સરકારી પ્રાથમિક શાળાઓમાં લાંબા સમયથી ખાલી પડેલી જગ્યાઓ તાત્કાલિક ધોરણે ભરવા શિક્ષણ વિભાગનો કડક આદેશ : ૧:૧:૨ના ગુણોત્તર મુજબ ભરતી પ્રક્રિયા હાથ ધરાશે અને નિયામક કચેરીને યુદ્ધના ધોરણે કામગીરી કરવા તાકીદ**

ભુજ - કચ્છઉદય ગાંધીનગર સ્થિત શિક્ષણ વિભાગ દ્વારા કચ્છ સહિત રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓના વહીવટી અને શૈક્ષણિક માળખાને સુદ્રઢ કરવા માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યમાં લાંબા સમયથી મુખ્ય શિક્ષકો એટલે કે હેડ ટીચરની ખાલી પડેલી જગ્યાઓને કારણે શાળાઓની કામગીરી પર અસર પડી રહી હતી, જેને ધ્યાનમાં રાખીને સરકારે એચટીએટી ઉત્તીર્ણ ઉમેદવારો માટે ભરતી પ્રક્રિયા શરૂ કરવાની સત્તાવાર મંજૂરી આપી દીધી છે. શિક્ષણ વિભાગ દ્વારા આ અંગેનો વિધિવત પરિપત્ર પણ જાહેર કરી દેવામાં આવ્યો છે, જેમાં તમામ જિલ્લા કક્ષાએથી ખાલી જગ્યાઓની વિગતો તાત્કાલિક ધોરણે મંગાવીને વહેલી તકે ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવાના કડક આદેશો આપવામાં આવ્યા છે. સરકારના આ વલણને કારણે હવે રાજ્યભરની પ્રાથમિક શાળાઓમાં ખાલી પડેલી કુલ ૧૮૦૮ મુખ્ય શિક્ષક વર્ગ-૩ની જગ્યાઓ ખૂબ જ ઝડપથી ભરાઈ જશે અને શાળાઓને કાયમી આચાર્યો મળશે.

શિક્ષણ વિભાગના સત્તાવાર પરિપત્રમાં કરવામાં આવેલી સ્પષ્ટતા અનુસાર, મુખ્ય શિક્ષક વર્ગ-૩ની આ ભરતી પ્રક્રિયા ચોક્કસ નિયત કરાયેલા ૧:૧:૨ ના રેશિયો એટલે કે ગુણોત્તર મુજબ જ કરવામાં આવશે. આ ભરતી પ્રક્રિયા અંતર્ગત લાયક ઉમેદવારોને સમાવવા માટે મુખ્ય ત્રણ માધ્યમોનો આશરો લેવામાં આવશે, જેમાં પ્રવર્તમાન નિયમો અનુસાર સીધી ભરતી કરવામાં આવશે, શાળાઓમાં લાંબા સમયથી ફરજ બજાવતા અને અનુભવી શિક્ષકોને બઢતી એટલે કે પ્રમોશન આપવામાં આવશે, તેમજ વિભાગીય સ્તરે ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા યોજીને સેમી ડાયરેક્ટ પદ્ધતિથી ભરતી કરવામાં આવશે. વહીવટી તંત્રને ખાસ સૂચના આપવામાં આવી છે કે આ તમામ ભરતી પ્રક્રિયા દરમિયાન ખાલી જગ્યાઓની કુલ સંખ્યા અંદાજપત્રમાં મંજૂર થયેલી જોગવાઈ કરતાં સહેજ પણ વધી ન જાય તેનું ખાસ ધ્યાન રાખવાનું રહેશે.

આ ભરતી પ્રક્રિયાને સમયસર પૂર્ણ કરવા માટે શિક્ષણ વિભાગે પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીને યુદ્ધના ધોરણે કામગીરી કરવાની તાકીદ કરી છે. ખાસ કરીને સેમી ડાયરેક્ટ પદ્ધતિથી થનારી ભરતી માટેનું પરીક્ષાનું માળખું તાત્કાલિક તૈયાર કરી નિયત સમયમર્યાદામાં પરીક્ષા અને ભરતીની સમગ્ર પ્રક્રિયા આટોપી લેવા જણાવાયું છે. આ ઉપરાંત, પ્રાથમિક શાળાઓની પ્રવર્તમાન જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને જો મુખ્ય શિક્ષક સંવર્ગમાં કોઈ નવી જગ્યાઓ મંજૂર કરવાની આવશ્યકતા જણાશે, તો તેની સવિસ્તાર દરખાસ્ત આગામી અંદાજપત્ર તૈયાર થાય તે પહેલાં જ સરકાર સમક્ષ મોકલી આપવાની રહેશે. વર્ષ ૨૦૨૫-૨૬ ના અંદાજપત્રમાં મુખ્ય શિક્ષક વર્ગ-૩ની આ ખાલી જગ્યાઓ ભરવા માટે નાણાકીય જોગવાઈ અગાઉથી જ મંજૂર કરી દેવામાં આવી હોવાથી આ નાણાકીય જોગવાઈ હેઠળ જ સમગ્ર કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ ૧૮૦૮ જગ્યાઓ ભરવાની પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ, નવી જગ્યાઓ ઊભી કરવા માટે અલગથી દરખાસ્તો તૈયાર કરવામાં આવશે.

સરકારના આ સકારાત્મક અને સમયસરના નિર્ણયને કારણે રાજ્યભરના ઉમેદવારોમાં ભારે ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. છેલ્લા ઘણા સમયથી કચ્છની અનેક સરકારી પ્રાથમિક શાળાઓ ઈન્ચાર્જ આચાર્યોના ભરોસે ચાલી રહી હતી, જેના કારણે વહીવટી અને શૈક્ષણિક કામગીરીમાં અવરોધો ઊભા થતા હતા, પરંતુ હવે કાયમી મુખ્ય શિક્ષકો મળતાં જ શાળાઓનું શૈક્ષણિક સ્તર વધુ મજબૂત અને ગુણવત્તાસભર બનશે. બીજી તરફ, એચટીએટી પરીક્ષા પાસ કરીને વર્ષોથી કાયમી આચાર્ય બનવાની આશા સાથે બેઠેલા હજારો શિક્ષકો અને લાયક ઉમેદવારો માટે રોજગારી અને કારકિર્દીની પ્રગતિની નવી તેમજ શ્રેષ્ઠ તકોનું નિર્માણ થયું છે.

# અંજારમાં નોંધાયેલી ફરિયાદ અંગે અસરકારક કાર્યવાહી ન થતાં સ્થાનિકોમાં રોષ

**ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી**



અંજાર - કચ્છઉદય : અંજાર પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી એક ગંભીર ગુનાની એફઆઈઆર અંગે આજદિન સુધી કોઈ નકકર કે અસરકારક કાર્યવાહી ન થતાં સ્થાનિક અરજદારો અને પરિવારોમાં ભારે અસુરક્ષા અને ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. આ મામલે પીડિત પક્ષ દ્વારા વહીવટી તંત્ર અને પોલીસ વડાને આવેદન પત્ર પાઠવીને ત્વરિત તપાસ કરવાની અને કાયદેસરનાં પગલાં ભરવાની ઉગ્ર માંગ કરવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, અંજાર પોલીસ મથકે ગત તારીખ ૩૦ મે ના રોજ નામજોગ આરોપીઓ તથા અન્ય ઈસમો સામે વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ એફઆઈઆર નોંધાયાને નોંધપાત્ર સમય વીતી ગયો હોવા છતાં પણ પોલીસ પ્રશાસન દ્વારા આરોપીઓ સામે કોઈ કડક પગલાં લેવાયા નથી કે તેમની ધરપકડ પણ કરવામાં આવી નથી. આરોપીઓ ખુલ્લેઆમ ફરી રહ્યા હોવાથી સ્થાનિક જાગૃત પરિવારો સતત ભય અને અસુરક્ષાની લાગણી અનુભવી રહ્યા છે.આ સાથે જ આવેદન પત્રમાં જણાવાયું છે કે, અંજારના ક્રિષ્ના નગર, ઓમનગર અને દબડા વાડી વિસ્તાર તરફ જવાના રસ્તા પર આવેલા હોટેલની સામેના કુદરતી વરસાદી પાણીના નાળા તેમજ સરકારી જમીન ઉપર કેટલાક માથાભારે ઈસમો દ્વારા ગેરકાયદેસર રીતે દબાણ કરવામાં આવ્યું છે. આ અતિક્રમણને કારણે વરસાદી પાણીના નિકાલનો કુદરતી વહેણ અવરોધાયો છે, જેના લીધે ચોમાસામાં સ્થાનિકો માટે મોટી આફત સર્જાવાની ભીતિ છે. અંજાર વોર્ડ નંબર ૧ માં આવેલી સરકારી જમીન અને પાણીના વહેણ પરથી આ તમામ ગેરકાયદેસર દબાણો તાત્કાલિક અસરથી દૂર કરવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે. સ્થાનિકોએ ઉચ્ચ અધિકારીઓને વિનંતી કરી છે કે એફઆઈઆરની તપાસ ખૂબ જ ઝડપથી પૂર્ણ કરી ગુનેગારોની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે અને તપાસની પ્રગતિ અંગે અરજદારને વાકેફ કરવામાં આવે. જો પોલીસ તંત્ર અને વહીવટી પ્રશાસન દ્વારા આ મામલે યોગ્ય અને ત્વરિત કાર્યવાહી કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં સ્થાનિક નાગરિકો દ્વારા ન્યાય મેળવવા માટે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે તેવી ચીમકી પણ આપવામાં આવી છે.

# હિંડન-મુન્દ્રા ફ્લાઇટ સેવામાં વિલંબ : સ્ટાર એરને મંજૂરી ન મળતા મુસાફરોએ હજુ જોવી પડશે રાહ

**કેન્દ્ર સરકારની 'ઉડાન' યોજના હેઠળ મંજૂરી મળી હોવા છતાં મુન્દ્રા એરપોર્ટ પરથી સહમતી ન મળતા જૂનના મધ્યમાં શરૂ થનારી વિમાન સેવા અટવાઈ**

મુન્દ્રા - કચ્છઉદય :ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં આવેલા હિંડન એરપોર્ટથી ગુજરાતના મુન્દ્રા માટે શરૂ થનારી પ્રથમ ફ્લાઈટ સેવા હાલ પૂરતી મુલતવી રાખવામાં આવી છે. સ્ટાર એરલાઈન્સ દ્વારા જૂન મહિનાના મધ્યમાં આ હવાઈ સેવા શરૂ કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું, પરંતુ મુન્દ્રા એરપોર્ટ તરફથી હજુ સુધી જરૂરી સહમતી કે મંજૂરી ન મળી હોવાને કારણે આ સેવામાં વિલંબ થઈ રહ્યો છે. હિંડન એરપોર્ટ ઓથોરિટીના જણાવ્યા અનુસાર, કેન્દ્ર સરકાર દ્વારા 'ઉડાન' યોજના અંતર્ગત આ હવાઈ સફરને અગાઉથી જ લીલી ઝંડી આપી દેવામાં આવી હતી, પરંતુ સ્થાનિક સ્તરે એરપોર્ટ ઓથોરિટીની આખરી મંજૂરી ન મળવાને કારણે એરલાઈન્સ કંપની નિર્ધારિત સમયપત્રક મુજબ ઉડાન ભરી શકશે નહીં. પરિણામે, આ રૂટ પર પ્રવાસ કરવા ઈચ્છતા મુસાફરો અને વેપારીઓએ હજુ થોડો વધુ સમય રાહ જોવી પડશે.

ઔદ્યોગિક દ્રષ્ટિકોણથી ગુજરાતના કચ્છમાં આવેલું મુન્દ્રા શહેર અત્યંત મહત્વનું સ્થાન ધરાવે છે. મુન્દ્રા દેશના અગ્રણી બંદરો અને મોટા ઉદ્યોગોનું કેન્દ્ર હોવાથી ગાઝિયાબાદ સહિત સમગ્ર પશ્ચિમ ઉત્તર પ્રદેશના ઉદ્યોગપતિઓ અને વેપારીઓ માટે આ ફ્લાઈટ ખૂબ જ ફાયદાકારક સાબિત થવાની છે. હિંડનથી મુન્દ્રા વચ્ચે સીધી હવાઈ સેવા શરૂ થવાથી બંને રાજ્યો વચ્ચે વ્યાપારિક જોડાણ મજબૂત બનશે અને મુસાફરીનો સમય પણ બચશે. હાલમાં એરપોર્ટ ઓથોરિટી અને સ્ટાર એર વચ્ચે આ વિલંબને દૂર કરવા માટે વાતચીત ચાલી રહી છે, અને તમામ વહીવટી પ્રક્રિયાઓ પૂર્ણ થયા બાદ ટૂંક સમયમાં જ નવી તારીખ જાહેર કરવામાં આવશે તેવી આશા સેવાઈ રહી છે.

# ભુજ નગરપાલિકા દ્વારા પ્રિ-મોન્સુન કામગીરીની રિવ્યુ બેઠક યોજાઇ



**નવનિયુક્ત યુવા-અનુભવી પ્રમુખ શિતલભાઈ શાહની શહેરીજનોના હિતાર્થે ઠેકેદારો સહિતના જવાબદારોને સીધી જ કડક તાકીદ**

**શહેરમાં જે કોઈ ખાડાઓ મોટા ખોદેલા છે તે ઉપરાંતના અડધાઅધુરા કામો ચોમાસા પહેલા પૂર્ણ કરી નાખો : શહેરીજનોના હિતના ભોગે ઢીલાશ નહી ચલાવાય**

ભુજ - કચ્છઉદય : આગામી ચોમાસાની ઋતુને ધ્યાને રાખીને શહેરમાં પાણી, ગટર, સફાઈ તેમજ રોડલાઈટની સમસ્યાઓ ન થાય તેના માટે પ્રિ-મોન્સુન કામગીરીની રીવ્યુ બેઠક યોજાઈ હતી.ભુજ નગરપાલિકાના પ્રમુખ શીતલભાઈ શાહ તેમજ કારોબારી ચેરમેન કમલભાઈ ગઢવીની આગેવાની હેઠળ પાણી પુરવઠા શાખાના ઈન્જીનીયર, ડ્રેનેજ શાખાના ઈન્જીનીયર તેમજ આ બંને શાખાના કામો કરતા કોન્ટ્રાક્ટરો સાથે સંયુક્ત મિટીંગ યોજવામાં આવી હતી, જેમાં હાલમાં શહેરમાં ચાલતા પાણી-ગટરની લાઈનના કામો તેમજ પાણી શાખા તેમજ ડ્રેનેજ શાખા દ્વારા આગામી સમયમાં કરવાના કામોનું આયોજન તથા ચોમાસા પહેલા પૂર્ણ કરવાના કામો બાબતે ગંભીર ચર્ચાઓ થઈ હતી સાથે સાથે નગરપાલિકાના તમામ શાખાના વાહનો જેને રીપેરીંગની જરૂર છે તેને રીપેર કરાવી પાણી, ગટર, રોડલાઈટ તેમજ સફાઈ જેવી આવશ્યક સેવાઓમાં કોઈ ખામી ન રહે તે માટે એડવાન્સમાં તૈયારીઓ રાખવા મેકેનિક શાખાને જણાવ્યું હતું. તદઉપરાંત આગામી દિવસોમાં ભુજ શહેરમાં આવતા તમામ નાળાઓની સફાઈ કરવામાં આવશે, જેના માટે સેનિટેશન શાખાના બ્રાંચ હેડને પણ તે કામો પર સ્થાનિકે હાજર રહીને કામીગીરી કરાવવાનું ચૂસ્ત સૂચન કર્યું હતું, જેથી કરીને ભુજના હ્રદયસમા હમીરસર તળાવમાં નવા નીર આવે તેમજ ભુજ શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા ઉદ્દભવે નહીં.





આજરોજ માન. નાયબ પશુપાલન નિયામકશ્રી ડો. આર. ડી. પટેલ સાહેબ અને માન. મદદનીશ પશુપાલન નિયામક શ્રી ડો. વિજય દેસાઈ સાહેબ દ્વારા વાર્ષિક તપાસણી અન્વયે પશુ દવાખાના- નખત્રાણાની મુલાકાત લેવામાં આવી.મુલાકાત દરમિયાન તાલુકામાં થયેલ કામગીરી, વિવિધ રેકર્ડ્સ અંગે તપાસ કરી જરૂરી માર્ગદર્શન અને સૂચન આપવામાં આવ્યું. ઉપરાંત, સાહેબશ્રી દ્વારા નખત્રાણા ગૌસેવા કેન્દ્ર તથા નખત્રાણા ખાતે Progressive farmer ભરતભાઈ નાથાણીના શુદ્ધ કાંકરેજ ઓલાદના દેવરતન ફાર્મની મુલાકાત લેવામાં આવી આ દરમિયાન સાહેબશ્રી દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું.તદુપરાંત હાલમા નખત્રાણા તાલુકામા ચાલી રહેલ LSD રસીકરણ ઝુંબેશની કામગીરીનુ નેત્રા ખાતે નિરીક્ષણ કરેલ અને સાહેબશ્રી દ્વારા જરૂરી માર્ગદર્શન પુરુ પાડવામા આવેલ.

# પુનરાજપર ગામે જીએમડીસી માઈન્સ મામલે ગ્રામજનોમાં ભારે આક્રોશ






નખત્રાણા - કચ્છઉદય : પ્રાંત કચેરી ખાતે મળેલી બેઠક પૂનરાજ પર ગામે જીએમડીસી દ્વારા માઈન્સની કામગીરી બાબતે આગેવાનો, જીએમડીસીના અધિકારીઓ, ડીએલઆરના કર્મચારીઓ તથા સ્થાનિક પ્રાંત અધિકારીની ઉપસ્થિતિમાં મળી હતી, જેમાં વળતર મુદ્દે જંત્રીના ભાવ ખૂબ જ ઓછા છે જેના કારણે વળતર પુરૂ મળતું નથી. જીએમડીસી સોશિયલ ઈમ્પેક્ટનો મુદ્દો તદન ખોટો છે. સર્વે સોશિયલ ઈમ્પેક્ટ જોઈ કરવામાં આવે ખનીજના ભાવ મુજબ વળતર આપવામાં આવે, સો ટકા સંપાદન થાય તો પુનઃવશનનો મુદ્દો પણ ઉભો રહે છે

બેઠકમાં લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યું હતું. જાહેરનામું રદ કરાવવા માટે કોર્ટમાં પણ જઈશું અને જો તંત્ર દ્વારા દાદ આપવામાં નહીં આવે તો સ્થાનિક ઘર્ષણ થશે. કાયદો વ્યવસ્થા પણ ખોરવાય એવી સંભાવના રહેલી છે એવું સ્થાનિકોએ જણાવ્યું હતું. સ્થાનિક સર્વે કરાયો નથી સંપાદન સો ટકા થાય તો પુનઃવશનનો પ્રશ્ન ઊભો થાય. ગામ ખેતી અને પશુપાલન આધારિત છે લોકોની આજીવિકાનો પ્રશ્ન ઊભો થશે. માઈન્સમાં સ્થાનિકોને લેવાના હોય છે તે પણ લેવાયા નથી. ૮૦ ખેડૂતોનો સર્વે નંબરો આવે છે અને જો જમીન સો ટકા સંપાદન થાય તો પુનઃવચનનો મુદ્દો ઉભો રહેશે. વૈજ્ઞાનિક રીતે સર્વે કરવામાં આવે અધિકારીઓ ઓફિસે બેસી સર્વે કરી નાખે છે, જે સ્થાનિકોને મંજૂર નથી આ મામલે કાયદો વ્યવસ્થા ખોરવાય તેમ છે. સ્થાનિક ઘર્ષણ થાય એમ છે. છેલ્લા બે વર્ષથી વિવિધ તંત્રોને રજૂઆત કરીએ છીએ છતાં પણ જવાબદાર અધિકારીઓ જીએમડીસીની તરફેણ કરે છે તેવો આક્ષેપ કરાયો હતો. સ્થાનિકોને સાંભળ્યા વગર નિર્ણયો લેવાઈ રહ્યા છે. સંપાદિત અધિકારી વાસ્તવિક પરિસ્થિતિથી અજાણ છે. હજુ સુધી ગામની મુલાકાત લીધી નથી આવી પરિસ્થિતિમાં સરહદના ગામના લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડે એમ છે વગેરે મુદ્દે રજૂઆત થઈ હતી. સ્થાનિક સર્વે કરવામાં આવે એવી માંગ કરી હતી અને કંપનીનો સર્વે માન્ય રાખશો નહીં સોશિયલ ઈમ્પેક્ટ જોવી જોઈએ સરહદનું ગામ છે. તંત્રે પણ વિચારવું જોઈએ અમે આવી રીતે કામ કરવા નહીં દઈએ અને જરૂર પડે તો કોર્ટના દ્વાર પણ ખખડાવશું તેવી પણ ચિમકી ઉચારવામાં આવી હતી

બેઠકમાં અબડાસાના ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજા, પ્રાંત અધિકારી ઉત્કર્ષસ ઉજ્જવલ, નાયબ મામલતદાર જીગર ધોળું, દયાપર મામલતદાર નવીન મારૂ, વનરાજપર ગામના સરપંચ હમીરજી જાડેજા, ચાંદુભા જાડેજા, હઠુભા સોઢા, જેતમાલજી જાડેજા, વિક્રમસિંહ જાડેજા, લાલુભા સોઢા, જવારારાજી મહારાજ, દેવુભા જાડેજા, શિવજીભાઈ ખંભુ, ભુરાભાઈ ખંભૂ, દાદુભાઈ ખંભુ, નારણભાઈ ખંભુ, મહમદભાઈ મંધરા, રાજેશભાઈ જોશી, વંકાજી જાડેજા, દાનુભા જાડેજા સહિતના મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

# કચ્છમાં પ્રિ-મોન્સૂન એક્ટિવિટીની આગાહી વચ્ચે અસહ્ય ઉકળાટ


**ભુજ અને કંડલા ૪૧ ડિગ્રી સાથે પ્રખર ગરમી અને ઉકળાટથી લોકો બેહાલ : હવામાન વિભાગ દ્વારા આગામી ત્રણ દિવસ માટે ઓરેન્જ અને યેલો એલર્ટ જાહેર કરાયુંઃ તોફાની પવન અને ગાજવીજ સાથે વરસાદની સંભાવના**

ભુજ - કચ્છઉદય : રાજ્યની સાથે કચ્છ જિલ્લામાં પણ પ્રિ-મોન્સૂન એક્ટિવિટી વેગવાન બને તેવી સંભાવનાઓ હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. આગામી ત્રણ દિવસ સુધી જિલ્લામાં ગાજવીજ અને તીવ્ર પવન સાથે વરસાદ વરસવાની આગાહી કરવામાં આવી છે, ત્યારે બીજી તરફ જિલ્લામાં મહત્તમ તાપમાનનો પારો બેથી ચાર ડિગ્રી જેટલો ઊંચકાતાં નાગરિકો આકરા તાપ અને અસહ્ય ઉકળાટનો સામનો કરી રહ્યા છે. ખાસ કરીને ભુજ તેમજ અંજાર અને ગાંધીધામ વિસ્તારને આવરી લેતા કંડલા એરપોર્ટ ક્ષેત્રમાં મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાતાં આ બંને મથકો સમગ્ર રાજ્યમાં સૌથી ગરમ વિસ્તારો સાબિત થયા હતા. મધ્યાહનના સમયે આકરા તડકાની સાથે હવામાં ભેજનું પ્રમાણ વધારે હોવાના કારણે નાગરિકોએ ભારે બફારો અનુભવ્યો હતો, જેના લીધે લોકો પરસેવે રેબઝેબ થઈ ગયા હતા.હવામાન વિભાગે જાહેર કરેલા સત્તાવાર વર્તારા અનુસાર, કચ્છ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં હજુ પણ ત્રણ દિવસ સુધી તોફાની પવન અને ગાજવીજ સાથે વરસાદ પડી શકે તેમ છે, જેને પગલે તંત્ર દ્વારા ઓરેન્જ તેમજ યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જોકે, હવામાન વિભાગની આ પ્રકારની આગાહીઓ વચ્ચે છેલ્લા ચાર દિવસ દરમિયાન જિલ્લાના કોઈ પણ વિસ્તારમાંથી વરસાદ પડ્યો હોવાના અહેવાલો સાંપડ્યા નથી. વરસાદના અભાવ અને ઊંચા તાપમાન તેમજ ભેજના ઊંચા પ્રમાણને કારણે સર્જાયેલા અસહ્ય બફારાએ જનજીવનને વ્યાકુળ કરી મૂક્યું હતું. જોકે, ગઈકાલ સાંજ પછી પવનની ગતિમાં સામાન્ય વધારો થતાં સ્થાનિકોને ગરમીથી થોડી રાહત મળી હતી અને આજે સવારે પવનની ઝડપ પ્રતિ કલાક ૧૧ થી ૧૫ કિલોમીટર જેટલી નોંધાઈ હતી.

## કચ્છ સહિત રાજ્અ આગામી સાત દિવસ ગાજવીજ સાથે વરસાદની આગાહી

અમદાવાદઃ રાજ્યમાં પશ્ચિમી વિક્ષોભ (વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ) સહિત બે હવામાન સિસ્ટમ સક્રિય થવાના કારણે હવામાન વિભાગ દ્વારા આગામી સાત દિવસ સુધી ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ દિવસો દરમિયાન વિવિધ વિસ્તારોમાં ૪૦ થી ૫૦ કિલોમીટરની ઝડપે તેજ પવન ફૂંકાવાની અને વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદી માહોલ જોવા મળવાની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર વાતાવરણમાં આવેલા આ બદલાવને કારણે આગામી દિવસોમાં વાદળછાયું વાતાવરણ રહેશે, જેના લીધે તાપમાનમાં ઘટાડો નોંધાશે અને લોકોને ગરમીથી આંશિક રાહત મળશે. હવામાન નિષ્ણાતોના મતે મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં હળવોથી મધ્યમ વરસાદ નોંધાઈ શકે છે, જ્યારે કચ્છ અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં માવઠાની અસર જોવા મળી શકે છે.

# ગાંધીધામની વિદુષી ટંડન ધોરણ ૧૨માં જ્વલંત સફળતા સાથે ઝળકી



ગાંધીધામ - કચ્છઉદય :: ગાંધીધામની તેજસ્વી તારલા સમાન વિદુષી ટંડને ધોરણ ૧૨ની પરીક્ષામાં ૯૪.૨ ટકા પ્રાપ્ત કરી પરિવારનું અને જ્ઞાતિનું અને ડીપીએસ સ્કુલનું ગૌરવ વધાર્યું છે. તેની અપ્રતિમ બુદ્ધિમતા અને કઠોર પરિશ્રમના ઉપરાંત માતા-પિતાનું ઘડતર અને શિક્ષકો ભાઈ - બહેનોના અત્યંત સટિક માર્ગદર્શન કારણે દરેક વિષયમાં ખૂબ જ સારા ગુણ આવ્યા છે, જેમાં અર્થશાસ્ત્રમાં ૯૮, મનોવિજ્ઞાનમાં પણ ૯૮ જેટલા માર્ક્સ સાથે તેનો શાળામાં બીજો નંબર આવ્યો છે. વિદુષી બચપણથી જ ખૂબ જ તેજસ્વી રહી છે. અભ્યાસ ઉપરાંત અન્ય ક્ષેત્રમાં પણ હંમેશા અવ્વલ રહી છે. ઓલ ઈન્ડિયા મેરીટના આધાર ઉપર નિરમા યુનિવર્સિટીમાં એડમિશન મળી ગયું છે. સમગ્ર ટંડન પરિવાર તથા ડીપીએસ સ્કૂલ વિદુષીને ખુબ ખુબ અભિનંદન આપે છે.



અનશનવ્રતધારી જૈન સમાજ રત્ન તારાચંદભાઈ જગશી છેડાની પ્રેરણાથી ક.વી.ઓ. જૈન મહાજન ભુજ અને સર્વ સેવા સંઘ કચ્છ ભુજના પ્રમુખ જીગર તારાચંદભાઈ છેડાના માર્ગદર્શન હેઠળ અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓ માટે કોડકી મહેશ્વરી સમાજ દ્વારા સમાજના આગેવાનો સુરેશભાઈ મહેશ્વરી, રામજીભાઈ મહેશ્વરી, હરેશભાઈ મહેશ્વરી, બાબુભાઈ મહેશ્વરી, હરજીભાઈ મહેશ્વરીના હસ્તે જીગર તારાચંદભાઈ છેડાનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

VEERAYATAN VIDYAPEETH
Jakhania, Bhuj - Mandvi Road, Tal. Mandvi - Kutch
તાત્કાલિક જોઈએ છે

| સ્કૂલ / કોલેજ | હોદો | લાયકાત / વિષય |
|---|---|---|
| પ્રાઈમરી, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળા, જખણિયા | પ્રાથમિક શિક્ષક | P.T.C. / B.Ed. હિન્દી, ગુજરાતી, સંસ્કૃત |
| | પી.ટી. શિક્ષક | D.P.Ed. |
| સંપર્ક : ૯૮૨૫૨ ૧૦૨૯૭ | schools@veerayatan.org | |
| Business Administration & Computer Applications College | Lecturer (BBA) | M.B.A./ M.Com. with 55% marks & must have cleared NET/SLET/GSET *freshers can also apply |

Contact : 98252 14650 vimca@veerayatan.org

-: પ્રવેશ જાહેરાત - ૨૦૨૬ :-
શ્રી ઢેબર સર્વ સેવા વિકાસ મંડળ-અંજાર સંચાલિત શૈક્ષણિક સંકુલ માં જુન-૨૬ ના નવા સત્રમાં પ્રવેશ અંગે..
૧) શ્રી અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા-અંજાર
- ધો.-૧ થી ૮ ના સામાજિક અને શૈક્ષણીક પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે રહેવા જમવાની વિનામૂલ્યે સગવડ સહિત જે ધોરણ માં જગ્યા હશે તે મુજબ પ્રવેશ મળશે.
૨) શ્રી વાય. પી. નંદા કુમાર છાત્રાલય-અંજાર
- ધો.-૯ થી ૧૨ ના ફકત કુમાર માટે જેઓ સામાજિક અને શૈક્ષણીક પછાત વર્ગના હોય તેમજ સરકારશ્રીની નિયત આવક મર્યાદામાં આવતા હોય તેમને જેટલી જગ્યા ખાલી હશે તે મુજબ પ્રવેશ મળશે.
૩) શ્રી એલ.ડી.રબારી માધ્યમિક અને ઉચ્ચ.માધ્યમિક શાળા-અંજાર
- ધો.-૯ થી ૧૨ માં પ્રવેશ અંગે જે ધોરણમાં જગ્યા ખાલી હશે તેમાં પ્રવેશ આપવામાં આવશે.
૪) શ્રી હાંસુબેન ભુરાભાઈ રબારી કન્યા છાત્રાલય-અંજાર
- ધો.-૯ થી ૧૨ ની દીકરીઓ માટે છાત્રાલયમાં વહેલા તે પહેલાના ધોરણે જગ્યા મુજબ પ્રવેશ આપવામાં આવશે.
ઉપરોક્ત વિગતે પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓએ કાર્યાલયનો રૂબરૂ સંપર્ક કરવો.
સમય :- સવારે ૮ થી ૧૨
શ્રી ઢેબર સર્વ સેવા વિકાસ મંડળ - અંજાર સંચાલિત શૈક્ષણિક સંકુલ અંજાર-કચ્છ

# પરિમલ નથવાણીએ જીએસએફએની ૪૮મી વાર્ષિક સાધારણ સભાની અધ્યક્ષતા કરી

અમદાવાદ - કચ્છઉદય : ગુજરાતમાં ફૂટબોલની રમતની લોકપ્રિયતાને વધારવા વધુને વધુ આશાસ્પદ ખેલાડીઓ રાજ્યમાંથી આગળ આવે તે માટે ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિયેશન (જી.એસ.એફ.એ.) ભરપૂર પ્રયાસ કરી રહ્યું છે. જેના પરિણામ સ્વરૂપે ગુજરાતના ખેલાડીઓ ફૂટબોલ અને ફૂટસાલની રમતોમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની ટુર્નામેન્ટ માટે પસંદગી પામી રહ્યા છે.




આજે અમદાવાદમાં મળેલી જી.એસ.એફ.એ.ની ૪૮મી વાર્ષિક સાધારણ સભા (એ.જી.એમ.)માં જી.એસ.એફ.એ.ના અધ્યક્ષ અને રાજયસભા સાંસદ પરિમલ નથવાણીના નેતૃત્ત્વમાં આગામી વર્ષોમાં રાજ્યમાં ફૂટબોલ વધુ વિકસે અને સમૃદ્ધ બને તેવો નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. ગુજરાતમાં હાલ કુલ ૧૮,૩૩૪ ફૂટબોલ ખેલાડીઓ રજીસ્ટર્ડ થયેલા છે અને એ.આઇ.એફ.એફ.ના સી.આર.એસ. અન્વયે હાલમાં રાજ્યમાં કુલ ૭,૩૬૩ જેટલા સક્રિય ખેલાડીઓ છે, જેમાંથી ૪૪૮૩ ખેલાડીઓએ વિવિધ ટૂર્નામેન્ટ્સમાં ભાગ લીધો હતો. જી.એસ.એફ.એ.ના વર્ષ ૨૦૨૫-૨૬ના વાર્ષિક અહેવાલમાં જણાવ્યા મુજબ ગુજરાતની શુભાંગી સિંઘે એએફસી અન્ડર-૨૦માં ભારતીય ટીમનું સુકાન સંભાળ્યું તેમજ ક્વોલિફાઈંગ રાઉન્ડમાં જીત પણ મેળવી હતી. જ્યારે ખુશ્બુ સરોજે અન્ડર-૧૭અને અન્ડર-૨૦માં ભારતીય ટીમમાં સ્થાન મેળવ્યું હતું. આ ઉપરાંત ખુશ્બુ સરોજની સાથે રાજ્યની તન્વી માવાણી અને રાધિકા પટેલની ભારતીય ફૂટસાલ ટીમમાં પણ પસંદગી કરાઈ હતી અને તેમણે એસએએફએફ વિમેન્સ ફૂટસાલ ચેમ્પિયનશીપમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. જ્યારે પુરુષ ખેલાડીઓમાં વિશાલ દૂબે તથા અમન શાહ ભારતીય રાષ્ટ્રીય ફૂટસાલ ટીમમાં પસંદ થયા હતા અને કુવૈત ખાતે યોજાયેલી એએફસી ફૂટસાલ ચેમ્પિયનશીપમાં દેશ વતી રમ્યા પણ હતા. જી.એસ.એફ.એ.ના અધ્યક્ષ પરિમલ નથવાણીએ જી.એસ.એફ.એ.ની પ્રગતિ વિષે આનંદ અને ગૌરવની લાગણી વ્યક્ત કરતા વધુમાં જણાવ્યું હતુ કે જી.એસ.એફ.એ.ના પ્રયાસ અને પ્રોત્સાહનથી ગુજરાતમાંથી ફૂટબોલ અને ફૂટસાલની રમતના ઓફિશિયલ્સ પણ નામના મેળવી રહ્યા છે. જી.એસ.એફ.એ. સાથે સંકળાયેલા ગુજરાતના શક્તિસિંહ ચૌહાણે ફીફા કોચ એજ્યુકેશન ડિપ્લોમા અભ્યાસક્રમ પૂર્ણ કર્યો હતો. આ ઉપરાંત વિશાલ વાજા તેમજ રચના કામાણી ફીફા ફૂટસાલ


**રાજ્યમાં ૭,૩૬૩ સક્રિય ફૂટબોલ ખેલાડીઓઃ ૪,૪૮૩ ખેલાડીઓ વિવિધ ટૂર્નામેન્ટોમાં રમ્યા**

ઓફિશિયલ તરીકે પસંદગી પામ્યા હતા. આ વર્ષે ગુજરાતમાં એઆઈએફએફ ટુર્નામેન્ટો ઉપરાંત ટ્રાઈબલ ગેમ્સ, ૧૦ જેટલી ઈન્ટર ડિસ્ટ્રીક્ટ તથા તેટલી જ ક્લબ ટુર્નામેન્ટોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્યમાં ફૂટબોલની લોકપ્રિયતા વધારવાના જી.એસ.એફ.એ. દ્વારા કરાઈ રહેલા અથાગ પ્રયાસોના હવે સારાં પરિણામો પ્રાપ્ત થઈ રહ્યાં છે તે અંગે આનંદ વ્યક્ત કરતાંજી.એસ.એફ.એ.ના અધ્યક્ષ, રાજ્યસભાના સાંસદ અને આર.આઇ.એલ.ના ડાયરેક્ટર (કોર્પોરેટ અફેર્સ), પરિમલ નથવાણીએ ઉમેર્યું હતુ કે, "જી.એસ.એફ.એ. દ્વારા ૨૦૨૫-૨૬ દરમિયાન ઈન્ટર ડિસ્ટ્રીક્ટ, ક્લબ કક્ષાની તેમજ એઆઈએફએફ અસ્મિતા ટુર્નામેન્ટો તથા ટ્રાઈબલ ગેમ્સ મળીને ૩૦થી વધુ વિવિધ ટુર્નામેન્ટોનું આયોજન કરવામાં આવ્યું હતું." આવનારા સમયમાં ગુજરાતમાં બીચ સોકર અને ફૂટસાલ ટૂર્નામેન્ટોને પણ વધુ ગતિમાન બનાવવાનો પરિમલ નથવાણીએ સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ માટે વધુને વધુ સીએસઆર ફંડ વિવિધ કંપનીઓ તેમજ સંસ્થાઓ પાસેથી પ્રાપ્ત થાય તો રાજ્યમાં ફૂટબોલના માળખાનો ઝડપથી વિકાસ થઈ શકે છે તે બાબત પર ભાર મૂકાયો હતો. જી.એસ.એફ.એ.ના માનદ્ મહામંત્રી મૂળરાજસિંહ ચુડાસમાએ વાર્ષિક એક્ટિવિટી રિપોર્ટની સાથે નવા ફૂટબોલ વર્ષ માટેનું કેલેન્ડર રજૂ કર્યું હતું અને સભ્યો સમક્ષ વાર્ષિક ઑડિટેડ હિસાબો રજૂ કર્યા હતા. આ એજીએમમાં જીએસએફએના ઉપપ્રમુખ પ્રદીપસિંહ વાઘેલા અને અરૂણસિંહ રાજપૂત ઉપરાંત માનદ્ મહામંત્રી મૂળરાજસિંહ ચુડાસમા, માનદ્ ખજાનચી અંકિત પટેલ તેમજ જી.એસ.એફ.એ. સાથે જોડાયેલા જિલ્લા ફૂટબોલ એસોસિયેશનના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં જીલ્લા એસોસિયેશનના બંધારણમાં સુધારા ઉપરાંત અલગ-અલગ ઈન્ટર ડિસ્ટ્રીક્ટ ફૂટબોલ ટુર્નામેન્ટના આયોજન તથા ફૂટસાલ, બીચ સોકર અને અસ્મિતા લીગ અંગેની પણ ચર્ચા કરવામાં આવી હતી.

# ઢોરો ગામે કાળઝાળ ગરમીમાં પાણીનો પોકાર

નખત્રાણા - કચ્છઉદય : તાલુકાના અંતરિયાળ ઢોરો અને વજીરાવાંઢમાં છેલ્લા પંદરેક દિવસથી પીવાના પાણીની ભારે અછત વર્તાય છે, જેના કારણે લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ઉનાળાની સખત ગરમીમાં લોકોને પીવા પાણી મળતું નથી, તો ઢોરોને કેમ પીવડાવું તેવું માલધારીઓએ કહ્યું હતું. તાજેતરમાં સંકલન બેઠકમાં ધારાસભ્ય દ્વારા રજૂઆત કરાઈ હતી કે, અંતરિયાળ વિસ્તારોમાં પાણી નિયમિત કરવા માટે પાણી પુરવઠા વિભાગને પ્રાંત અધિકારી દ્વારા સૂચિત પણ કરાયા હતા. છતાં પણ પીવાના પાણીની ભારે સમસ્યા સર્જાઇ રહી છે. પાણી મુદ્દે ઝઘડા થઈ રહ્યા છે. જાગૃત નાગરિક અતાઉલ્લાખાન મુતવાએ જણાવ્યું કે, ગામમાં છેલ્લા ઘણા દિવસોથી પાણીની સમસ્યા છે. અપૂરતા ટેન્કરોની સંખ્યા છે. દેશલપુર વિસ્તારની પાણીની લાઈનમાં ગેરકાયદેસર કનેક્શન અંગે તંત્રની મીઠીનજર કારણભૂત છે. કેટલાક લોકોએ ગેરકાયદેસર પાણીના કનેક્શનનો લઈ લીધા છે જેના કારણે પાણી પહોંચી શકતું નથી. તંત્ર વારંવાર ખોટા બહાના આપી

**ઢોરો અવાડામાં નિશાસા નાખી ફરે છે પરત : ઉગેડી ગામેથી લાઈનમાં ખોટીપો સર્જાતા ૧૫ દિવસથી પીવાના પાણી માટે વલખાં**



નીકળી જાય છે. ગામમાં પાણીની વ્યવસ્થા ન હોવાના કારણે પશુઓ પાણી વિના તરસ્યા રહે છે, ત્યારે તાત્કાલિક તંત્ર દ્વારા પાણી પુરૂ પાડવા માંગ કરી હતી. નખત્રાણા પાણી પુરવઠાના આસિસ્ટન્ટ એન્જિનિયર અંકિતભાઈ પટેલને પૂછતા તેમણે જણાવ્યું કે ઉગેડીથી પાણીની લાઈન જાય છે પરંતુ લાઈન બ્લોક થઈ જતા ટેન્કર મારફત પાણી પહોચાડાઈ રહ્યું છે. લાઈન બ્લોક છે, રિપેર થઈ ગઈ હતી પરંતુ ફરી પાછી ખેતરમાંથી લાઈન જતા જેસીબીએ તોડી નાખી હતી, જેના કારણે ફરી પાછી સમસ્યા થઈ હતી. હાલે ટેન્કરથી પાણી પહોંચાડાઈ રહ્યું છે સાંજ સુધીમાં લાઈન રીપેર થઈ જશે. કાલે ગામમાં પાણી પહોંચી જશે તેમ જણાવ્યું હતું. વારંવાર રોડ રીપેર કામના કારણે લાઈનો તૂટી જતી હોય છે જેના કારણે સમસ્યા છે. લોકોને પીવાના પાણી માટે ટેન્કરો મારફતે પહોંચાડીએ છીએ.

# એબીઆરએસએમ - ગુજરાતની ત્રિ-દિવસીય ચિંતન બેઠકમાં કચ્છના કાર્યકર્તાઓ પણ જોડાયા



ભુજ - કચ્છઉદય : અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, ગુજરાત સંગઠનની ત્રિ-દિવસીય ચિંતન શિબિર વાસદ-આણંદ સ્થિત શ્રી શ્રી રવિશંકર મહારાજ આર્ટ ઓફ લિવિંગ આશ્રમ ખાતે સફળતાપૂર્વક યોજાઈ હતી. રાજ્યભરના સંગઠનના પદાધિકારીઓ અને અપેક્ષિત કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં યોજાયેલી આ શિબિરમાં સંગઠનની સ્થાપનાથી લઈને આજદિન સુધીની યાત્રા, વિવિધ સિદ્ધિઓ અને વિકાસક્રમ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ચિંતન શિબિર દરમિયાન સંગઠનના કાર્યવિસ્તાર, નવા અને યુવા શિક્ષકોને કાર્યકર્તા તરીકે જોડવા, કાર્ય વિભાજન, શિક્ષણ અને શિક્ષક સમસ્યાઓ, સમાજ પરિવર્તન, પ્રકોષ્ઠ અને આયામ કાર્ય, અભ્યાસ સમૂહોની રચના, કાર્યકર્તા તરીકે કાર્ય અને વ્યવહાર, પંચ પરિવર્તન, પ્રવાસનું મહત્ત્વ અને આયોજન, નિયમિત તથા નૈમિત્તિક કાર્યક્રમો, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મીડિયાનો ઉપયોગ, વાનપ્રસ્થી કાર્યકર્તાઓની ભૂમિકા, સંગઠન વિઝન, માતૃશક્તિની ભાગીદારી તેમજ સંગઠન પ્રશિક્ષણના આયોજન જેવા મહત્વપૂર્ણ વિષયો પર વક્તાઓ દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપી મનોમંથન કરવામાં આવ્યું હતું.

શિબિર દરમિયાન આગામી પાંચ વર્ષ માટે સંગઠનની દિશા, દશા અને કાર્યયોજના ઘડવા, સંગઠન વિસ્તરણને વધુ ગતિ આપવા, શિક્ષક હિતના પ્રશ્નોના નિરાકરણ માટે અસરકારક આયોજન બનાવવા તથા શિક્ષણ ક્ષેત્રે સકારાત્મક પરિવર્તન લાવવા અંગે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. સંગઠનના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ દ્વારા સામૂહિક ચિંતન-મનન કરી વર્તમાન પડકારો તથા ભવિષ્યની તકો અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ ચિંતન શિબિરે સંગઠનને વધુ સશક્ત, કાર્યક્ષમ અને જનહિતલક્ષી બનાવવાના સંકલ્પને વધુ મજબૂત બનાવ્યો હતો. આ ચિંતન શિબિરમાં કચ્છ જિલ્લામાંથી પ્રાંત અને સંભાગના અપેક્ષિત કાર્યકર્તાઓ તરીકે મુરજીભાઈ ગઢવી, નયનભાઈ વાંઝા, અલ્પેશભાઈ જાની તથા રમેશભાઈ ગાગલ સહભાગી બન્યા હતા. કચ્છના પદાધિકારીઓએ વિવિધ સત્રોમાં સક્રિય ભાગ લઈ સંગઠનના ભાવિ આયોજન, કાર્યવિસ્તાર અને શિક્ષક હિતના મુદ્દાઓ અંગે પોતાના સૂચનો અને વિચારો રજૂ કર્યા હતા.

# ગબ્બર ખાતે સમૂહ શક્રાદય પઠન સાથે ૪૧ કિલો ઘી અર્પણ થશે




ભુજ - કચ્છઉદય : હાટકેશ સેવા મંડળ દ્વારા અંબાજી ખાતે માઈ ભક્તો જોડાશે, ત્યારે ભુજથી નાગર જ્ઞાતિના આગેવાન અવિનાશભાઈ વૈદ્ય, લોહાણા સમાજના અગ્રણી હર્ષદભાઈ ઠક્કર (હક્કી), જીતેન્દ્રભાઈ છાયા, ધર્મેન્દ્રભાઈ ડુડીયા, રોહિતભાઈ પાઠક વગેરે હાજર રહી શુભેચ્છા પાઠવી હતી.

અંબાજી મંદિર રાત્રિ પૂજા, વડનગર હાટકેશદાદાના દર્શન જતા ભુજ હાટકેસ સેવા મંડળ દ્વારા ૨૦૨૨થી યાત્રાનો આરંભ કર્યો છે. ૫ જૂનના સવારે ગબ્બર ખાતે શક્રાદય પઠન તેમજ ૪૧ કિલો ઘી અર્પણ કરવામાં આવશે. ત્યારબાદ પૂજારીનું સન્માન થશે. જ્યારે અંબાજી ખાતે રાત્રી પૂજા રાતના ૯થી ૧૨ કલાક દરમિયાન શક્રાદય પઠન અને ગર્ભગૃહમાં પૂજાવિધિ પછી આરતી, થાળ થશે. ૬ જૂનના વડનગર ખાતે હાટકેશ્વર મંદિરે

**કચ્છના ૧૦૧ માઈ ભક્તો જોડાશે : ૬ જૂનના વડનગર ખાતે મહિમ્ન પઠન, દીપમાળા, થાળ, સન્માન સહિતના કાર્યક્રમ યોજાશે**

અભિષેક, રૂદ્રી, થાળ, મહિમ્ન પઠન યોજાશે. આ વખતે ભુજથી રાત્રી પૂજામાં પ્રવર્ષભાઈ શુક્લના વડપણ હેઠળે નાગર બ્રાહ્મણ પ્રથમ વખત ૩૬ ભાઈ - બહેનો જોડાયા છે એવું જયશ્રીબેન હાથીએ જણાવ્યું છે. હાટકેશ સેવા મંડળ અને અંબિકા મહિલા મંડળના હોદ્દેદારો, કાર્યકરો તથા સભ્યો બહોળી સંખ્યામાં કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

# મુન્દ્રા તાલુકાના સમાઘોઘાના ૫ વર્ષના બાળક માટે દેવદૂત બની આરબીએસકની ટીમ

મુન્દ્રા - કચ્છઉદય : રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત કચ્છના મુન્દ્રા તાલુકાની RBSK ટીમની સતર્કતા, સમયસરની તપાસ, ફોલો-અપ અને વાલીને આપવામાં આવેલા યોગ્ય માર્ગદર્શનના કારણે સમાઘોઘા આંગણવાડી કેન્દ્ર-૨ ના ૫ વર્ષના બાળકને જીવનદાયી સારવાર પ્રાપ્ત થઈ છે.



આરબીએસકે હેઠળ સમાઘોઘા આંગણવાડી કેન્દ્ર-૨ ની નિયમિત મુલાકાત દરમિયાન ક્રિષ્નરાજ જાડેજા નામના ૫ વર્ષના બાળકમાં જન્મજાત હૃદયની ખામી હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી હતી. સ્ક્રીનિંગ દરમિયાન બાળકમાં જોવા મળેલાં લક્ષણોને આધારે વધુ તપાસની જરૂરિયાત જણાતાં, ટીમે તાત્કાલિક બાળકના વાલીનો સંપર્ક કર્યો હતો અને તેમને ટુડી ઈકો સહિતની જરૂરી તબીબી તપાસ કરાવવા માર્ગદર્શન આપ્યું હતું.

જોકે, શરૂઆતમાં વાલીએ બાળકને આવી કોઈ તકલીફ ન હોવાનું જણાવીને તપાસ કરાવવા પ્રત્યે અનિચ્છા દર્શાવી હતી. તેમ છતા આરબીએસકે ટીમે વાલીને જન્મજાત હૃદયરોગ અંગે વિગતવાર સમજ આપી અને સમયસર નિદાન તથા સારવારના મહત્ત્વ વિશે માહિતગાર કર્યા હતા. ટીમના સતત પ્રયાસો અને યોગ્ય કાઉન્સેલિંગના પરિણામે વાલી તપાસ માટે સંમત થયા હતા. તબીબી તપાસ દરમિયાન ટુડી ઈકો રિપોર્ટમાં બાળકને જન્મજાત હૃદયની ખામી હોવાનું સચોટ નિદાન થયું હતું. આથી આરબીએસકે ટીમ દ્વારા તાત્કાલિક જરૂરી કાર્યવાહી હાથ ધરીને બાળકને વધુ સારવાર માટે રિફર કરવામાં આવ્યું હતું. હાલ આ બાળકને નિષ્ણાત તબીબોની દેખરેખ હેઠળ જરૂરી સારવાર મળી રહી છે.

આ અંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું કે, આરબીએસકે કાર્યક્રમ હેઠળ બાળકોમાં જન્મજાત ખામીઓ, રોગો, પોષણની ઉણપ અને વિકાસલક્ષી વિલંબની સમયસર ઓળખ કરીને નિ:શુલ્ક સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવે છે. માતા-પિતાએ પણ બાળકમાં કોઈપણ અસામાન્ય લક્ષણ જણાય તો સત્વરે આરોગ્ય કર્મચારીઓનો સંપર્ક કરવો જોઈએ.

# ખંડણીખોર બને ત્યારે નાગરિકો શંકાની નજરે જુએઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી : મુસાફર પાસેથી ખંડણી પડાવવાના કેસમાં ત્રણ પોલીસ કર્મચારીઓના આગોતરા જામીન ફગાવી દેતાં સુપ્રીમ કોર્ટે નોંધ્યુ હતું કે, કાયદાના રક્ષકો ખંડણીખોર બને ત્યારે નાગરિકો શંકાની નજરે જુએ છે અને મૂંઝવણ અનુભવે છે. જસ્ટિસ સંજય કુમાર અને જસ્ટિસ કે વિનોદચંદ્રનની બેન્ચે બોમ્બે હાઈકોર્ટ દ્વારા અપાયેલા હુકમને રદ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે આ સાથે નોંધ્યું હતુ કે, યુનિફોર્મ પહેરેલા સત્તાધિકારી ખંડણી પડાવવા માગતા હોય ત્યારે વિરોધ કરવાના પ્રયાસથી આકરો બદલો મળે છે અને તેથી નમતું જોખ્યા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી. પ્રસ્તુત કેસમાં, ફરિયાદી પોતાની દીકરી સાથે મુંબઈથી હાપા દુરન્તો એક્સપ્રેસમાં મુસાફરી કરી રહ્યા હતા અને તેમને સ્ટેશને મૂકવા જમાઈ ગયા હતા. પોલીસ કર્મચારીઓએ રેલવે સ્ટેશન પર તેમને અટકાવ્યા હતા અને સામાન તપાસ્યો હતો. મુસાફરના સામાનમાંથી ૧૪ ગ્રામ સોનાનું બિસ્કિટ અને રોકડા રૂ.૩૧,૯૦૦ મળી આવ્યા હતા. રોકડ અને સોના અંગે સંતોષજનક રજૂઆત કરવા છતાં વર્દીધારીઓ આ ત્રણેયને નજીકના એક રૂમમાં લઈ ગયા હતા. પરિવારના ત્રણેય સભ્યોનું અપમાન કર્યું હતું અને સોનાનું બિસ્કિટ છોડવાના બદલામાં રોકડ પડાવી લીધી હતી. આ મામલે પોલીસ કર્મચારીઓ સામે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. સેશન્સ કોર્ટે ત્રણ પોલીસ કર્મચારીઓના આગોતરા જામીન નામંજૂર કર્યા હતા. હાઈકોર્ટે તપાસ દરમિયાન મળેલા સીસીટીવી ફૂટેજ જોયા પછી ત્રણ પોલીસ કર્મચારીઓના આગોતરા જામીન મંજૂર કર્યા હતા. હાઈકોર્ટે નોંધ્યું હતું કે, ફરિયાદી અને તેમની દીકરીના ચહેરા પર કોઈ તણાવ જોવા મળતો ન હતો. વળી ફરિયાદ નોંધાવવામાં વિલંબ થયો હતો અને પોલીસ કર્મચારીઓની ફરજ દરમિયાન કરેલી કામગીરી બદલ ફરિયાદ થયેલી હતી. હાઈકોર્ટે આપેલા ચુકાદાને આશ્ચર્યજનક ગણાવતા સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે, સીસીટીવી ફૂટેજમાં તેમના હાવ-ભાવ સ્પષ્ટ જોઈ શકાતા નથી અને હાઈકોર્ટે તેમના ચહેરા પર તણાવ ન હોવાનું નોંધ્યું હતું. ફૂટેજ મુજબ બે પુખ્ત વયની વ્યક્તિ આગળ ચાલી રહી છે અને એક બાળક તેમની પાછળ છે. આ પૈકી એક પુખ્ત વયની વ્યક્તિ પોતાના હાથથી વિચિત્ર અભિવ્યક્તિ કરે છે, જે સ્પષ્ટપણે તણાવ દર્શાવે છે.

# ભુજ આરટીઓ દ્વારા પસંદગીના નંબર માટેની ગોલ્ડન, સિલ્વર નંબરોની સિરિઝનું રી-ઓક્શન કરાશે

ભુજ - કચ્છઉદય : ઈન્ચાર્જ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, ભુજ - કચ્છની અખબારી યાદી મુજબ ટુ-વ્હીલર, એલએમવી કાર અને ટ્રાન્સપોર્ટ વાહનો, થ્રી વ્હીલર પેસેન્જર વાહનો, સ્પેશિયલ વ્હીકલ - કન્સ્ટ્રકશન ઈક્વિપમેન્ટ વાહનોમાં અગાઉની બાકી રહેલા ગોલ્ડન, સિલ્વર નંબરોનું રી-ઓક્શન શરૂ કરવામાં આવનારું છે. ઓનલાઈન અરજી તા.૧૨/૬ના સાંજે ૪ કલાકે શરૂ થશે. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૧૪/૬ના સાંજે ૪ કલાક સુધી રહેશે. ઈ-ઓક્શનની શરૂઆત તારીખ ૧૪/૬ના સાંજે ૪ કલાક સુધી તથા ઈ-ઓક્શન તારીખ ૧૬/૬ના સાંજે ૪ કલાકે સમાપ્ત થશે.

# વાજબી કારણ વગર જાતીય સંબંધોનો ઇનકાર છૂટાછેડાનો એક માન્ય આધાર: SC

નવી દિલ્હી : આશરે ૧૫ વર્ષ અલગ રહેતા એક ડોક્ટર્સ દંપતીના છૂટાછેડાને મંજૂરી આપતાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે લગ્ન સબંધિત કોર્ટ કેસો લાંબા સમય સુધી પડતર રહે તો લગ્ન માત્ર કાગળ પર જ જીવંત રહે છે. ભારતીય અદાલતો વારંવાર કહી ચૂકી છે કે વાજબી કારણ વગર જીવનસાથીને સતત શારીરિક સંબંધોથી વંચિત રાખવું ગંભીર ભાવનાત્મક પીડા પહોંચાડે છે અને લગ્નના મૂળ આધારને નબળો પાડે છે અને તે છૂટાછેડાનો આધાર બની શકે છે. ન્યાયાધીશ સંજય કરોલ અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની ખંડપીઠે નોંધ્યું હતું કે રાજસ્થાન હાઈકોર્ટે ઘણા આધારો પર છૂટાછેડા મંજૂર કર્યા હતાં, જેમાં પત્ની દ્વારા અનેક વખત જાતીય સંબંધોનો ઈનકાર કરીને પતિ સામે કરવામાં આવેલી ક્રૂરતા પણ એક આધાર હતો. પતિની અપીલને મંજૂરી આપીને આપ વામાં આવેલ છૂટાછેડાનું હુકમનામું માન્ય રાખવામાં આવે છે. કોર્ટે જણાવ્યું હતું કે વાજબી કારણ વગર જાતીય સંબંધોનો સતત ઈનકાર કરવા સહિત વૈવાહિક અધિકારોનો ઈનકાર માનસિક ક્રૂરતા ગણાય છે અને હિન્દુ લગ્ન ધારાની કલમ ૧૩(૧)(ia) હેઠળ છૂટાછેડા માટે માન્ય આધાર છે.

ખંડપીઠે નોંધ્યું હતું કે ડિસેમ્બર ૨૦૦૭માં લગ્ન કરનાર પતિ અને પત્ની બંને ડોક્ટર છે અને અનુક્રમે રાજસ્થાન તથા ગુજરાતમાં સરકારી સેવા બજાવે છે. બંને ૧૫ વર્ષથી વધુ સમયથી અલગ રહે છે, તેમના કોઈ સંતાન નથી અને અનેક પ્રયાસો છતાં સમાધાન શક્ય બન્યું નથી. બંધારણની કલમ ૧૪૨ હેઠળની વિશેષ સત્તાનો ઉપયોગ કરીને સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે આ લગ્ન સંપૂર્ણપણે તૂટી ગયા છે અને હવે તેમને જાળવી રાખવાનો કોઈ અર્થ નથી. હાઈકોર્ટના આદેશને પડકારતી પત્ની દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ પર સુપ્રીમ કોર્ટે ૨ જૂને પોતાનો ચુકાદો આપ્યો હતો.

# ૨ લાખથી વધુ અરજદારોએ H1B વિઝા માટે ૧ લાખ ડોલર ચૂકવ્યાં

વોશિંગ્ટન : અમેરિકામાં કામ કરવા માટે આશરે ૨ લાખથી વધુ અરજદારોએ એચ-૧બી વિઝા માટે ૧ લાખ ડોલર ચૂકવ્યાં છે, તેમ ડીપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીના સચિવ માર્કવેન મુલિને જણાવ્યું હતું. અમેરિકન સંસદની એક સમિતિ સમક્ષ ઉપસ્થિત રહેલાં મુલિને જણાવ્યું હતું કે, હોમલેન્ડ સિક્યુરિટી વિભાગને નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે એચ૧-બીની ૨.૮૫ લાખ જેટલી અરજીઓ મળી છે. અમેરિકાના ગ્રામીણ વિસ્તારોમાં ડોક્ટરોની તંગી અંગેના એક પ્રશ્નના જવાબમાં મુલિને જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં એચ૧-બી વિઝા માટે મળેલી કુલ ૨.૮૬ લાખ અરજીઓમાંથી બે લાખ જેટલાં અરજદારોએ વિઝા માટે એક લાખ ડોલરની ચૂકવણી કરી દીધી છે, જેથી તેમની અરજીઓનો ઝડપી નિકાલ થતાં તેઓ અમેરિકા આવીને કામ કરી શકે. મુલિને વધુમાં જણાવ્યું હતું કે, જે અરજદારોએ એક લાખ ડોલરની ચૂકવણી કરી દીધી છે તેમની અરજીઓનો નિકાલ ૧૫ દિવસમાં કરી દેવાય છે, જ્યારે બાકીની અરજીઓનો નિકાલ કરવામાં આશરે ૭.૫ મહિના જેટલો સમય લાગે છે. સેનેટના એક સાંસદ સુસાન કોલિન્સે જણાવ્યું હતું કે, ગ્રામીણ વિસ્તારોમાં તબીબી સેવા પૂરી પાડતાં લોકોને અન્ય સેક્ટરમાં હાઈ-સ્કીલ્ડ કર્મચારીઓની ભરતી કરતી કંપનીઓ કરતાં અલગ ગણી તેમને પ્રાથમિકતા અપાવી જોઈએ.

# ભુજ ચેમ્બર દ્વારા કલેક્ટરની શુભેચ્છા મુલાકાત લઈ કચ્છના પ્રશ્નો અંગે ચર્ચા કરાઈ

ભુજ - કચ્છઉદય : ચેમ્બર ઓફ કૉમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ફેડરેશનના આગેવાનો કલેક્ટર અનિલ રણાવસિયાની શુભેચ્છા મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન કચ્છના વેપાર, ઉદ્યોગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કનેક્ટિવિટી અને ભવિષ્યના વિકાસને લગતા વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

પ્રમુખે ભુજ ચેમ્બર આજ કચ્છની ૬૦થી વધુ વેપારી, ઔધોગિક, વ્યવસાયિક અને પ્રોફેશનલ એસોસિએશનનું પ્રતિનિધિત્વ કરે છે. ચેમ્બર વર્ષોથી સરકાર, વહીવટી તંત્ર અને વેપાર - ઉદ્યોગ જગત વચ્ચે સેતુરૂપે કાર્ય કરી રહ્યું છે. કચ્છ અને ભુજના પ્રશ્નોના નિરાકરણ માટે સતત પ્રયત્નશીલ રહ્યું છે. કચ્છના વિકાસ માટે ભુજ ચેમ્બર દ્વારા પણ સમયાંતરે એર કનેક્ટિવિટી, એર કાર્ગો સેવા, રેલવે સુવિધાઓ, ઔધોગિક માળખાકીય વિકાસ, વેપારને પ્રોત્સાહન અને નાગરિક સુવિધાઓ માટે ભુજ નગરપાલિકા હોય કે કચ્છની ડેવલપમેન્ટ ઓથોરિટી સ્તે અનેક મુદ્દાઓ તંત્ર અન સરકાર સમક્ષ રજૂ કરવામાં આવ્યા છે, જેમાં સફળ પરિણામ આવ્યા છે. કોરોના મહામારી હોય કે, યુદ્ધના સમયમાં ચેમ્બર વેપાર, ઉધોગ અને સમાજના હિતમાં સક્રિય ભૂમિકા ભજવી છે. વિશ્વના ૧૯૨ દેશોમાં વસતા કચ્છી સમાજનું એક વિશાળ નેટવર્ક કાર્યરત છે. વિશ્વભરના કચ્છીઓ પોતાના વતન સાથે લાગણી પૂર્વક જોડાયેલા છે અને કચ્છના વિકાસ માટે યોગદાન આપવા આતુર છે પરંતુ એર કનેક્ટિવિટી ખુટતી કડી અવરોધરૂપ બની રહી છે.

ભુજ એરપોર્ટને ઈન્ટરનેશનલ એરપાર્ટનો દરજ્જા આપવામાં આવે તથા એર કાર્ગો સુવિધાઓ ઉપલબ્ધ બને તો કચ્છના કૃષિ, હેન્ડીક્રાફ્ટ, ફૂડ પ્રાસસિંગ અને નિકાસ આધારિત ઉદ્યોગને ગતિ મળી શકે. કચ્છની વિશ્વ વિખ્યાત કેસર કેરી, કમલમ ફળ, ખારેક, દાડમ, વિવિધ મસાલા, કચ્છી મીઠાઈઓ તેમજ કચ્છના હેન્ડીક્રાફ્ટ ઉત્પાદનોને સીધા આંતરરાષ્ટ્રીય બજારો સુધી પહોંચાડવાની વિશાળ તકા સર્જાઈ શકે છે. આ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ બનરો વર્ષો પહેલા જ્યાર કચ્છમાં યોગ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વિકાસના હોવાના કારણે કચ્છની બહાર દેશ અને વિદેશના અનેક શહેરોમાં વસતા કચ્છીઓ તથા તેમના વેશ્વિક વ્યાપારી સંપકા પણ કચ્છમાં રોકાણ માટે આગળ આવશે. સ્થાનિક યુવાનો માટ રોજગારી તથા ઉધોગસાહસિકતાની નવી તકો ઊભી કરી શકે છે. કલેક્ટરે જણાવ્યું હતું કે, કચ્છમાં આધુનિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અનુકૂળ વાતાવરણ નિર્માણ થવું જોઈએ, જેથી દેશ - વિદેશના રોકાણકારો કચ્છ તરફ આકર્ષાય અને રોકાણની તકો ઉભી થાય તેમ છે. કચ્છ પાસે ભૌગોલિક સ્થિતિ, બંદરો, કુદરતી સંપતિ અને ઉદ્યોગોને અનુકુળ માહોલ જેવી અનેક વિશેષતાઓ છે, જેથી વૈશ્વિક સ્તરે વધુ સારી રીતે રજૂ કરવાની જરૂર છે. મુલાકાત વેળાએ ભુજ ચેમ્બરના અગ્રણીઓ કચ્છ ટેક્સ કન્સલ્ટન્ટ એસો.ના પ્રમુખ રમેશભાઈ પીડારિયા, જીઆઈડીસી એસો.ના પ્રમુખ અરવિદભાઈ ઠક્કર, કચ્છ એન્જિનિયર્સ એન્ડ આર્કિટેક્સસ એસો.ના પ્રમુખ રાજભાઈ માણેક, બુલિયન મર્ચન્ટ એસોસિએશનના પ્રમુખ ભદ્રેશલાઈ દોશી, ભુજ ચેમ્બરના જોઈન્ટ સેક્રેટરી એડવોકેટ સંદીપ શાહ તથા યુનિયન સેક્રટરી હરિભાઈ ગાર ઉપસ્થિત રહ્યા હતા.

# મોંઘવારીની બેવડી અસર : સોનાના ભાવમાં વધ-ઘટ

નવી દીલ્હી : પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન વચ્ચે સતત વધતા તણાવ અને નવા મિસાઈલ તેમજ ડ્રોન હુમલાઓના કારણે વૈશ્વિક નાણાકીય બજારમાં ભારે અસ્થિરતા જોવા મળી રહી છે. આ ભૌગોલિક-રાજકીય સંકટની સીધી અસર સુરક્ષિત રોકાણ ગણાતી કિંમતી ધાતુ સોનાના ભાવો પર પડી છે, જેના કારણે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં દરો સતત બદલાઈ રહ્યા છે. દેશભરમાં આજે ૪ જૂન, ૨૦૨૬ ના રોજ સોનાના ભાવોમાં ભારે ઉતાર-ચઢાવનો માહોલ જોવા મળી રહ્યો છે. પશ્ચિમ એશિયામાં ઈરાન અને અમેરિકા વચ્ચે વધી રહેલા સૈન્ય તણાવના કારણે આંતરરાષ્ટ્રીય બજાર સહિત ભારતીય સરાફા બજારમાં પણ સોનાના દરો સતત પ્રભાવિત થઈ રહ્યા છે. આજે સવારે બજાર ખુલતાની સાથે જ, મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર ૨૪ કેરેટ સોનાના વાયદાના ભાવમાં ૦.૩% એટલે કે ૪૬૮ રૂપિયાનો ઉછાળો જોવા મળ્યો હતો.

## ભુજમાં પોલીસ તંત્ર સામે ધરણા




ભુજ શહેરમાં ચાલતા દેશી-વિદેશી દારૂના દુષણ સામે અવાજ ઉઠાવનાર અને જનતા રેડ કરનાર મહિલાઓને બુટલેગરો અને મહિલા પોલીસ દ્વારા માર મારવામાં આવતા ઉચ્ચ પોલીસ અધિકારીઓને રજૂઆત કરાઈ હતી તેમ છતાં કોઈ પગલાં ન લેવાતા મહિલા કાર્યકર અંકિતાબેન ગોર સહિતનાઓ દ્વારા પ્રતિક ધરણા કરવામાં આવ્યા હતા, જેમાં મોટી સંખ્યામાં સમર્થકો જોડાયા હતા.

પર્યાવરણ દિવસે કચ્છઉદય સ્પેશિયલ..

# વૃક્ષો પણ એકબીજાની સાથે વાતચીત કરે છે અને તેઓ દુ:ખી અને ખુશ પણ થાય છે....

**વૈજ્ઞાનિક જગદીશચંદ્ર બોઝ દ્વારા સાબિત કરાયું હતું કે વૃક્ષોમાં જીવ હોય છે પરંતુ જર્મન વનસ્પતિશાસ્ત્રી પીટર હોલમેન દ્વારા તેનાથી પણ આગળ વધી અને શોધાયું કે વૃક્ષો એકબીજાની અનુભવી શકતા હોય છે એટલો જ નહીં પરંતુ તેને ઉછેરનાર મનુષ્યને પણ અનુભવી શકતા હોય : એક પ્રકારના વૃક્ષોને સાથે રહેવું ગમે છે અને તેમનું આયુષ્ય ઘણું વધી જાય : વિદેશી વૈજ્ઞાનિકે પ્રયોગ કર્યો હતો કે એક વૃક્ષ પાસે ઉભી અને તેને ખૂબ જ ધમકાવવા આવતું અને તો તે સુકાઈ ગયુ હતુ અને બીજા વૃક્ષને વજ લાગણી આપવામાં આવી તો તે ખીલ્યું હતું**

ભુજ - કચ્છઉદય : મનુ સ્મૃતિમાં પણ વર્ણવાયુ છે કે વૃક્ષોમાં ચેતના હોય છે અને તે દુ:ખ અને આનંદનો પણ અનુભવ કરે છે. વૃક્ષ કે છોડને કાપવામાં આવે ત્યારે પર્યાવરણ પ્રેમીઓને સ્વજનનું મૃત્યુ થયું હોય એવી વેદના થતી હોય છે. એટલે જ સ્વાભાવિક રીતે કોઈ પ્રિય વ્યક્તિના મૃત્યુ પર પરિજનો જેટલા દુ:ખી થાય છે તેટલા જ દુ:ખી અને શોકગ્રસ્ત એક વૃક્ષ કપાવા પર આપણે થવું જોઈએ.આઝાદીના ૭૫ વર્ષની પૂર્ણતાની ઉજવણીના ભાગરૂપે ચાર વર્ષ પહેલારાજ્યના ૩૩ જિલ્લાઓમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પ્રિય એવા પવિત્ર વડના વૃક્ષોની ૭૫ વાટિકાઓમાં વૃક્ષોનું જતન કરીને તેની માવજત કરવાનું આયોજન કરાયું હતું.આ વાટિકાઓને 'નમો વડ વન'ના નામની આગવી ઓળખ આપવામાં આવી છે. રાજ્યના વન વિભાગે રાજ્યમાં સઘન વૃક્ષારોપણમાં જનભાગીદારી પ્રેરિત કરી વિવિધ સ્થળોએ ૨૨ જેટલા સાંસ્કૃતિક વનો નિર્માણ કર્યાં છે.તા.૫મી જૂન- વિશ્વ પર્યાવરણ દિવસ.નાના ફૂલ છોડ-વિશાળ વૃક્ષો, નાના ધોધ- વિશાળ નદીઓ, નાના કાંકરા-વિશાળ પર્વતો, જંતુઓ અને મનુષ્યો. નાના હોય કે મોટા.. પ્રકૃતિના તમામ તત્વોને નમન કરવાનો અને તેમના પ્રત્યે કૃતજ્ઞતા, આદર વ્યક્ત કરવાનો દિવસ છે.પર્યાવરણ દિવસે લોકો ઉત્સાહથી વૃક્ષારોપણ કરે છે,તેના બમણા ઉત્સાહથી વાવેલા વૃક્ષોનો આજીવન ઉછેર કરવાનો સંકલ્પ પણ લેય છે,પરંતુ જ્યારે છોડ બચાવવાની વાસ્તવિક જવાબદારી આવે ત્યારે તેના થી પાછળ ખસી જાય છે, સ્વસ્થ છોડ કે વૃક્ષની જાળવણીની સાથોસાથ નાના અને નબળા વૃક્ષો, અંતરિયાળ વિસ્તારોમાં આવેલા વૃક્ષો પર વિશેષ ધ્યાન આપવું આવશ્યક છે.રાજ્યનો દરેક નાગરિક રાજ્ય સરકાર સાથે ખભે-ખભા મિલાવીને જીવંત નાના છોડના જવાબદાર અને સંવેદનશીલ રક્ષક બનવાના પડકારને સ્વીકારે તો સૌ હરિયાળીથી સમૃદ્ધ થઈ જશે. તેવું સરકાર નું પણ માનવું છે. આસપાસની પ્રકૃત્તિ અને પર્યાવરણને માન આપવાની અને સાચવવાની જરૂર છે. તાજેતરમાં જ જર્મન વનસ્પતિશાસ્ત્રી અને ખૂબ જ પ્રતિભાશાળી લેખક પીટર હોલબેનના પુસ્તક 'ધ હિડન લાઈફ ઓફ ટ્રીઝ'માંથી કેટલાક અંશો જાણવા અને માણવા લાયક છે. તેમણે લખ્યું છે કે, 'હવે તે સાબિત થયું છે કે વૃક્ષો એકબીજા સાથે વાતચીત કરે છે. તેમની પાસે કોઈ સ્ક્રીપ્ટ નથી. તેઓ ગંધ દ્વારા તેમના સંદેશાઓ એકબીજાને મોકલે છે. તેઓ દુ:ખી થાય છે અને ખુશી પણ ઉજવે છે. સંશોધનો દ્વારા એ પણ સાબિત થયું છે કે જે વૃક્ષો તેમના સહજીવી વૃક્ષો વચ્ચે ઉછરે તો લાંબુ આયુષ્ય ભોગવે છે.



## વિશ્વ પર્યાવરણ દિન : ભુજમાં સિંદુર વન નજીક સાકાર પામ્યું છે એક સુંદર વન



પાંચમી જૂન વિશ્વ પર્યાવરણ દિન તરીકે ઉજવાય છે. ત્યારે ભુજના જયનગરમાં નિર્માણ પામેલા એક હરિયાળા પ્રોજેક્ટની પ્રગતિ ધ્યાનાકર્ષક છે. વડાપ્રધાન મોદીજીનાં સ્વપ્ન સમાં, સૂચિત 'સિંદૂરવન' થી નજીક આ 'સુંદર વન'નું નવનિર્માણ થયું છે. એમાં ઉછરતાં સેંકડો લીલાંછમ્મ વૃક્ષો હરખની હેલીમાં લહેરાઈ રહ્યાં છે. એનાં નિર્માણમાં જેમનો મુખ્ય હિસ્સો છે ભુજના અનોખા પર્યાવરણ પ્રેમી ૮૦ વર્ષીય ભાણજીભા જાડેજાએ 'છોડમાં રણછોડ' ઉક્તિ સાર્થક કરી રહ્યા છે

ભુજમાં જયનગર મંગળમૂર્તિ હનુમાનજી મંદિર પાછળ બિનઉપયોગી પડેલી ડુંગરાળ, ગાંડા બાવળથી ગ્રસ્ત જમીનને મહામહેનતે સમથળ બનાવી, એમાં વૃક્ષો વાવીને અને નવપલ્લવિત કરવાનું બીડું ઝડપ્યું છે. નિષ્ઠાપૂર્વક આદરેલાં કાર્યને સારો આવકાર મળી રહ્યો છે. એને સાકાર કરવા 'સિનીયર સિટીઝન વનસમિતિ'ની રચના કરી, નિવૃત્તિને અર્થપૂર્ણ હેતુ આપ્યો છે. સમિતિના વરિષ્ઠો નિવૃત્તિ એટલે ફક્ત આરામ નહિ પણ નિજાનંદ મળે એવી રચનાત્મક પ્રવૃત્તિમાં શક્ય યોગદાન આપવા સાથે સંસ્કૃતિ, પ્રકૃતિ, પર્યાવરણ અને પક્ષીપ્રેમ જેવા ઉમદા વિચારો ધરાવે છે. તેઓ સેવા પ્રવૃત્તિ દ્વારા જીવન સંધ્યાને સોહામણી બનાવી રહ્યા છે. પર્યાવરણનાં રક્ષણ માટે પોતાની જાતને સમર્પિત કરી દેતાં, પ્રકૃતિ સાથે સુંદર સુમેળ રચાયો છે. હરિયાળી, સ્વચ્છ હવા અને સમૃદ્ધ જૈવવિવિધતા સાથે દોસ્તી બાંધી દીધી છે.

ભાણજીભા એંસી વર્ષે યુવાનોને શરમાવે એવી સ્ફૂર્તિ ધરાવે છે, તેઓ દવાખાનાંનો રસ્તો ભૂલી ગયા છે. કુદરતે શરીર સ્વસ્થ રાખ્યું છે તો એનો લાભ સમાજને આપવો જોઈએ. એવી એમની માન્યતા છે. કુટુંબમાં પ્રસંગોની સ્મૃતિ રૂપે અહી વૃક્ષ વાવેતર અને માવજત-ઉછેર માટે લોકો પ્રેરાય તો આ પ્રવૃત્તિને વિશેષ વેગ મળે.

ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ દ્વારા આ માટે આઠ લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા, જંગલ ખાતું પશ્ચિમ વિભાગના નાયબ વન સંરક્ષક. યુવરાજસિંહ ઝાલા, રેંજ ફોરેસ્ટ ઓફિસર હિતેન્દ્રસિંહ ચુડાસમાનો સહયોગ મળતાં, પર્યાવરણ જાળવણી સાથે પક્ષીઓને ખોરાક મળે અને શીળી છાયા આપે એવાં પાંચસો જેટલાં ફળાઉ વૃક્ષો કેરી, ગુંદી, લીમડો, પીપળો, વડ, ખાટી મીઠી આમલી, ગુલમહોર, આસોપાલવ અને અર્જુન, અરડૂસી, સરગવો, આમળાં, કરંજ જેવા ઔષધીય છોડ, ફૂલોના છોડ મળીને કુલ ૨૨૦૦ જેટલી વનસ્પતિ વૈવિધ્યથી શોભતું વડીલોનું આ 'તપોવન' પક્ષીઓ અને અન્ય વિવિધ જીવો માટે કુદરતી નિવાસસ્થાન બની ગયું છે. પંખીઓની તરસ છીપાવવા ઠેર ઠેર પાણીનાં મોટાં કુંડાં મુકવામાં આવ્યાં છે ઉપરાંત પંખીઓ નિર્ભય રીતે મુક્તપણે ચણી શકે એ માટે પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. તેથી મોટી સંખ્યામાં આવતાં પંખીઓના કલબલાટથી ગૂંજતો આ વિભાગ જાણે 'પક્ષી તીર્થ' બની ગયો છે, આ બિનઉપજાઉ ભૂમિમાં નવી ચેતનાનો સંચાર થયો છે. ખેડૂત પુત્ર ભાણજીભા જાડેજાએ આ મહત્વના પ્રોજેક્ટને સફળ બનાવવા સંકલ્પ લીધો છે. તેથી ઓફિસો, કાર્યાલયોમાં વખતોવખત જવું, દાતાઓને પ્રોજેક્ટનું મહત્વ સમજાવીને સહયોગ લેવો આ વરિષ્ઠ વયે સરળ ન હોય પણ સમર્પિત ભાવ સાથે મનમાં ગાંઠ વાળી હતી તો સફળતા મળી. વ્યક્તિ ધારે તો વરિષ્ઠ વયે પણ પ્રકૃતિ સાથે સુમેળમાં રહી શકે છે એનું આ દ્રષ્ટાંત છે. પર્યાવરણ પ્રેમીઓ માટે પ્રેરણાનું કેન્દ્ર છે, નિષ્ઠાપૂર્વકના સહિયારા પ્રયાસો અવશ્ય સફળ થાય છે.

હાલમાં પચાસ હજાર લીટરનો પાણીનો ટાંકો અને ફરતી બાઉન્ડ્રી, વરસાદી પાણીના સંગ્રહ હેતુ તળાવડી ઊંડી કરવા સાથે વૃક્ષ આચ્છાદિત કાચો વોકવે બની ગયો છે. બાંકડાની સુવિધા થઈ ગઈ છે. પાકો વોક વે બનાવવા ભુજ નગરપાલિકાએ વચન આપ્યું હતું, હવે એ પૂર્ણ થાય એની પ્રતિક્ષા છે. આ વિવિધલક્ષી પ્રોજેક્ટ આ માટે દાતાઓનો સારો સહયોગ મળી રહ્યો છે. હજુ વિશેષ સુવિધાઓ ઉભી કરવા તેમજ જાળવણી હેતુ દાનની અપેક્ષાએ ભુજને હરિયાળું બનાવવાની નેમ સાથે કાર્ય આગળ ધપી રહ્યું છે. વરિષ્ઠોએ શરુ કરેલાં આ અભિયાનને યુવા વર્ગનો સહયોગ મળતાં 'સોનામાં સુગંધ' ભળી છે. સહિયારા પ્રયત્નોને અવશ્ય સફળતા મળે છે. ભુજનું પ્રવેશદ્વાર ગણાતાં જયનગર મહાવીર નગર વાલદાસનગર નાકાં નજીક સાકાર થતો આ પ્રકલ્પ પૂર્ણ થતાં આ વિસ્તાર સાથે ભુજ શહેરને એક નવલું આકર્ષક નઝરાણું પ્રાપ્ત થશે.

**-લી. જગદીશચંદ્ર છાયા**

## આવતીકાલે વિશ્વ પર્યાવરણ દિવસ

ભુજ - કચ્છ ઉદય : આવતીકાલે પાંચમી જૂનના દિવસે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવશે. ૧૯૭૨માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સ્ટોકહોમ કોન્ફરન્સ ઓન ધ હ્યુમન એન્વાયર્નમેન્ટ (૫-૧૬ જૂન ૧૯૭૨) અનુસંધાને વિશ્વ પર્યાવરણ દિવસની સ્થાપના કરવામાં આવી હતી, જે માનવક્રિયા, પ્રતિક્રિયાઓ અને પર્યાવરણના એકીકરણ પરની ચર્ચાઓથી પરિણમી હતી. એક વર્ષ બાદ ૧૯૭૩માં પ્રથમ વિશ્વ પર્યાવરણ દિવસનું આયોજન ઓન્લી વન અર્થ વિષય સાથે કરવામાં આવ્યું હતું. પર્યાવરણની સુરક્ષા માટે જાગૃતિ અને કાર્યવાહીને પ્રોત્સાહિત કરવા માટેનું સંયુક્ત રાષ્ટ્રનું મુખ્ય સાધન છે. ૧૯૭૩માં સૌપ્રથમ વખત યોજાયેલી ઉજવણી દરિયાઈ પ્રદૂષણ, વસ્તી વધારો, ગ્લોબલ વોર્મિંગ, સાતત્યપૂર્ણ વિકાસ અને વન્યજીવન અપરાધ જેવા પર્યાવરણીય મુદ્દાઓ પર જાગૃતિ લાવવા માટેનું એક મંચ રહ્યું છે. વિશ્વ પર્યાવરણ દિવસ જાહેર જનતા સુધી પહોંચવા માટેનો એક વૈશ્વિક મંચ છે, જેમાં દર વર્ષે ૧૪૩થી વધારે દેશો ભાગ લે છે. દર વર્ષે કાર્યક્રમ દ્વારા વ્યાવસાયિક, બિનસરકારી સંસ્થાઓ, સમુદાયો, સરકારો અને જાણીતી હસ્તીઓ માટે પર્યાવરણીય કારણોની હિમાયત કરવા માટે એક વિષય અને મંચ પ્રદાન કરવામાં આવે છે.

## અણુવ્રત વિશ્વ ભારતી સોસાયટી દ્વારા વિશાળ જનજાગૃતિમય ઓનલાઈન સંગોષ્ઠિનું આયોજન

ભુજ - કચ્છ ઉદય : સમગ્ર વિશ્વ આજે પર્યાવરણ સંરક્ષણની દિશામાં ગંભીર પડકારોનો સામનો કરી રહ્યું છે. સતત વધતું વાયુ પ્રદૂષણ, જળ પ્રદૂષણ અને જમીન પ્રદૂષણ, ગ્લોબલ વોર્મિંગના વધતા પ્રભાવ, તાપમાનમાં અનિયમિત વધારો, કુદરતી સંસાધનોનો અતિશય અને અનિયંત્રિત ઉપયોગ તેમજ ઊર્જાનો બિનજરૂરી વ્યય આ તમામ પરિબળોએ પર્યાવરણનું સંતુલન ગંભીર રીતે ખોરવી નાખ્યું છે. આ પરિસ્થિતિ માત્ર વર્તમાન જ નહીં પરંતુ ભવિષ્યની પેઢીઓ માટે પણ ચિંતાનો વિષય બની ગઈ છે.

આવા સંજોગોમાં પર્યાવરણ પ્રત્યે જનજાગૃતિ લાવવી, સંયમિત જીવનશૈલી અપનાવવી અને "નાની આદતો દ્વારા મોટા પરિવર્તન"ની વિચારધારાને સમાજમાં સ્થાપિત કરવી સમયની તાત્કાલિક જરૂરિયાત બની ગઈ છે. આ જ ઉદ્દેશને ધ્યાનમાં રાખીને અણુવ્રત વિશ્વ ભારતી સોસાયટી અંતર્ગત કાર્યરત અણુવ્રત લેખક મંચ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે એક વિશાળ અને પ્રેરણાદાયી ઓનલાઈન સંગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સંગોષ્ઠિ તા. ૫ જૂન, ૨૦૨૬ શુક્રવારના રોજ રાત્રે ૯ વાગ્યે ઝૂમ માધ્યમ દ્વારા યોજાશે. આ વિશેષ કાર્યક્રમમાં "મારી નાની આદત – મોટું પરિવર્તન" વિષયને કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યો છે. આ વિષય અંતર્ગત દૈનિક જીવનમાં કરવામાં આવતા નાના-નાના પરિવર્તનો જેમ કે પાણીનો બચાવ, વીજળીનો સંયમિત ઉપયોગ, પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ, વૃક્ષારોપણની આદત અને કચરાના યોગ્ય વ્યવસ્થાપન દ્વારા પર્યાવરણ પર પડતી સકારાત્મક અસર અંગે વિશદ ચર્ચા કરવામાં આવશે.

આ સંગોષ્ઠિનો મુખ્ય હેતુ માત્ર ચર્ચા પૂરતો મર્યાદિત ન રહીને સમાજના દરેક વર્ગમાં પર્યાવરણ પ્રત્યે જવાબદારીની ભાવના વિકસાવવાનો છે. લેખકો, શિક્ષકો, વિદ્યાર્થીઓ, યુવાઓ, મહિલાઓ તેમજ પર્યાવરણપ્રેમી નાગરિકો પોતાના અનુભવ, વિચારો અને વ્યવહારિક સૂચનો દ્વારા આ અભિયાનને વધુ મજબૂત બનાવશે.

આ મહત્વપૂર્ણ અભિયાનમાં અણુવ્રત સમિતિ–ભુજ પણ સક્રિય રીતે સહભાગી બની રહી છે. સમિતિના અધ્યક્ષ મહેશ મહેતા, મંત્રી નવીન શાહ, ખજાનચી દિનેશ મહેતા તેમજ સમગ્ર ટીમ દ્વારા પર્યાવરણ જાગૃતિ, ઊર્જા સંરક્ષણ અને સંયમિત જીવનશૈલીના સંદેશને વધુ વ્યાપક સ્તરે પહોંચાડવા સતત પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

અણુવ્રત લેખક મંચ દ્વારા વિશેષ અનુરોધ કરવામાં આવ્યો છે કે વધુમાં વધુ સંખ્યામાં લોકો આ ઓનલાઈન સંગોષ્ઠિમાં જોડાઈને પર્યાવરણ સંરક્ષણ અંગે પોતાના વિચારો રજૂ કરે અને સમાજમાં સકારાત્મક પરિવર્તનની ચેતના ફેલાવે. આ કાર્યક્રમને એક જનઆંદોલનરૂપ બનાવવાનો ઉદ્દેશ રાખવામાં આવ્યો છે, જેથી દરેક વ્યક્તિ પોતાના સ્તરે પર્યાવરણ રક્ષક બની શકે. સંગોષ્ઠિમાં સહભાગી થવા ઈચ્છુકોએ પોતાનું નામ વોટ્સએપ નંબર ૯૪૨૬૮ ૫૬૨૯૩ પર મોકલવા જણાવાયું છે.

## યુવા પેઢીમાં સંસ્કાર સિંચન માટે પ્રાગપરમાં ધાર્મિક શિબિરનું આયોજન

**આચાર્ય ડો. પ્રકાશચંદ્રજી સ્વામીના સાનિધ્યમાં ત્રણ દિવસ સુધી ધર્મ, સંયમ અને ચારિત્ર્ય નિર્માણ અંગે માર્ગદર્શન**

**મુંદરા તાલુકાના પ્રાગપર ગામે આજથી ૬ જૂન દરમિયાન ત્રિદિવસીય વિશાળ ધાર્મિક અને સંસ્કારલક્ષી શિબિરનું આયોજન**

પ્રાગપર - કચ્છઉદય : આધુનિક જીવનશૈલી અને વધતા ભૌતિકવાદી પ્રભાવ વચ્ચે યુવા પેઢીને સંસ્કાર, સંયમ અને સદાચારના માર્ગે પ્રેરિત કરવા માટે મુંદરા તાલુકાના પ્રાગપર ગામે આજથી ૬ જૂન દરમિયાન ત્રિદિવસીય વિશાળ ધાર્મિક અને સંસ્કારલક્ષી શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. ગુરુદેવ આચાર્ય ડો. પ્રકાશચંદ્રજી સ્વામીના પાવન સાનિધ્યમાં યોજાનાર આ શિબિર સમાજમાં ધર્મજાગૃતિ અને ચારિત્ર્ય નિર્માણનું મહત્વપૂર્ણ કેન્દ્ર બનશે.

ત્રણ દિવસીય આ શિબિરમાં મુંબઈ સહિત દેશના વિવિધ શહેરોમાંથી અંદાજે ૭૦થી ૮૦ જેટલા યુવાનો ભાગ લેશે. શિબિરનો મુખ્ય હેતુ યુવાનોને માત્ર ધાર્મિક જ્ઞાન આપવાનો નહીં, પરંતુ જીવનમાં નૈતિક મૂલ્યો, જવાબદારી, આત્મવિશ્વાસ અને આધ્યાત્મિકતા કેળવવાનો છે. વર્તમાન સમયમાં યુવાનો અનેક પ્રકારના પડકારોનો સામનો કરી રહ્યા છે ત્યારે તેમને જીવનની સાચી દિશા અને મૂલ્યો સાથે જોડવાનો આ પ્રયાસ વિશેષ મહત્વ ધરાવે છે.શિબિર દરમિયાન સાધુ-સાધ્વી ભગવંતો દ્વારા જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતો, શ્રાવક જીવનની વિશેષતાઓ, આત્મકલ્યાણનો માર્ગ, જૈન તત્ત્વજ્ઞાન, સંયમ, ત્યાગ, સદાચાર અને ચારિત્ર્ય ઘડતરના વિષયો પર વિગતવાર માર્ગદર્શન આપવામાં આવશે. ઉપરાંત સ્વાધ્યાય, પ્રશ્નોત્તરી, આધ્યાત્મિક ચિંતન, પ્રેરણાત્મક ચર્ચાઓ અને સંસ્કારલક્ષી કાર્યક્રમો દ્વારા ભાગ લેનાર યુવાનોને જીવનમૂલ્યોનું વ્યવહારુ જ્ઞાન પણ આપવામાં આવશે.

તાજેતરમાં ગુરુદેવ આચાર્ય ડો. પ્રકાશચંદ્રજી સ્વામીનો પ્રાગપર ગામે મંગલ પ્રવેશ થયો હતો. શ્રદ્ધાળુઓ અને ગ્રામજનોએ ઉમંગભેર સ્વાગત કરી ધર્મમય વાતાવરણ સર્જ્યું હતું. ગુરુદેવ આગામી ૨૧ દિવસ સુધી પ્રાગપરમાં સ્થિરતા કરવાના હોવાથી સ્થાનિક તેમજ આસપાસના વિસ્તારોના શ્રાવકોને તેમના સાનિધ્યમાં ધમર્શ્રવણ અને સાધનાનો વિશેષ લાભ પ્રાપ્ત થશે.

આ અવસરે લીંબડી અજરામર સંપ્રદાય ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી હરખચંદ લાલજી સાવલા તથા પ્રભાબેન હરખચંદ સાવલાએ સજોડે આજીવન શીલવ્રતના પચખ્ખાણ ગ્રહણ કરી ધર્મ અને સંયમ પ્રત્યેની પોતાની અવિચળ નિષ્ઠા વ્યક્ત કરી હતી. સાથે જ જીવદયા માટે સમાજમાંથી મળેલા સહયોગના પરિણામે અંદાજે રૂ. ૨ લાખનો ફાળો એકત્રિત થયો હોવાનું મહેશ પ્રભુલાલ મહેતાએ જણાવ્યું હતું.પ્રાગપરમાં યોજાનારી આ શિબિર ધર્મ અને સંસ્કારના મૂલ્યોને નવી પેઢી સુધી પહોંચાડવા તેમજ સમાજમાં સકારાત્મક અને આધ્યાત્મિક વાતાવરણનું નિર્માણ કરવા માટે એક મહત્વપૂર્ણ સોપાન સાબિત થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## ખંડેર પાર્ક સજીવન થઈ જૈવીક પાર્ક બનશે




મળતી માહિતી મુજબ થોડા જ સમયમાં કચ્છ બાયોડાયવર્સિટી પાર્ક જે લાબા સમયથી ખંડેર અને અવાવરૂ, અસમાજીક તત્ત્વોનો અડો, ઝાડી-ઝાંખરાથી ભેંકાર ભાસતો હતો એ મોટી ઈન્ડસ્ટ્રીઝના સીએસઆર ફંડમાંથી નવલા રંગરૂપ ધારણ કરી જૈવિક પાર્ક બનવા જઈ રહ્યો છે. રોડની સામે આવેલ અન્ય પાર્ક પણ કોઈ મોટા ફાઉન્ડેશનને આપવાની તજવીજ થઈ રહી છે ત્યારે બાજુમાં જ આવેલ પુનિત વન માટે પણ કોઈ ઈન્ડસ્ટ્રી આગળ આવે અને એના સીએસઆર ફંડમાં પુનિત વનની પણ જાળવણી કરે એવી અપેક્ષા પુનિત વન ગ્રુપના લોકો અને સહ સંયોજક ભુપેન્દ્ર મહેતાએ વ્યક્ત કરી હતી.

## જિ.પં.ના ઉપપ્રમુખ મહાવીરસિંહ જાડેજાનું જીગર છેડા દ્વારા સન્માન કરાયું



ક.વી.ઓ. સંકુલ ભુજ મધ્યે કચ્છ જિલ્લા પંચાયતના નવ નિયુક્ત ઉપપ્રમુખ મહાવીરસિંહ જાડેજાનું શાલ ઓઢાડી મોમેન્ટો આપી સન્માન કરી શુભેચ્છા પાઠવતા શ્રી ક.વી.ઓ. જૈન મહાજન ભુજ અને શ્રી સર્વ સેવા સંઘ (કચ્છ) ભુજના પ્રમુખ જીગર તારાચંદભાઈ છેડા તસવીરમાં દ્રશ્યમાન થાય છે.

## રાજ્ય સંયોજક તરીકે વિજય શેઠની નિમણૂક

**૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી માટે ગુજરાતમાં ૫૦૦થી વધુ સ્થળોએ યોજાશે યોગ કાર્યક્રમો**



ભુજ - કચ્છ ઉદય : ભારત સરકારના આયુષ મંત્રાલયના સહયોગથી આંતરરાષ્ટ્રીય નેચરોપેથી ઓર્ગેનાઈઝેશન (આઈએનઓ) – સૂર્યા ફાઉન્ડેશન દ્વારા ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીની તૈયારીઓ સમગ્ર દેશમાં શરૂ કરવામાં આવી છે. આ વર્ષે "સ્વસ્થ વૃદ્ધત્વ માટે યોગ" થીમ હેઠળ ૨૧ જૂન, ૨૦૨૬ના રોજ દેશભરમાં એક લાખથી વધુ સ્થળોએ સામૂહિક યોગ અભ્યાસનું આયોજન કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ વધુમાં વધુ લોકો અને સંસ્થાઓને યોગ દિવસની ઉજવણીમાં જોડાવા અપીલ કરી છે.

આ ભવ્ય આયોજનને સફળ બનાવવા માટે ગુજરાત રાજ્યમાં આંતરરાષ્ટ્રીય નેચરોપેથી ઓર્ગેનાઈઝેશનના જનરલ સેક્રેટરી તેમજ ગુજરાત રાજ્ય યોગ બોર્ડના પશ્ચિમ કચ્છ જિલ્લા કો-ઓર્ડિનેટર વિજય કુમાર શેઠ (સુખડિયા)ની રાજ્ય સંયોજક તરીકે નિમણૂક કરવામાં આવી છે. તેમની નિમણૂકને રાજ્યભરમાંથી આવકાર અને શુભેચ્છાઓ મળી રહી છે.

વિજય શેઠે જણાવ્યું હતું કે ૧ જૂનથી ૨૧ જૂન દરમિયાન ગુજરાતના તમામ જિલ્લાઓમાં ૫૦૦થી વધુ સ્થળોએ કોમન યોગ પ્રોટોકોલ (સીવાયપી)ના કાર્યક્રમો યોજાશે અને ૫૦ હજારથી વધુ નાગરિકોને યોગાભ્યાસ કરાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. સમગ્ર આયોજન આઈએનઓના રાષ્ટ્રીય અધ્યક્ષ અનંત બિરાદરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી રહ્યું છે.

ગુજરાતમાં યોગ દિવસની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે પશ્ચિમ કચ્છ પોલીસના સહયોગથી ભુજ પોલીસ ગ્રાઉન્ડ ખાતે કોમન યોગ પ્રોટોકોલની પ્રેક્ટિકલ તાલીમનો પ્રારંભ કરવામાં આવ્યો છે. રાજ્યના દરેક જિલ્લા અને તાલુકામાં જિલ્લા સંયોજકો અને સહ-સંયોજકો દ્વારા રાજ્ય સંયોજક વિજય શેઠના માર્ગદર્શન હેઠળ યોગ અભ્યાસના કાર્યક્રમો યોજવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આંતરરાષ્ટ્રીય નેચરોપેથી ઓર્ગેનાઈઝેશન - સૂર્યા ફાઉન્ડેશન પ્રાકૃતિક ચિકિત્સા ક્ષેત્રે વિશ્વની અગ્રણી સંસ્થાઓમાંની એક છે, જે દર વર્ષે દેશના ૩૦ રાજ્યોના ૫૦૦ જિલ્લાઓમાં હજારો સ્થળોએ યોગ દિવસનું આયોજન કરીને લાખો લોકોને યોગ અને સ્વાસ્થ્ય અંગે જાગૃત બનાવે છે.

### પોલીસ-પુરવઠા વિભાગ આ કાંડના મુળીયા ઉલેચશે ખરા?

# અંજારમાં દરોડો : અનુપ ટ્રાન્સપોર્ટ કંપની સુધી ગેરકાયદે ડીઝલ પહોંચાડતું આખરે કોણ હતું ?

### વરસામેડી ટોલનાકા નજીક અંજાર મામલતદારશ્રીની ટીમએ ૪૭૫ લિટરનો બેનામી ડીઝલના પકડેલ જથ્થા વખતે સુચક સવાલો

**એકતરફ ડીઝલની અછત છે, ઠેર ઠેર સમસ્યાઓ છે, ત્યારે બીજીતરફ કાળા બજારીયાઓ પાસેથી સેંકડો લીટર ડિઝલનો જથ્થો ઝડપાઈ રહ્યો છે..!**

## સવાલોનો મારો, કોણ આપશે જવાબ?

૧. અનુપ ટ્રાન્સપોર્ટ કંપની સુધી ગેરકાયદે ડીઝલ પહોંચાડતું આખરે કોણ હતું ૨. આધાર પુરાવા વગરનો ડીઝલનો જથ્થો કેટલા સમયથી અહીં સંગ્રહિત થતો હતો ૩. ડીઝલનો સપ્લાય સ્થાનિક સ્તરે થતો હતો કે આંતરજિલ્લા નેટવર્ક કાર્યરત હતું ૪. ડીઝલ સપ્લાય કરનાર મૂળ આકાઓ સુધી તપાસ કેમ નહીં પહોંચે ૫. શું આ ગેરકાયદે જથ્થા પાછળ કોઈ તેલ ચોરી ગેંગ સક્રિય છે ૬. ટ્રાન્સપોર્ટ કંપની પાસે સ્ટોક, બિલ અને ખરીદીના દસ્તાવેજો કેમ ન મળ્યા ૭. ડીઝલની અછત વચ્ચે કાળાબજારિયાઓનું નેટવર્ક કેવી રીતે ધમધમી રહ્યું છે ૮. પેટ્રોલિયમ કંપનીઓમાંથી ચોરી થતી હતી કે ગેરકાયદે ડાયવર્ઝન થતું હતું ૯. શું સ્થાનિક સ્તરે કોઈ અધિકારીઓની મિલીભગત વગર આ પ્રકારનો વેપાર શક્ય છે ૧૦. અગાઉ પણ આવી ગતિવિધિઓ અંગે ફરિયાદો થઈ હતી કે નહીં ૧૧. પુરવઠા વિભાગની નિયમિત ચેકિંગ વ્યવસ્થા કેટલી અસરકારક છે ૧૨. પોલીસ અને પુરવઠા વિભાગ માત્ર જપ્તી સુધી મર્યાદિત રહેશે કે મુખ્ય સૂત્રધારો સુધી પહોંચશે ?

## ડીઝલ ચોરી અને કાળાબજારમાં કયા સરકારી તંત્રોની શું ભૂમિકા ?

**- પુરવઠા વિભાગ** : ગેરકાયદે સંગ્રહ, સ્ટોક અને વેચાણની તપાસ કરવી,બિલ, પરમીટ અને લાયસન્સ ચકાસવા,Essential Commodities Act હેઠળ કાર્યવાહી કરવી ગોડાઉન અને ટ્રાન્સપોર્ટ સ્થળોની નિયમિત ચેકિંગ કરવી. **- સ્થાનિક પોલીસ** : ગુનાહિત કાવતરું, ચોરી અને કાળાબજાર અંગે FIR નોંધવી,આરોપીઓની પૂછપરછ અને નેટવર્ક સુધી તપાસ લંબાવવી,ટ્રાન્સપોર્ટ અને સપ્લાય ચેનના કનેક્શન બહાર લાવવા : **ક્રાઈમ બ્રાંચ** : સંગઠિત ગેંગ અને મોટા સપ્લાયરો સુધી તપાસ પહોંચાડવી,અન્ય જિલ્લાઓ અને રાજ્યો સાથેના કનેક્શન શોધવા,હવાલા કે કાળા નાણાંની હેરફેરની તપાસ કરવી,- **GST અને કમર્શિયલ ટેક્સ વિભાગ** : બિલ વિના થતી ખરીદી-વેચાણની તપાસ,ટેક્સ ચોરી અને બોગસ બિલિંગ સામે કાર્યવાહી,નાણાકીય વ્યવહારોની ઓડિટ કરવી **પેટ્રોલિયમ કંપનીઓ** : ડીઝલ લીકેજ અને ગેરકાયદે ડાયવર્ઝનની આંતરિક તપાસ,ટેક્કર રૂટ અને ડિલિવરી સિસ્ટમનું મોનિટરિંગ,GPS અને ડિજિટલ ટ્રેકિંગ ફરજિયાત બનાવવું **જિલ્લા વહીવટીતંત્ર** : સંકલિત રેડ અને મોનિટરિંગ અભિયાન ચલાવવું,લાયસન્સ રદ અને સીલિંગ કાર્યવાહી કરવી,ગેરકાયદે સ્ટોરેજ સ્થળો બંધ કરાવવા

## તંત્ર કેમ ન કરે આવી કડક કાર્યવાહી ?

● ગેરકાયદે ડીઝલ જપ્ત કરી ફોરેન્સિક તપાસ કરવી ●આરોપીઓ સામે **Essential Commodities Act** અને **IPC** હેઠળ ગુનો નોંધવો- ટ્રાન્સપોર્ટ કંપનીનું લાયસન્સ સસ્પેન્ડ અથવા રદ કરવું ● સપ્લાય ચેનમાં જોડાયેલા મુખ્ય આકાઓ સુધી તપાસ લંબાવવી ●ગેરકાયદે કમાણી અને બેંક ટ્રાન્ઝેક્શનની તપાસ કરવી ● જિલ્લાભરમાં સંયુક્ત ચેકિંગ ડ્રાઈવ શરૂ કરવી ● પેટ્રોલિયમ ટેક્કરોમા **GPS** ટ્રેકિંગ ફરજિયાત કરવું ● ભ્રષ્ટાચાર અથવા મિલીભગત સામે જવાબદાર અધિકારીઓ સામે વિભાગીય કાર્યવાહી કરવી ●પુનરાવર્તન અટકાવવા કડક મોનિટરિંગ અને જાહેર હેલ્પલાઈન શરૂ કરવી

### શિણાયમાં પણ ડિઝલના ગેરકાયદેસર જથ્થા સાથે હરેશ પકડાયો છે, પરંતુ તેના મુખ્ય આકકાઓ કોણ ? હરેશના કડકાઈથી લ્યો પુવાણા ...!

ગાંધીધામ : ગુજરાત સરકારના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ ગાંધીનગરના પરિપત્ર મુજબ અંજાર તાલુકામાં પુરવઠા વિભાગ દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મામલતદાર અંજાર ભગવતીબેન વી. ચાવડા તથા નાયબ મામલતદાર રેશભાઈ એચ. ધરજિયા અને પુરવઠા શાખાના સ્ટાફ સહિતની ટીમે વરસામેડી ટોલનાકા નજીક આવેલ અનુપ ટ્રાન્સપોર્ટ કંપનીના કબજામાંથી અંદાજે ૪૭૫ લિટર જેટલો શંકાસ્પદ અને ગેરકાયદે ડીઝલનો જથ્થો ઝડપી પાડ્યો હતો. કાર્યવાહી દરમિયાન ડીઝલ અંગેના જરૂરી આધાર પુરાવા અને દસ્તાવેજો રજૂ ન થતા જથ્થો શંકાસ્પદ માનવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટનાએ અનેક ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. અનુપ ટ્રાન્સપોર્ટ કંપની છેલ્લા કેટલા સમયથી આ પ્રકારનો શંકાસ્પદ ઓઈલ કે ડીઝલનો જથ્થો સંગ્રહિત કરતી હતી? આધાર પુરાવા વગરનો આ ડીઝલ ક્યાંથી લાવવામાં આવતો હતો? સૌથી મોટો પ્રશ્ન એ છે કે આ જથ્થો સપ્લાય કોણ કરી રહ્યું હતું અને તેની પાછળ કઈ સપ્લાય ચેન કાર્યરત હતી? એક તરફ રાજ્યમાં ડીઝલની અછત અને વધતા ભાવોને લઈને સામાન્ય વાહનચાલકો તથા ઉદ્યોગકારો પરેશાન બની રહ્યા છે, ત્યારે બીજી તરફ કાળાબજારિયાઓ દ્વારા ગેરકાયદે ડીઝલના વેપારની ગતિવિધિઓ ધમધમી રહી હોવાની શક્યતા સામે આવી રહી છે. આવા શંકાસ્પદ જથ્થા ઝડપાવાની ઘટનાઓ માત્ર પુરવઠા નિયમોના ભંગ પૂરતી મર્યાદિત નથી, પરંતુ તેની પાછળ મોટા પાયે ગેરકાયદે નેટવર્ક સક્રિય હોવાની પણ આશંકા વ્યક્ત થઈ રહી છે. પુરવઠા વિભાગ અને પોલીસ દ્વારા હાથ ધરાયેલી કાર્યવાહી પ્રશંસનીય માનવામાં આવી રહી છે, પરંતુ માત્ર જથ્થો ઝડપી પાડવાથી તપાસ પૂર્ણ થતી નથી. આ ડીઝલ સપ્લાય કરનારા મુખ્ય આકાઓ, ગેરકાયદે સ્ટોરેજ અને સપ્લાય નેટવર્ક સુધી તપાસ લંબાવવી પણ એટલી જ જરૂરી બની રહી છે. સ્થાનિક લોકોમાં પણ હવે માંગ ઉઠી રહી છે કે સમગ્ર કૌભાંડની ઊંડાણપૂર્વક તપાસ કરી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે.

અંજારના વરસામેડી વિસ્તારમાંથી ઝડપાયેલ અંદાજે ૪૭૫ લિટર શંકાસ્પદ ડીઝલનો જથ્થો માત્ર એક સામાન્ય કાર્યવાહી નથી. આ ઘટના રાજ્યમાં ચાલી રહેલા ગેરકાયદે ઈંધણ વેપારના સંકેતો આપી રહી છે. પુરવઠા વિભાગ અને સ્થાનિક તંત્રે સમયસર કાર્યવાહી કરી હોવા છતાં હવે સવાલ માત્ર એટલો નથી કે ડીઝલ ક્યાં મળ્યું, પરંતુ સવાલ એ છે કે આખી સપ્લાય ચેન કેટલી ઊંડી અને વ્યાપક છે? ડીઝલ જેવી જીવનજરૂરી ચીજવસ્તુ આજે ખેતીથી લઈને ટ્રાન્સપોર્ટ અને ઉદ્યોગ સુધી દરેક ક્ષેત્ર માટે અનિવાર્ય બની ગઈ છે. બીજી તરફ વધતા ભાવ અને અછત વચ્ચે કાળાબજારિયાઓ માટે આ ક્ષેત્ર કમાણીનું મોટું સાધન બની રહ્યું છે. આધાર પુરાવા વગરનો ડીઝલનો જથ્થો કોઈ એક દિવસમાં ઉભો થતો નથી. તેની પાછળ સંગ્રહ, પરિવહન અને વેચાણ સુધીનું સંગઠિત નેટવર્ક કાર્યરત હોય છે.અંજારમાં થયેલી કાર્યવાહી પછી સૌથી ગંભીર પ્રશ્ન એ છે કે અનુપ ટ્રાન્સપોર્ટ કંપની સુધી આ ડીઝલ પહોંચાડતું કોણ હતું? શું માત્ર સ્થાનિક સ્તરે જ આ ગતિવિધિ ચાલી રહી હતી કે પછી તેની પાછળ મોટા સપ્લાયરો અને તેલ ચોરીના ગેંગ સક્રિય છે? જો આવા ગેરકાયદે જથ્થા સરળતાથી પરિવહન થઈ રહ્યા હોય તો એ પુરવઠા વ્યવસ્થાની દેખરેખ પર પણ પ્રશ્નચિહ્ન ઊભું કરે છે.કચ્છ જિલ્લો બંદરો, ટ્રાન્સપોર્ટ અને ઔદ્યોગિક ગતિવિધિઓ માટે મહત્વપૂર્ણ કેન્દ્ર છે. અહીં દરરોજ મોટા પ્રમાણમાં ઈંધણની હેરફેર થાય છે. આવા સમયમાં જો ગેરકાયદે ડીઝલના જથ્થા ઝડપાય તો એ માત્ર કાયદાનો ભંગ નથી, પરંતુ સરકારને આવકમાં નુકસાન, બજારમાં અસમાનતા અને સુરક્ષાને લગતા જોખમો પણ ઊભા કરે છે.પોલીસ અને પુરવઠા વિભાગે હાથ ધરેલી કાર્યવાહી પ્રશંસનીય છે, પરંતુ હવે તપાસને માત્ર જપ્તી સુધી મર્યાદિત રાખવી યોગ્ય નહીં ગણાય. ડીઝલનો મૂળ સ્ત્રોત, ગેરકાયદે સપ્લાય કરનારા આકાઓ અને તેમાં સંકળાયેલા તત્વો સુધી પહોંચવું અત્યંત જરૂરી છે. કારણ કે જો મુખ્ય સૂત્રધારો સુધી કાર્યવાહી નહીં પહોંચે તો આવી ઘટનાઓ ફરી ફરી સામે આવતી રહેશે. સરકાર માટે આ ઘટના ચેતવણી સમાન છે કે કાળાબજાર માત્ર નાના વેપારીઓ સુધી સીમિત નથી રહ્યો, પરંતુ તે હવે સંગઠિત નેટવર્કનું સ્વરૂપ લઈ રહ્યો છે. સામાન્ય જનતાને યોગ્ય ભાવ અને પૂરતો પુરવઠો મળે તે માટે આવા ગેરકાયદે વેપાર સામે સતત અને કડક અભિયાન ચલાવવું સમયની માંગ બની ગઈ છે.

## મુન્દ્રાની ઠગાઈના ગુનામાં ત્રણ વર્ષથી ફરાર આરોપી ઝડપાયો



ભુજ - કચ્છ ઉદય : મુન્દ્રા પોલીસ સ્ટેશનમાં ત્રણ વર્ષ અગાઉ નોંધાયેલા ઠગાઈના બનાવમાં નાસતા ફરતા આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો. મૂળ માંડવી તાલુકાના મોટા રતાડિયા ગામના હાલે ડોમ્બિવલીમાં રહેતા આરોપી કરશન પબુ ગઢવી અમદાવાદના વટવા ખાતે હોવાની બાતમીના આધારે પેરોલ ફર્લોની ટીમ ત્યાં જઈ આરોપીને ઝડપી મુન્દ્રા પોલીસને હવાલે કર્યો હતો.

## આડેસર પોલીસ સ્ટેશન વિસ્તારમાં અકસ્માતનો બનાવ : એકનું મૃત્યુ

ગાંધીધામ - કચ્છ ઉદય : આડેસર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગંભીર માર્ગ અકસ્માતનો બનાવ સામે આવ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આ અકસ્માત તારીખ ૦૩/૦૬/૨૦૨૫ ના રોજ સવારે ૧૦:૧૦ કલાકના સુમારે, આડેસર પોલીસ સ્ટેશનથી દક્ષિણ દિશામાં આશરે ૧૨ કિ.મી. દૂર, પલાસવા-અમરાપર રોડ પર આવેલા મોમાય માતાના મંદિર પાસે બન્યો હતો.

આ બનાવ અંગેની ફરિયાદ મુજબ, આરોપી ભરતભાઈ મેઘાભાઈ વણઝાર (રાજપૂત), જેઓ પલાસવા, તા. રાપર, જિ. કચ્છના રહેવાસી છે, તેઓ પોતાના કબજાનું એચ.પી. સાઈન મોટરસાયકલ (નંબર GJ-12-H-૭૪૧૩) પૂરઝડપે, બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી રહ્યા હતા. દરમિયાન, પલાસવા રોડ પર બાઈક સ્લિપ થઈ જતાં આરોપીને શરીરના તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

આ બનાવ અંગે ફરિયાદ મોડી નોંધાવવાનું કારણ એ હતું કે, ફરિયાદી તેમના ભાઈ ભરતભાઈ મેઘાભાઈ વણઝાર (રાજપૂત)ની અંતિમવિધિમાં રોકાયેલા હોવાથી પોલીસ ફરિયાદ કરવામાં વિલંબ થયો હતો. આડેસર પોલીસે આ અંગે બી.એન.એસ.ની કલમ ૧૦૬(૧), ૨૮૧ તથા એમ. વી. એક્ટની કલમ ૧૭૭, ૧૮૪ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કેસની તપાસ આડેસર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ શ્રી અણદાભાઈ જેઠુરભાઈ ગઢવી ચલાવી રહ્યા છે, જ્યારે પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી જે. બી. આચાર્યના માર્ગદર્શન હેઠળ તપાસ પ્રક્રિયા ચાલી રહી છે.


જલારામ એજ્યુકેશન ટ્રસ્ટ - અંજાર સંચાલિત

**શ્રી શારદા વિદ્યામંદિર પ્રા. શાળા**

બાલમંદિર તથા પ્રાથમિક ધોરણ ૧ થી ૮ માં પ્રવેશ ચાલુ છે

જોઈએ છે : ગુજરાતી પ્રાથમિક શાળા માટે શિક્ષિકાઓ

P. T. C, B.Sc, BEd, B. Ed, કોમ્પ્યુટર સંગીત તથા ગ્રેજ્યુએટ શિક્ષિકાઓએ પોતાનો સંપૂર્ણ બાયોડેટા નીચેના સરનામે પહોંચાડવા

સરનામું: મહાપ્રભુજીનગર, પ્લોટ નં.૩૪/૩૮, લાયન્સ કલબના પાણીના ટાંકાની સામે, અંજાર-કચ્છ.


### ભ્રષ્ટાચારની પાઈપલાઈન : સુરજબારીથી આડેસર સુધી પાણીચોરીનું મસમોટું નેટવર્ક સક્રિય ?

# વાગડની જનતા તરસી : હાઇવેની હોટલોમાં નીરની બેફામ ચોરી

**સરકારી બાબુઓના ખિસ્સા ગરમ રાખતી અમુક હાઇવે હોટલો સામે તંત્ર કેમ મીંચી રહ્યું છે આંખો? : કાળજાળ ગરમીમાં ગ્રામીણ પ્રજા પાણી માટે વલખાં મારે છે ત્યારે પાણીચોરો બેફિકર**

**પાઇપલાઇનોમાં ખુલ્લેઆમ પંચર : રાજકીય ઓથ અને અધિકારીઓની 'હપ્તારૂપી પ્રસાદી'થી કાયદાના લીરેલીરા ઉડ્યા**

### પ્રજા પાણી માટે વલખાં મારે અને અમુક હોટલોમાં જલસા : તંત્ર ક્યારે જાગશે અને કડક પગલાં લેશે?

## પૂર્વ કચ્છના અંજારથી આવતી ખાસ 'કલેક્શન લોબી': દર મહિને થતી મસમોટી ઉઘરાણી

ભચાઉ - કચ્છઉદય : આ સમગ્ર કૌભાંડમાં સૌથી મોટો અને ચોંકાવનારો ખુલાસો એ થયો છે કે આ પાણીચોરીને છાવરવા માટે આખેઆખું વ્યવસ્થિત નેટવર્ક કામ કરી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પૂર્વ કચ્છના અંજારથી બની બેઠેલ ઉચ્ચ અધિકારી દર મહિને ખાસ વાગડના હાઈવે વિસ્તારની મુલાકાતે આવે છે. આ બની બેઠેલ સાહેબની મુલાકાત કોઈ તપાસ માટે નહીં, પરંતુ માત્ર અને માત્ર અમુક હાઈવેની હોટલોમાંથી નિયત થયેલી હપ્તાની રકમ ઉઘરાવવા માટે જ હોય છે. દર મહિને લાખો રૂપિયાનું કલેક્શન આ એક જ કેન્દ્ર પરથી થાય છે અને ત્યારબાદ તે રકમ ઉપર સુધી વહેંચાતી હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. જ્યારે રક્ષક જ ભક્ષક બનીને ભ્રષ્ટાચારની ગંગામાં ડૂબકીઓ લગાવતો હોય, ત્યારે સામાન્ય જનતાએ ન્યાયની આશા કોની પાસે રાખવી એ એક મોટો સવાલ છે. અંજારથી આવતી આ કલેક્શન લોબીના કારણે જ વાગડની સરકારી પાઈપલાઈનો ખોખલી થઈ રહી છે અને હોટલોના વહીવટદારો બેફામ બનીને કાયદાને ખિસ્સામાં લઈને ફરી રહ્યા છે.

### જીડબલ્યુઆઈએલ અને તેના જનરલ મેનેજર સહીતનાઓ કેમ અંધારામાં? : નગરપાલીકાઓને જીડબલ્યુઆઈએલ ડીમાન્ડની સામે કેટલુ પાણી આપે છે? તપાસ કરાશે તો હાઈવે હોટલો તથા અમુક મોટી કંપનીઓ સુધી રેલો લંબાશે? જીડબલ્યુઆઈએલ પ્રજાજનોના હિતનું નગરપાલિકાને આપવાનુ પાણી બારોબાર અમુક કંપનીઓ-આવી હાઈવે હોટલોને વેપલો કરી દેતા હોવાની છે ચર્ચા :

**ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી. કંપનીની તો ઉદોગો અને અમુક હાઈવે હોટલો સાથેના મેળાપીપણાં થકી તો આવી ચોરીઓ બિનધાસ્ત નથી ચાલતી ને?**

ભચાઉ - કચ્છઉદય : કચ્છના વાગડ વિસ્તારમાં અત્યારે કુદરત અને વહીવટી તંત્ર બંને જાણે સ્થાનિક પ્રજાની પરીક્ષા લઈ રહ્યા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. એક તરફ સૂર્યનારાયણ આકરા મિજાજમાં છે અને ઉનાળાની કાળજાળ ગરમી પડી રહી છે, જેના કારણે વાગડના ગ્રામીણ વિસ્તારોમાં પાણીની તીવ્ર અછત વર્તાઈ રહી છે. ગામડાના લોકોઓ અને મહિલાઓ પીવાના પાણીના એક-એક બેડા માટે ભટકવા મજબૂર બન્યા છે. પ્રજાના ગળા સુકાઈ રહ્યા છે અને પશુધન પાણી વિના ટળવળી રહ્યું છે. પરંતુ આ જ વાગડના હાઈવે પર દ્રશ્ય સાવ જુદું અને આઘાતજનક છે. ભચાઉ અને રાપર તાલુકામાંથી પસાર થતા હાઈવે પર આવેલી અમુક હોટલોમાં પાણીનો બેફામ બગાડ અને રેલમછેલ જોવા મળી રહી છે. આ પાણી ક્યાંથી આવે છે તેનો જવાબ શોધવા નીકળીએ ત્યારે તંત્ર અને પાણીચોરોની મિલીભગતનું એક મસમોટું નેટવર્ક સામે આવે છે, જે સમગ્ર સરકારી વ્યવસ્થાની આબરૂના ધજાગરા ઉડાવી રહ્યું છે.

ભચાઉ અને રાપર તાલુકાના હાઈવે અત્યારે ગેરકાયદે પ્રવૃત્તિઓનું એપી સેન્ટર બની ગયા હોય તેમ લાગી રહ્યું છે. સૂત્રો પાસેથી મળતી ચોંકાવનારી વિગતો મુજબ, સુરજબારીથી વરસાણા અને ભચાઉ-સામખિયાળીથી છેક આડેસર સુધી જતા મુખ્ય માર્ગો પર આવેલી અમુક હાઈવે હોટલોમાં પાણીની ચોરી ખુલ્લેઆમ થઈ રહી છે. આ વિસ્તારોમાંથી પસાર થતી પાણી પુરવઠાની મુખ્ય લાઈનો તેમજ નર્મદાની પાઈપલાઈનોમાં ગેરકાયદેસર રીતે કનેક્શન મેળવી લેવામાં આવ્યા છે અથવા તો પાઈપલાઈનોમાં પંચર પાડીને લાખો લીટર પાણી રોજ સેરવી લેવાય છે. ખાસ કરીને ગાગોદર, પલાસવા, ચિત્રોડ અને લાકડીયા જેવા વિસ્તારોમાં તો આ દૂષણ એટલી હદે વ્યાપક બની ગયું છે કે જાણે કાયદો અને વ્યવસ્થા જેવું કંઈ અસ્તિત્વ જ ન હોય. હાઈવે પરની આ હોટલોમાં ગ્રાહકોના વાહનો ધોવા માટે, બગીચાઓ નવડાવવા માટે અને શૌચાલયોમાં વાપરવા માટે જે નીર વહી રહ્યા છે, તે વાસ્તવમાં વાગડના તરસ્યા ગામડાઓ માટે મોકલવામાં આવ્યા હતા. જનતાના હકનું પાણી આ હોટલ સંચાલકો પોતાની કમાણી માટે બરબાદ કરી રહ્યા છે.આટલા મોટા પાયે થઈ રહેલી આ ચોરી કોઈ સામાન્ય બાબત નથી, કારણ કે આ હાઈવે વિસ્તારમાં આવેલી અસંખ્ય હોટલો પૈકીની કેટલીક હોટલો સામાન્ય લોકોની છે, જ્યારે મોટાભાગની હોટલો રાજકીય વગ ધરાવતા મોટા માથાઓની છે. કેટલાક રાજકીય પક્ષોના નેતાઓ અને વગદાર શખ્સો આ હોટલો પાછળ સીધી કે આડકતરી રીતે જોડાયેલા છે. જ્યારે સત્તા અને સંપત્તિનો સમન્વય થાય ત્યારે કાયદો પણ ઘૂંટણીયે પડી જતો હોય છે, તેવું અહીં સ્પષ્ટ દેખાય છે. પાણી પુરવઠા વિભાગ અને સ્થાનિક પ્રશાસનના જવાબદાર અધિકારીઓને આ હોટલ સંચાલકો તરફથી નિયમિતપણે લાખો રૂપિયાની 'હપ્તારૂપી પ્રસાદી' મળી જતી હોવાની ચર્ચા કારણે કોઈ આ હોટલો તરફ ફરકવાની પણ હિંમત કરતું નથી. સરકારી બાબુઓ ઓફિસોમાં એસી ચાલુ કરીને બેઠા છે અને તેમના ખિસ્સા ગરમ થઈ રહ્યા હોવાથી તેમને પ્રજાની તરસ દેખાતી નથી. હોટલ સંચાલકો એટલા બેફામ બન્યા છે કે તેમને હવે ખાખી વર્દી કે ખાતાકીય કાર્યવાહીનો કોઈ ભય રહ્યો જ નથી.આજની સ્થિતિ એવી કરુણ છે કે એક તરફ વાગડના અંતરિયાળ ગામડાઓમાં પીવાનું શુદ્ધ પાણી મેળવવું એ એક ભગીરથ કાર્ય બની ગયું છે. ગરીબ પરિવારો મજૂરી છોડીને પાણીની લાઈનોમાં ઊભા રહે છે, છતાં તેમને પૂરતું પાણી મળતું નથી. બીજી તરફ, હાઈવે પર લક્ઝુરિયસ હોટલોમાં આ જ પાણીનો વેપાર થઈ રહ્યો છે. સરકારી સંપત્તિની આ લૂંટ ક્યાં સુધી ચાલશે? શું ઉચ્ચ વહીવટી તંત્ર અને ગાંધીનગર બેઠેલા આકાઓ આ ગંભીર બાબતની નોંધ લેશે ખરા? વાગડની જનતા હવે આ અન્યાય સામે આક્રોશમાં છે. જો અંજારથી આવતા એ કલેક્ટર બાબુ અને હાઈવેના પાણીચોરો સામે તાત્કાલિક કડક કાનૂની રાહે પગલાં ભરીને કનેક્શનો કાપવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આ પાણીની કટોકટી ઉગ્ર જનઆંદોલનનું સ્વરૂપ ધારણ કરે તો નવાઈ નહીં. હવે જોવાનું એ રહે છે કે કુંભકર્ણની નિદ્રામાં સૂતેલું પાણી પુરવઠા તંત્ર અને જિલ્લા વહીવટી પ્રશાસન ક્યારે જાગે છે અને આ ભ્રષ્ટાચારની પાઈપલાઈન પર ક્યારે બુલડોઝર ફેરવે છે.